આ નિર્ણયથી અમેરિકામાં નોકરી કે કાયમી વસવાટ કરવા ઈચ્છતા હજારો ભારતીય અરજદારોને મોટી અસર થશે. ખાસ કરીને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ, કૌટુંબિક ઈમિગ્રેશન અને એચ-૧બી વિઝા એક્સ્ટેંશનની અરજીઓમાં વધુ દસ્તાવેજો જરૂરી હોવાથી ભારતીયોની મુશ્કેલી વધશે. યુએસસીઆઈએસ એ સ્પષ્ટ કર્યું છે કે અરજદારોએ ફાઈલ કરતી વખતે જ પોતાની યોગ્યતા સંપૂર્ણપણે સાબિત કરવી પડશે. આ નવો નિયમ અગાઉની બાઇડન યુગની નીતિમાં સૌથી મોટો ફેરફાર લાવ્યો છે.

## શહેરભરમાં આરોગ્ય વિભાગની નાઈટ સ્ક્વોડ દ્વારા ખાણીપીણીની લારીઓ, સંસ્થાઓમાં તપાસ

**તમામ ઝોનમાં સામુહિક તપાસ, ૧૧૭૦ જગ્યાએ ચકાસણી-૩૭૬ કિલો અખાદ્ય ખોરાકનો નાશ : ૧૮૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત**

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬** સ્વાદપ્રિય સુરતની જનતા માટે શહેરમાં સ્ટ્રીટ ફૂડ હેતુ ઠેર-ઠેર સ્પોટ ડેવલપ થયા છે. સ્ટ્રીટ ફૂડની શોખીન શહેરની જનતાને આરોગ્યપ્રદ ભોજન મળી રહે, ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી સંસ્થાઓમાં આરોગ્યલક્ષી નિયમોનું પાલન થાય અને અખાદ્ય-બિનઆરોગ્યપ્રદ-વાસી પદાર્થોનું વેચાણ ન થાય તે હેતુથી આરોગ્ય કમિટીના અધ્યક્ષ અશોક રાંદેરીયા દ્વારા ગત બેઠકમાં આરોગ્ય વિભાગના ખાણીપીણીની લારીઓ, નાની સંસ્થાઓમાં નિયમિત તપાસ માટેની સૂચના આપી હતી. આ સૂચનાને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ગત રાત્રે વિવિધ ઝોન વિસ્તારોમાં સામુહિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આરોગ્યલક્ષી ચકાસણી ઉપરાંત સિંગલ યુઝ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ, સંગ્રહ કરનારા એકમો સામે પણ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરમાં ધમધમતા લારી-ગલ્લા અને રેસ્ટોરન્ટમાં નિયમિત ચેકીંગ કરવાની સૂચનાઓ અગાઉના આરોગ્ય સમિતિના ચેરમેનો દ્વારા આપવામાં આવી હતી. ખાસ કરીને રાત્રિના સમયે ચાલી રહેલી લારી-ગલ્લા પર ચેકીંગ કરવામાં આવે તેવી માંગ હતી. આરોગ્ય અધિકારી ડો. ઉમરીગરની સૂચનાથી ગત રાત્રિએ આરોગ્ય વિભાગની નાઈટ સ્ક્વોડ દ્વારા શહેરના વિવિધ ઝોનમાં હાથ ધરાયેલી માત્ર એક જ દિવસની સઘન ચેકિંગ ઝુંબેશ દરમિયાન જ લારી-ગલ્લા અને રેસ્ટોરન્ટ્સમાંથી ૩૭૬.૫ કિલો જેટલો અખાદ્ય ખોરાક ઝડપાયો હતો, જેને મનપાની ટીમે સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

સાથે સાથે સિંગલ યુઝ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કે સંગ્રહ કરતા વ્યાપારી એકમો સામે કાયદેસરની કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન નાઈટ સ્ક્વોડ દ્વારા કુલ ૧,૧૭૦ સંસ્થાઓમાં ચેક કરવામાં આવી હતી, જેમાં ૩૭૬.૫ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો હતો તેમજ ૧૮૨.૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયમભંગ કરનાર ૬૧૬ ઈસમોને દંડ કરવામાં આવ્યો હતો અને ૧૩૫ નોટિસ આપવાની સાથે કુલ રૂ. ૫,૭૮,૮૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગની નાઈટ સ્ક્વોડની ટીમો દ્વારા સેન્ટ્રલ ઝોનમાં નવસારી બજાર, બેગમપુરા, ગલેમંડિર અને ચોટાપુલ; વરાછા-એ ઝોનમાં વરાછા મેઈન રોડ, કોહીનુર, પુણા વિસ્તાર, બોમ્બે માર્કેટ વિસ્તાર; વરાછા-બી ઝોનમાં સરથાણા વિસ્તાર, રાંદેર ઝોનમાં અડાજણ પાટીયા, રાંદેર, પાલ, કતારગામ ઝોનમાં બાળાશ્રમ થી કતારગામ દરવાજા, અમરોલી ચાર રસ્તા થી છાપરાભાઠા રોડ; ઉધના-એ ઝોન માં ચોસઠ જોગણી માતા મંદિર થી રાયકા સર્કલ અને ઉધના દરવાજા થી ઝરવરનગર જંકશન; ઉધના-બી ઝોનમાં સનાબિલ થી સાતવલ્લા બ્રિજ અને રામેશ્વર નગર થી બરફ ફેક્ટરી સચીન બ્રિજ નીચે સુડા-૨, ૩; અઠવા ઝોનમાં વાય જંકશન થી મગદલ્લા ગામ, ધીરજ સન્સ સર્કલ થી સંગિની સર્કલ થઈ મહાવીર કોલેજ તથા લિંબાયત ઝોનમાં મુખ્ય વ્યાપારી અને ખાણી-પીણીના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## શહેરમાં એનાલોગ ચીઝ, પનીર, બટર ઉત્પાદન-વેચાણ, સંગ્રહ કરતા ૧૪ મોટા યુનિટો પર દરોડા

**૨૩૫ કિલો ચીઝનો જથ્થો નષ્ટ કરાયો : ફુડ વિભાગની ટીમો દ્વારા ત્રણ ઝોનમાં તપાસથી ફફડાટ : અન્ય ઝોનમાં પણ તપાસ શરૂ કરાશે**

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬** રાજ્ય સરકાર દ્વારા આજથી રાજ્યમાં એનાલોગ પનીર, એનાલોગ ચીઝ તથા એનાલોગ બટરના ઉત્પાદન, વેચાણ પર પ્રતિબંધનો નિયમ અમલી બનાવાયો છે. આ નિયમના અનુસંધાનમાં આજે આરોગ્ય અધિકારી ડો. ઉમરીગરની સૂચના અન્વયે મનપાના ફુડ વિભાગ દ્વારા અઠવા, રાંદેર અને ઉધના-એ ઝોનમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનો ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરતી સંસ્થાઓમાં તપાસ હાથ ધરી અંદાજે ૨૩૫ કિલો એનાલોગ ચીઝનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી હોટેલ, રેસ્ટોરન્ટ, ફુડ વ્હીકલ-લારીઓમાં પણ હવે સમાંતર તપાસ હાથ ધરવામાં આવશે.

મનપાના ફુડ વિભાગ દ્વારા ઘોડદોડ રોડ-વેસ્ટ સાઈટ કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં કાર્યરત ડી-૩, ડીલીસીયશ ડેરી ડીલાઈટ, અઠવા-ઢબુવાલા કમ્પાઉન્ડ સ્થિત હેન્સી એન્ટરપ્રાઈઝ, અંબાનગર-એમ.કે. પાર્ક સોસાયટી સ્થિત ભારકેશ ટ્રેડર્સ, સીટી લાઈટ સ્થિત નાકોડા ડેરી પ્રોડક્ટ, રૂપાલી નહેર-ભટાર સ્થિત ખન્ના ટ્રેડર્સ, સરસાણા ગામ સ્થિત યશ ડેરી પ્રોડક્ટ, પરમાનંદ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી-ખટોદરા સ્થિત જય ગાયત્રી ડેરી પ્રોડક્ટ, ઉધના ઉદ્યોગનગર સ્થિત ડીવડા ડેરી, ભમરોલી સ્થિત અમૃત મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ, ગોવર્ધનનગર-ભમરોલી સ્થિત વિકાસ પનીર સેન્ટર, ગોપાલનગર-ઉધના સ્થિત હિંગળાજ પનીર સેન્ટર, ઓમ કોમ્પલેક્ષ-ભમરોલી સ્થિત સીટી સેલ્સ એજન્સી, અડાજણ-સરોજ પાર્ક એપાર્ટમેન્ટ સ્થિત શ્રી જશરંગ ડેરી અને તાડવાડી-રાંદેર રોડ સ્થિત બાલાજી પનીર સપ્લાયરને ત્યાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વિવિધ સંસ્થાઓમાં સ્ટોર કરાયેલ ૨૩૫ કિલો એનાલોગ પનીરનો જથ્થો નષ્ટ કરવામાં આવ્યો છે.

## શહેરમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનું ઉત્પાદનકર્તા કરતાં સંગ્રહખોરો વધારે!

**એનાલોગ પનીર, ચીઝ, બટરના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર અવ્વલ, સુરત સહિત ગુજરાતમાં મોટાભાગનો જથ્થો મહારાષ્ટ્રમાંથી સપ્લાય થતો હોવાની માહિતી**

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬** થોડા સમય પૂર્વે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સુરત સહિત સમગ્ર રાજયમાં હોટેલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણીની દુકાનો-સંસ્થાઓમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનો ઉપયોગ થતો હોય તો તે અંગે અલાયદું બોર્ડ પ્રદર્શિત કરવા આદેશ જારી કરાયો હતો. જો કે, ખૂબ ઓછી સંસ્થાઓ દ્વારા આ નિયમનું પાલન કરાયું હતું. દૂધમાંથી બનતા પનીર, ચીઝ, બટરના ભાવની સરખામણીમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનો ભાવ ખૂબ જ ઓછો હોવાથી મોટી હોટેલ, રેસ્ટોરન્ટ સિવાય અન્ય ખાણીપીણીની સંસ્થાઓમાં મોટાભાગે એનાલોગ પનીર, ચીઝ, બટરનો જ ઉપયોગ થાય છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શહેરમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનું ઉત્પાદન કરનારી સંસ્થાઓ જુજ છે. મોટાભાગનો જથ્થો મહારાષ્ટ્રમાંથી સુરત સહિત ગુજરાતમાં આવે છે. મહારાષ્ટ્ર દ્વારા એનાલોગ પનીર, ચીઝ, બટરના ઉત્પાદન, વેચાણ પર પ્રતિબંધ મુકાતા ગુજરાત સરકારે પણ તેનું અનુકરણ કર્યું છે. સુરતમાં એનાલોગ પનીર, ચીઝ, બટરનો સંગ્રહ કરનારી ઘણી સંસ્થાઓ છે. જે ફક્ત સામાન્ય હેરફેરનું કામ મોટાપાયે કરે છે.

## મનપાના ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટને કામ ન કરવું હોય તો રાજીનામું મૂકી દેવા કમિ. નાગરાજનની ટકોર

**અમદાવાદ મનપાએ એક અઠવાડિયામાં ૩૪ લાખ રોપા, વૃક્ષો વાવવાનો રીપોર્ટ કર્યો, જયારે સુરત મનપામાં અભિયાન હેઠળ ૧૩ લાખ વૃક્ષોનું રોપાણ કરાયું છે**

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬** અર્બન ગ્રીનરી અભિયાન અન્વયે આગામી એક વર્ષમાં સુરત શહેરમાં ૫૦ લાખ નાના-મોટા વૃક્ષો, રોપાઓના રોપાણ માટેના રાજય સરકાર દ્વારા આપવામાં આવેલા લક્ષ્યાંક સામે સુરત મનપા દ્વારા અમદાવાદ અને રાજયની અન્ય કેટલીક મનપાઓની તુલનામાં સરેરાશ કામગીરી કરવામાં આવી હોવાથી મનપા કમિ. નાગરાજન આજે અધિકારીઓની બેઠકમાં બરાબરના અકળાયા હતા. વારંવારની સૂચના છતાં વૃક્ષારોપણ માટેનું આયોજનબદ્ધ કાર્યક્રમ નક્કી કરવામાં બેદરકારી બદલ ગાર્ડન સુપ્રિટેન્ડન્ટને મનપા કમિ.એ ખખડાવી મુક્યા હતા અને કામગીરી ન કરવી હોય તો, રાજીનામું મુકી દો, તેવી સ્પષ્ટ ટકોર કરી હતી.

મનપા કમિ. સામાન્ય રીતે બેઠકોમાં અકળાતા નથી પરંતુ, આજે શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી સાથેની બેઠકમાં અર્બન ગ્રીનરીનો મુદ્દો હોવાથી આ બેઠક પૂર્વે મનપા કમિ. દ્વારા તમામ ઝોન, વિભાગોના અધિકારીઓ સાથે હેલ્થ-એન્જીનિયરિંગની સાપ્તાહિક બેઠક યોજી હતી. આ બેઠકમાં અર્બન ગ્રીનરી અંતર્ગત થયેલ કામગીરીનો રીપોર્ટ ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ દ્વારા રજૂ કરાતા મનપા કમિ. રોષે ભરાયા હતા. અમદાવાદ મનપા દ્વારા ફક્ત એક જ અઠવાડિયામાં ૩૪ લાખ રોપા, વૃક્ષોનું રોપાણ કરવામાં આવ્યું હોવાનો આંકડો રજૂ કરાયો હતો. જયારે સુરત મનપા વિસ્તારમાં અર્બન ગ્રીનરી ઝુંબેશ અન્વયે ૧૩ લાખ રોપા, વૃક્ષોનું રોપાણ કરવામાં આવ્યું છે.

મનપા કમિ. દ્વારા સ્પષ્ટ રીતે ગાર્ડન વિભાગની કામગીરી સામે નારાજગી વ્યકત કરવામાં આવી હતી અને વારંવાર સૂચના છતાં પ્લાનિંગ થતું ન હોય, કામગીરી થતી ન હોય તો, નોકરીમાંથી રાજીનામું મુકવા સુધીની તાકીદ ગાર્ડન સુપ્રિ.ને કરી દીધી હતી.

*ડભારી બીચ પરથી પરત ફરતી વખતે*

## પાલનપોર પાટિયાના વેપારીનું અકસ્માતમાં મોત, મિત્રોને ઈજા

**દાંડી ફાટક નજીક ઓવરટેક કરવા જતાં બાઈક બસ સાથે ભટકાઈ : આદિત્ય કેશવાણીનું મોત, બે મિત્રો ઈજાગ્રસ્ત**

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬** ડભારી બીચ પરથી મિત્રો સાથે બાઈક પર પરત ફરતી વખતે દાંડી ફાટક નજીક બાઈક બસ સાથે અથડાતાં પાલનપુર પાટિયાના ૨૫ વર્ષીય વેપારી યુવકનું મોત થયું હતું. અકસ્માતમાં બે મિત્રોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. રક્ષાબંધન પહેલાં જ એકના એક ભાઈનું મોત થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાંદેર રોડ પાલનપુર પાટિયા ખાતે ૨૫ વર્ષીય આદિત્ય રમેશ કેસવાણી પરિવાર સાથે રહેતો હતો અને પાલનપુર પાટિયા વિસ્તારમાં જ રેડીમેડ કાપડની દુકાન ચલાવતો હતો. તે એકની એક બહેનનો ભાઈ હતો. તેના પિતા નાસિક ખાતે ધંધો કરે છે. બુધવારે સાંજે આદિત્ય તેના મિત્રો વિક્કી અને સુરેશ સાથે સુરતના ડભારી દરિયા કિનારે બીચ ખાતે ફરીને બાઈક પર પરત ઘરે જવા નીકળ્યા હતા. તે સમયે દાંડી ફાટક નજીક રીલાયન્સ ગોડાઉન સામે રોડ પુરપાટ હંકારતા બાઈક ચાલક સુરેશે કારને ઓવટેક કરતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. અને બાઈક બસ સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં આદિત્યનું ગંભીર ઈજાને પગલે મોત નિપજયું હતું. જયારે બે મિત્રો ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આગામી દિવસોમાં આવનારા ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમાન રક્ષાબંધનના પર્વ પહેલા જ ભાઈ આદિત્યનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. વધુમાં આદિત્યની સગાઈ થઈ ગઈ હોવાથી આગામી ડિસેમ્બર મહિનામાં પરિવારજનો તેના લગ્નની તારીખ લેવાના હતા. આ અંગે જહાંગીરપુરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ઉધનામાં ૧૦ દિવસ પહેલાં જ રોજગારી અર્થે આવેલા તરુણે જીવન ટૂંકાવ્યું

**રાજ સોનકરે ફાંસો ખાધો : રાજના માતા અને મોટા ભાઈએ પણ થોડા સમય પહેલાં આપઘાત કર્યો હતો**

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬** ઉધનાની વિજયાનગર સોસાયટીમાં કાકા સાથે રહેતા અને કલરકામ કરતા ૧૭ વર્ષીય તરુણએ ઘરે રહસ્મય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તરુણ ૧૦ દિવસ પહેલાં જ સુરત રોજીરોટી માટે આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશ ગોરખપુર જિલ્લાના વતની અને હાલ ઉધના વિસ્તારમાં આવેલ વિજયાનગર સોસાયટી વિભાગ-૨માં ૧૭ વર્ષીય રાજ રાજેશ સોનકર કાકા સાથે રહેતો હતો અને કલર કામ કરી વતનમાં રહેતા પિતાને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. રાજ ૧૦ દિવસ પહેલા જ વતનથી રોજીરોટી માટે સુરત આવ્યો હતો. તેના પિતા વતનમાં ખેતી કામ કરે છે. ગઈકાલે રાત્રે રાજે ઘરે પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક રાજના કાકાએ જણાવ્યું હતું કે રાજની માતાએ પણ આશરે ૨૦ વર્ષ પહેલા વતનમાં ફાંસો ખાઈ લીધો હતો. બાદમાં મોટાભાઈએ પણ બિહાર ખાતે કામના સ્થળે ફાંસો ખાઈ મોતને વહાલું કરી લીધું હતું. બાદમાં ગઈકાલે નાનાભાઈ રાજે પણ આ અંતિમ પગલું ભરી લીધું હતું. આ બનાવ અંગે વધુ આગળની તપાસ ઉધના પોલીસ કરી રહી છે.

## ભાઠેના ચાર રસ્તા પાસે કેમિકલ ભરેલો ટેમ્પો પલટી જતાં યુવકનું મોત

**સોનલ ઈન્ડસ્ટ્રીઝથી કેમિકલ ભરી ઉધના જતી વખતે સર્જાયો અકસ્માતઃ દબાઈ જવાથી પ્રવીણ પંડિતનું મોત**

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬** પાંડેસરા ખાતે રહેતા ૪૦ વર્ષીય યુવક ભાઈ સાથે ટેમ્પોમાં કેમિકલ ભરીને ઉધના જઈ રહ્યા હતા. આ દરમિયાન ભાઠેના ચાર રસ્તા પાસે ટેમ્પો પલટી જતાં નીચે દબાવાથી એકનું સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે ટેમ્પો ચાલકનો બચાવ થયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, પાંડેસરા વિસ્તારમાં આવેલ કર્મયોગી સોસાયટી વિભાગ-૨માં ૪૦ વર્ષીય પ્રવીણ શ્યામમુરારી પંડિત પરિવાર સાથે રહેતો હતો અને પ્રાઈવેટ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગઈકાલે સાંજે પ્રવીણ સગો ભાઈ હિતેન્દ્ર ઉર્ફે અજય સાથે સોનલ ઈન્ડસ્ટ્રીઝથી ટેમ્પોમાં કેમિકલ ભરી ઉધના સ્થિત ભરતનગર ખાતે ખાલી કરવા જતાં હતા. દરમિયાન હિતેન્દ્ર ઉર્ફે અજય ટેમ્પો ચલાવી રહ્યો હતો અને પ્રવીણ બાજુમાં બેઠો હતો. તે સમયે ભાઠેના ચાર રસ્તા પાસે જોગેશ્વરી વડાપાઉં નજીક ટેમ્પો પલટી જતા પ્રવીણભાઈ ટેમ્પો નીચે દબાઈ ગયા હતા. જેથી ગંભીર ઈજાને પગલે તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન પ્રવીણનું મોત થયું હતું. જયારે તેના ભાઈ હિતેન્દ્ર ઉર્ફે અજયનો આબાદ બચાવ થયો હતો. આ અંગે વધુ તપાસ ઉધના પોલીસ કરી રહી છે.



(તસવીર : મીતેશ બંગડીવાલા)

## સતીષ મરાઠાની હત્યા રાહુલ મંડલે જેલમાં બેઠા બેઠા કરાવી

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬** સૂર્યા મરાઠી હત્યા કેસના આરોપી અને માથાભારે સતીષ મરાઠાની પૂર્વઆયોજિત કાવતરા ભાગરૂપે ધારિયા-ચપ્પુના ઘા ઝીંકી કરપીણ હત્યા કરાઈ હતી. જૂની અદાવતમાં રચાયેલા આ ખૂની ખેલમાં સુરત ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્ર ભાગી રહેલા ૪ મુખ્ય આરોપી અને ૪ બાળકિશોરોને ઝડપી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મળતી માહિતી અનુસાર, તા.૫ ઓગસ્ટના રોજ સાંજે ભેસ્તાન સરસ્વતી આવાસ પાછળના મેદાનમાં સ્વિફ્ટ કારમાં મહિલા સાથે બેસી દારૂ પી રહેલા સૂર્યા મરાઠી હત્યા કાંડના આરોપી માથાભારે સતીષ ઉર્ફે સતીષ મરાઠા સુરેશભાઈ ધાગડે (ઉ.વ.૩૬ રહે.રામરાજ્ય સોસાયટી ગોડાદરા) નું લોકેશન મેળવી ત્રણ સ્કુટર પર હુમલાખોર આવ્યા હતા. જેમાંથી એક શખ્સે સતીષના ડ્રાઈવર સાઈડનો કાચ તોડી નાખતા તે ગુસ્સામાં કારમાંથી બહાર આવતા હુમલાખોરોએ ફાયરિંગ કરી, ધારિયા-ચપ્પુ વડે સતીષના બંને હાથ કાપીને તેની કરપીણ હત્યા કરી ભાગી ગયા હતા. ઘટના અંગે ભેસ્તાન પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. આ હત્યામાં સંડોવાયેલા આરોપીઓને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચ અને ભેસ્તાન પોલીસની અલગ અલગ ટીમો વર્ક આઉટમાં હતી. હુમલાખોરો મહારાષ્ટ્ર તરફ ભાગવાની ફિરાકમાં હોવાની બાતમી મળતાં સુરત ક્રાઈમ બ્રાન્ચ અને તાપી એલસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. સુરત-ધુલિયા હાઈવે પર નાકાબંધી કરી ઉચ્છલ વિસ્તારમાં બ્રિજ નીચેથી મહારાષ્ટ્ર ભાગી છૂટે તે પહેલાં જ મુખ્ય ૪ આરોપીઓ તથા ૪ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બે દેશી હાથ બનાવટી પિસ્તોલ, ખાલી મેગઝીન, દેશી તમંચો અને ત્રણ સ્કુટર કબજે કરી હતી. પોલીસ તપાસમાં જેલમાંથી છૂટેલા સૂર્યા મરાઠી હત્યા કેસના આરોપી સતીષ મરાઠાની કરપીણ હત્યા જૂની અદાવત અને વર્ચસ્વની લડાઈના કારણે કરાઈ બહાર આવ્યું છે. અગાઉ ગણેશ ખુંટીયા પર ચપ્પુ વડે હુમલો થયા બાદ લાજપોર જેલમાં ગુજસીટોકના ગુનામાં કેદ રાહુલ મંડલે પકડાયેલ આરોપી સન્ની સિરસાઠ સાથે મળી સતીષનો ખાતમો બોલાવવા મદદની ખાતરી આપી હતી. ઉપરાંત સતીષના માણસોએ અજિત ગોસ્વામી અને પકડાયેલ એક કિશોરના બનેવી પર પણ હુમલા કર્યા હતા. સતીષ મરાઠા અગાઉથી અદાવત રાખતો હોવાથી તે આપણી હત્યા કરી નાખશે તેવી દહેશતના કારણે આરોપીઓએ એકસંપ થઈ પૂર્વઆયોજિત કાવતરું રચી સતીષ મરાઠાને મોતને ઘાટ ઉતાર્યો હતો. પકડાયેલા આરોપીઓ કરણ ઉર્ફે પ્રિન્સ, કેતન ઉર્ફે સની, અજિત ઉર્ફે જસ્ટિન અને રાહુલ ઉર્ફે બટકો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમની સામે હત્યાની કોશિશ અને પ્રોહિબિશન સહિતના અનેક ગુના નોંધાયેલા છે. મૃતક સતીષ મરાઠા પોતે પણ ચકચારી સૂર્યા મરાઠી મર્ડર કેસ, કિન્નર પિંકીબા મર્ડર કેસ અને ડિંડોલીમાં અન્ય એક મર્ડર કેસ તેમજ ઈચ્છાપોરમાં હાફ મર્ડર જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હતો.

### પકડાયેલ આરોપીઓ

(૧) કેતન ઉર્ફે સન્ની સુધાકર સુરેશ સીરસાઠ (ઉ.વ.૧૯ રહે.ધ્રુવપાર્ક સોસાયટી ગોડાદરા મૂળ વતન મહારાષ્ટ્ર)
(૨) રાહુલ ઉર્ફે બટકો જગદેવભાઈ મુસારામ દુબે (ઉ.વ.૨૦ રહે.ગણેશનગર સોસાયટી પરવત પાટીયા મુળ વતન ઉત્તરપ્રદેશ)
(૩) કરણ ઉર્ફે પુદુલ હિરામણી રાજેન્દ્ર દુબે (ઉ.વ.૨૦ રહે. પ્રિયંકા સોસાયટી વિભાગ-૨ ગોડાદરા મુળ-ઉત્તરપ્રદેશ)
(૪) અજીત ઉર્ફે જસ્ટીન ભોલાભાઈ ગોસ્વામી (ઉ.વ.૨૬ રહે.જલારામ સોસાયટી ગોડાદરા મુળ-ઝારખંડ)
(૫) કાયદાનાં સંઘર્ષમાં આવેલ કૂલ ૦૪ બાળ કિશોર

### વોન્ટેડ આરોપીઓ

(૧) કાવતરૂ ઘડનાર મુખ્ય આરોપી રાહુલ સોમન મંડલ (રહે.સંતોષનગર લિંબાયત મુળ-બિહાર) (હાલ લાજપોર મધ્યસ્થ જેલમાં કેદ)
(૨) રાહુલ બબ્બન કાપુરે (રહે.સુડા આવાસ, પાંડેસરા મૂળ-મહારાષ્ટ્ર)
(૩) રીકુ

### મૃતકના શરીર પર ૮૦ જેટલા ઈજાના નિશાન મળ્યા

નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના વડા ડોક્ટર ચંદ્રેશ ટેલરે જણાવ્યું હતું કે, મૃતકના શરીર પરથી નાની મોટી ૭૦ થી ૮૦ જેટલા ઈજાના નિશાનો મળી આવ્યા છે. જ્યારે ગળુ કાપી નાખવાથી, શરીરે ગંભીર ઈજા થતાં લોહી વધુ નીકળી જતા તેનું મોત થયું હોવાની શક્યતા છે. ફાયરિંગની વાત વચ્ચે મૃતકના શરીરમાંથી કોઈ ગોળી મળી આવી નથી. મૃતકના માથાથી લઈને પગ સુધીના એક્સ-રે કર્યા હતા. પરંતુ ગોળીના નિશાનો મળ્યા નહતા. આ પીએમ સાડા ત્રણ કલાક ચાલ્યું હતું.

### સતીષ મરાઠા પર અગાઉ પણ હુમલો થયો હતો

આશરે દોઢેક મહિના પહેલા ગોડાદરા બ્રિજ નીચે આરોપીઓએ સતીષ મરાઠા પર મરચાની ભૂકી નાખીને હુમલો કર્યો હતો. જોકે, સતીશે પ્રતિકાર કર્યો હતો અને તેના માણસો તાત્કાલિક દોડી આવતાં તે સમયે તેનો આબાદ બચાવ થયો હતો.

**જૂની અદાવત અને વર્ચસ્વની લડાઈમાં પૂર્વઆયોજિત કાવતરું રચી હત્યા કરીઃ ક્રાઈમ બ્રાન્ચે ૪ આરોપી અને ૪ બાળ કિશોરને ઉચ્છલ બ્રિજ નીચેથી દબોચ્યા, પિસ્તોલ-તમંચો અને ૩ સ્કૂટર જપ્ત, ત્રણ વોન્ટેડ**

## છાપરાભાઠા ખાતે પટેલ ક્લિનિક નામથી દવાખાનું ચલાવતો બોગસ તબીબ ઝડપાયો

**યુપીવાસી સુજીત પટેલ ની ધરપકડ : એલોપેથી દવા અને સાધનો સહિત ૧૩.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો :**

**ધબકાર પ્રતિનિધિ, સુરત. તા.૦૬** અમરોલી પોલીસે છાપરાભાઠા ખાતે પટેલ ક્લિનિક નામથી દવાખાનુ ચલાવતા બોગસ તબીબને ઝડપી પાડી એલોપેથી દવા અને સાધનો સહિત કુલ રૂ. ૧૩.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અમરોલી પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ છાપરાભાઠા ચોકી સ્ટાફનાં પોસઈ એસ.એસ જસાણીને બાતમી મળી હતી કે યુ.પી નાં જોનપુર જિલ્લામાં આવેલી ડૉ. ઈસ્લામ નામની હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે ૩ વર્ષ સુધી નોકરી કરી અનુભવ આધારે તારવાડી છાપરાભાઠા ખાતે નોંધણી કે માન્ય લાયકાત વગેર ગેરકાયદેસર "પટેલ ક્લિનિક" નામથી દવાખાનું ચલાવી ડોક્ટરની પ્રેક્ટિસ કરી લોકોની જિંદગી સાથે ચેડા કરવામાં આવી રહ્યાં છે. જે આધારે ટીમ દ્વારા ગતરોજ સાંજે પટેલ કિલિનીક માં રેઈડ કરી બોગસ તબીબ સુજીત લલ્લારામ પટેલ (ઉ.વ. ૪૭, ધંધો. મેડિકલ, રહે. ૧૧૦, કાર્તિક નગર, છાપરાભાઠા, અમરોલી, સુરત. મૂળ વતન. રીકેબીપુર, થાના. નેવડીયા, જી. જોનપુર, યુપી) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા તેનાં કિલનિકમાંથી એલોપેથી દવા અને સાધનો સહિત કુલ રૂ. ૧૩.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કરી તેનાં વિરૂદ્ધ બી.એન.એસ ની કલમ ૧૨૫ તથા ધી ગુજરાત પ્રેકટીશનર એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૦ તથા ૩૫ અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરિયાદ સંદર્ભેની તપાસ પોસઈ એસ.એસ જસાણી કરી રહ્યાં છે.

## મનપાની આગામી નાટ્ય સ્પર્ધા કતારગામના 'ભારત રત્ન અટલ બિહારી વાજપેયી' ઓડિટોરિયમમાં યોજાશે

**ધબકાર પ્રતિનિધિ,સુરત,તા.૦૬** સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરની નાટ્ય પ્રતિભાઓને મંચ પૂરો પાડવા માટે વિતેલા ૫૨ વર્ષથી સતત 'સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા'નું આયોજન કરવામાં આવે છે. આ વખતે આ નાટ્ય સ્પર્ધાનું આયોજન કતારગામ સ્થિત નવનિર્મિત 'ભારત રત્ન અટલ બિહારી વાજપેયી' ઓડિટોરિયમમાં કરવામાં આવશે. આ નાટ્ય સ્પર્ધામાં પ્રવેશ અરજી માટે મનપા તંત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

સુરત શહેરની તમામ નાટ્ય સંસ્થાઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં જોડાવા માટેના પ્રવેશપત્રો ઓફિસ સમય દરમિયાન સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતેથી મેળવી શકાશે. આ ઉપરાંત મનપાની વેબસાઈટ www.suratmunicipal.gov.in/infromation/news પરથી પ્રેસનોટ, પ્રવેશપત્ર તેમજ નિયમો અંગેની તમામ વિગતો ડાઉનલોડ કરી શકાશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી રસ ધરાવતી સંસ્થાઓએ ભરેલા પ્રવેશપત્ર સાથે રૂ. ૩,૦૦૦/- ની ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) થી તેમજ નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તા. ૧૪/૦૮/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં મનપાના સાંસ્કૃતિક વિભાગ ખાતે ફરજિયાત જમા કરાવવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ અથવા અધુરી વિગતવાળા પ્રવેશપત્રો અમાન્ય ગણીને રદ કરવામાં આવશે.

નોંધનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી મનપા સંચાલિત નાટ્ય સ્પર્ધા વિવાદાસ્પદ બની રહી છે. જ્યુરી દ્વારા નાટ્ય સંસ્થાઓની અરજી માન્ય કરવા તથા ભજવેલા નાટકોમાંથી શ્રેષ્ઠ નાટકની પસંદગીમાં ભેદભાવ રાખવામાં આવતા હોવાની ફરિયાદો પણ ઉઠી હતી. તેથી તંત્ર દ્વારા આ વખતે નાટ્ય સ્પર્ધાના આયોજનથી ઈનામોની જાહેરાત સુધી તમામ તબક્કોમાં વિશેષ કાળજી માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

**છેલ્લા કેટલાક વર્ષોથી મનપાની નાટ્ય સ્પર્ધા વિવિધ કારણોસર વિવાદમાં સપડાતી રહી છે : સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા માટે પ્રવેશ અરજીઓ મેળવવાનું શરૂ**

## કતારગામના ચોરીના આરોપીનું કોર્ટમાં તબિયત લથડ્યા બાદ મોત

**નરેશભાઈ પરમારને પોલીસે માર માર્યાનો પરિજનોનો આક્ષેપ: શરીર પર બાહ્ય ઈજાના નિશાન નથી, પીએમ બાદ સાચું કારણ જાણી શકાશે**

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬** કતારગામ પોલીસે ચોરીના ગુનામાં રજૂ કરેલા ૩૩ વર્ષીય યુવકનું કોર્ટમાં તબિયત લથડ્યા બાદ મોત થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસે યુવકને માર માર્યાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વતની અને હાલ કામરેજ દાદા ભગવાન મંદિર પાસે મનોકામના સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષીય નરેશભાઈ મધુભાઈ પરમાર મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. કતારગામ પોલીસે ગુરુવારે બપોરે ચોરીના ગુના હેઠળ તેમને સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં અચાનક તેમની તબિયત લથડતા સારવાર માટે કોર્ટની મેડિકલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ૧૦૮ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકની બહેન રીનાબેને પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ત્રણ દિવસ પહેલાં કતારગામ પોલીસ દારૂના કેસમાં નરેશભાઈને ઉપાડી ગઈ હતી અને બાદમાં ચોરીનો આક્ષેપ મૂકી લોકઅપમાં ઢોર માર માર્યો હતો. તાવ આવતો હોવા છતાં દવા પણ આપવા દીધી નહોતી. કોર્ટમાં લાવતી વખતે તબિયત લથડવા છતાં પોલીસે તેને 'નાટક' ગણાવી જાહેર રોડ પર મારીને પોલીસ વાનમાં બેસાડી દીધા હતા. શ્વાસ ચડવાની ફરિયાદ છતાં સમયસર સારવાર ન આપતાં મોત થયાનો પરિવારે આક્ષેપ કર્યો છે. નવી સિવિલ હોસ્પિટલ ઇમરજન્સી વિભાગના મેડિકલ ઓફિસર ડો. ભરત ચાવડાએ જણાવ્યું હતું કે, મૃતકના શરીર પર બહારથી કોઈ ઈજાના નિશાન દેખાતા નથી. ફોરેન્સિક વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમ કરાયા બાદ જ મોતનું સાચું કારણ જાણી શકાશે. વધુમાં જાણવા મળ્યું હતું કે, મૃતકના પરિવારજનો નવી સિવિલ ટ્રોમા સેન્ટર ખાતે એક પોલીસકર્મીને જોઈ તેને મારવા દોડ્યા હતા. જો કે, તે પોલીસ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બાદમાં આ મામલે હોબાળો થયો હતો.




વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે કિરણ હોસ્પિટલ ખાતે સ્તનપાન જાગૃતિ ક્વિઝ યોજાઇ હતી.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે SHE Block ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૬**

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સુરત પીડિયાટ્રિક એસોસિએશન ચેરિટેબલ ટ્રસ્ટ, એડોલન્સ હેલ્થ એકેડમી અને એઓપીજીના સંયુક્ત ઉપક્રમે સુરતના SHE Block ખાતે સ્તનપાન અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ શહેરમાં ઉપલબ્ધ SHE Block વિશે માતાઓ અને સમાજમાં જાગૃતિ લાવવાનો હતો, જેથી ઘર બહાર નીકળતી માતાઓ પણ સ્વચ્છ, સુરક્ષિત અને ખાનગી વાતાવરણમાં પોતાના બાળકને નિ:સંકોચ સ્તનપાન કરાવી શકે.

આ પ્રસંગે ડો. કેતન ભરડવા, ડો. દીપા પટેલ, ડો. અશ્વિની શાહ, આરજે પ્રતીક્ષા, દિવ્ય બેબી ગર્ભસંસ્કાર એક્સપર્ટ ઋષિતા ખૂંટ તેમજ અનેક માતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન SHE Blockના ઉપયોગ, સ્તનપાનનું મહત્વ અને જાહેર સ્થળોએ સ્તનપાનને અનુકૂળ વાતાવરણ ઉભું કરવાની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

સુરત શહેરમાં હાલ કુલ ચાર SHE Block ઘોડદોડ રોડ, અડાજણ, સરસાણા ઝૂ અને વરાછા ખાતે કાર્યરત છે જેનો ખરીદી, મુસાફરી, હોસ્પિટલની મુલાકાત કે અન્ય કામસર ઘર બહાર નીકળતી અનેક માતાઓ લાભ લઈ રહી છે. આ અનોખો પ્રોજેક્ટ સુરત મહાપાલિકા અને આંગન આર્કિટેકના સહયોગથી સાકાર કરવામાં આવ્યો છે. માતા અને બાળકને અનુકૂળ જાહેર સુવિધા ઊભી કરીને સ્તનપાનને પ્રોત્સાહન આપવાની દિશામાં આ એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી પહેલ છે.




વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે SHE Block ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે કિરણ હોસ્પિટલ ખાતે સ્તનપાન જાગૃતિ ક્વિઝ યોજાઇ

## સુરત પીડિયાટ્રિક એસોસિયેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજન : શહેરની વિવિધ નર્સિંગ કોલેજોના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૬**

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સુરત પીડિયાટ્રિક એસોસિયેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કિરણ હોસ્પિટલ ખાતે સ્તનપાન જાગૃતિ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની વિવિધ નર્સિંગ કોલેજોના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ક્વિઝ પૂર્વે વિદ્યાર્થીઓને સ્તનપાનનું વૈજ્ઞાનિક મહત્વ, જન્મ પછીના પ્રથમ સુવર્ણ કલાકમાં સ્તનપાન શરૂ કરવાની આવશ્યકતા, પ્રથમ છ મહિના સુધી માત્ર માતાનું દૂધ આપવાના ફાયદા, બે વર્ષ કે તેથી વધુ સમય સુધી સ્તનપાન ચાલુ રાખવાની જરૂરિયાત તેમજ યોગ્ય સમયે પૂરક આહાર શરૂ કરવા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલી ક્વિઝ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

સુરત પીડિયાટ્રિક એસોસિયેશનના પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ બાળરોગ નિષ્ણાત ડો. સલીમ હિરાણીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષથી આ ક્વિઝ સ્પર્ધાનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં સ્તનપાન અંગે વૈજ્ઞાનિક સમજ વિકસાવવાનો છે, જેથી દરેક નવજાત બાળકને જન્મ પછીના પ્રથમ સુવર્ણ કલાકમાં માતાનું દૂધ મળી શકે. ડો. પ્રશાંત કારિયા, પ્રોફેસર અને હેડ ઓફ યુનિટ, બાળરોગ વિભાગ, કિરણ મેડિકલ કોલેજ, એ જણાવ્યું હતું કે પ્રથમ છ મહિના સુધી માત્ર માતાનું દૂધ આપવાથી બાળકમાં ડાયેરિયા, ન્યુમોનિયા સહિતના અનેક ચેપજન્ય રોગોનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટે છે. ઉપરાંત વિવિધ વૈજ્ઞાનિક અભ્યાસો અનુસાર સ્તનપાન કરનારા બાળકોની બુદ્ધિમત્તા (આઇ)માં સરેરાશ ૫થી ૮ પોઇન્ટ સુધીનો વધારો જોવા મળે છે. જે માતાઓને પોતાના બાળકની જરૂરિયાત કરતાં વધુ દૂધ આવે છે, તેઓ 'મા યશોદા' બની પોતાના વધારાના દૂધનું દાન કરીને અનેક અધૂરા મહિને જન્મેલા બાળકો તથા એનઆઇસીયુમાં દાખલ એવા નવજાત શિશુઓને જીવનદાન આપી શકે છે, જેમની માતાઓ કોઇ કારણસર પૂરતું દૂધ આપી શકતી નથી.

આ પ્રસંગે કિરણ હોસ્પિટલના ચેરમેન મથુર સવાણી, સુરત પીડિયાટ્રિક એસો.ના માનદ સચિવ ડો. અક્ષત ખેમકા સહિત નર્સિંગ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્તનપાન, માતાના દૂધના દાન તથા નવજાત શિશુના પોષણ અંગે વૈજ્ઞાનિક માહિતી મેળવી. અંતે વિજેતાઓને ઈનામો અર્પણ કરવામાં આવ્યા અને સમાજમાં સ્તનપાન તથા માતાના દૂધના દાન અંગે વધુમાં વધુ જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લેવાયો.

# વ્હાઈટ લોટસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિચારોત્તેજક શેરી નાટક સ્પર્ધા યોજાઇ




**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૫**

સુરતની વ્હાઇટ લોટસ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં સામાજિક જાગૃતિ લાવવાના ઉમદા આશયથી તાજેતરમાં એક અનોખી શેરી નાટક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ચારેય હાઉસના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનાત્મકતાના કામણ પાથર્યા હતા. છાત્રોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)ની દૈનિક જીવન પર થતી અસર, ઈન્ટરનેટના લાભાલાભ, મોબાઈલનો વિવેકપૂર્ણ ઉપયોગ અને ડિજિટલ યુગમાં પેઢીઓ વચ્ચે બદલાતા સંબંધો જેવા વર્તમાન સમયના સળગતા વિષયો પર સચોટ અભિનય અને પ્રભાવશાળી સંવાદો થકી શેરી નાટકો રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

ટેક્નોલોજીના સકારાત્મક અને નકારાત્મક પાસાઓને ઉજાગર કરતી આ શાનદાર પ્રસ્તુતિઓએ સમાજમાં એક સાર્થક સંદેશ વહેતો કર્યો હતો. આ પ્રસંગે શાળાનાં આચાર્યા સુશ્રી પૂર્વિકા સોલંકીએ જણાવ્યું હતું કે, શેરી નાટક જેવી અનુભવ આધારિત પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સામાજિક મુદ્દાઓ પર ગંભીરતાથી વિચારવા પ્રેરિત કરે છે. તેનાથી છાત્રોમાં મંચ પરનો આત્મવિશ્વાસ, સંવેદનશીલતા, નેતૃત્વ ક્ષમતા અને સંચાર કૌશલ્યનો બખૂબી વિકાસ થાય છે. આ સુંદર આયોજન થકી વિદ્યાર્થીઓને આધુનિક યુગના પડકારોનો સામનો કરી ભવિષ્યના જાગૃત અને જવાબદાર નાગરિક બનવા માટેની ઉત્તમ પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

# કલિયુગમાં ભોગની ભૂતાવળ વચ્ચે યોગની સાધના કરનારા મહાત્માઓ વિરલ હોય છે : પૂ. પદ્મદર્શનસૂરિજી

## શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીમાં સત્સંગ સભા યોજાઇ

**ભીવંડી, તા. ૦૬**



શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડી ખાતે આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શન સૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં પ્રેમ-ભુવનભાનુ સૂરિજી સમુદાયના દીક્ષાદાનેશ્વરી, ૪૫૧ રજોહરણનું દાન કરનારા પૂ.આ.શ્રી. ગુણરત્નસૂરિજી મહારાજાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું. આ પાવન પ્રસંગે સમુહ સામાયિકનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. વિરાટ માનવ મેદની સમક્ષ પૂ.આ. પ્રવર શ્રી પદ્મદર્શન સૂરિજી મહારાજે ગુણોત્કીર્તન કરતાં કહ્યું હતું કે, વાણીમાં વહાલપ વરસાવી વૈરાગ્યનો રસ ઘૂંટનારા મહાપુરુષો બહુ ઓછા હોય છે. કલિયુગમાં ભોગની ભૂતાવળ વચ્ચે યોગની સાધના કરનારા મહાત્માઓ વિરલ હોય છે. આરાધના, અધ્યયન અને અંતર્મુખતા જેવા ગજબનાક ગુણોથી ઝંકૃત એટલે પૂ. આ.શ્રી ગુણરત્ન સૂરિજી મહારાજા. સંયમ, સેવા, સ્વાધ્યાય અને ગુરુ સમર્પણનો સરવાળો એટલે પૂ.આ.શ્રી ગુણરત્ન સૂરિજી મહારાજા. ૪૫૧ શ્રમણ-શ્રમણી ભગવંતો જ્યાં વિસામો લેતા હતા એવું વિરાટ વટવૃક્ષ એટલે પૂ. આ. ગુણરત્ન સૂરિજી મહારાજા. ટી.વી., ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાની ભોગવાદી ભૂતાવળોની વચ્ચે 'વેલ એજ્યુકેટેડ' યુવક-યુવતીઓને સંયમનું દાન કરવામાં પૂજ્યશ્રી અગ્રેસર હતા. ૪૫૧ દીક્ષાઓમાં ૯૦ ટકા તો યંગ જનરેશન હતું.

મુંબઈમાં ૯૧ વર્ષ પૂર્વે સિનેસ્ટાર શશીકપુર સાથે એક જ બેન્ચ ઉપર બેસીને ચાર વર્ષ સુધી વ્યવહારિક અભ્યાસ પૂજ્યશ્રીએ કર્યો હતો. ૭૧ વર્ષ પૂર્વે સંયમ જીવનનો સ્વીકાર મુંબઈમાં પૂ. આ. પ્રેમસૂરિદાદા પાસે કર્યો હતો. સંયમનો સ્વીકાર કર્યા બાદ ન્યાય, વ્યાકરણ, કર્મસાહિત્ય અને આગમ શાસ્ત્રોમાં પારંગત બન્યા હતા. જૈન દર્શનના કર્મવાદના ગહન સિદ્ધાંતોની માસ્ટરી મેળવી હતી. ૬૦ હજાર શ્લોક પ્રમાણ પ્રાકૃત-સંસ્કૃત ગ્રન્થોનું સર્જન કર્યું હતું. 'અરિહંત' અને 'મોક્ષ' શબ્દને પૂજ્યશ્રીએ જીવન પર્યન્ત ઘૂંટ્યો હતો. આચાર ક્ષેત્રે પૂજ્યશ્રી એકદમ કટ્ટર હતા. પિંડવાડામાં પૂ. આ.શ્રી પ્રેમસૂરિ દાદાની નિશ્રામાં ૧૪ વર્ષ સુધી જ્ઞાનયજ્ઞમાં માથું પણ ઊંચું કર્યા વિના શાસ્ત્ર સંશોધન અને સર્જનનું કાર્ય કર્યું હતું. આંખે ઊડીને વળગે એવા ઉપધાનો, ચાતુર્માસો, યુવા શિબિરો, છરી પાલિત સંઘો, અંજન શલાકા-પ્રતિષ્ઠા જેવા અઢળક શાસન પ્રભાવનાના કાર્યો પૂજ્યશ્રીએ કર્યા હતા.

# ધારૂકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવ યોજાયો

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૬**




વરાછા રોડ સ્થિત શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શૈ.વર્ષ- ૨૦૨૬-૨૭ માં પ્રથમ વર્ષ એમ.એ. ગુજરાતી અને અર્થશાસ્ત્રમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓ માટે પ્રવેશોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રવેશોત્સવનું કોલેજના આચાર્ય ડો. દિલીપ એલ. વરસાણી, સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થિનીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી આચાર્ય ડો. દિલીપ એલ. વરસાણીએ વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઓ પાઠવી, જીવનમાં પ્રગતિ કરવાની શીખ આપી હતી. તે સાથે જ અનિષ્ટોથી દૂર રહેવા સમજાવ્યું હતું આ ઉપરાંત સંસ્થાનો પરિચય આપી કોલેજ દ્વારા થતી વિવિધ સાંસ્કૃતિક-સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ કૌશલ્યનો વિકાસ પર સમજણ પૂરી પાડી હતી. આ કાર્યક્રમનું સંકલન ડો. ઓમપ્રકાશ પુરોહિતે અને સંચાલન ડો. બી.સી.બરુવાલાએ કર્યું હતું.

# ઝુલેલાલ સિંધ સેવાયાત્રા સમિતિ ટ્રસ્ટ દ્વારા મહા રકતદાન શિબિરનું આયોજન

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૬**

પૂજ સુરત સિંધી સમાજના સેવાદારી સભ્ય મુરલીઘર લીલાણીએ એક યાદીમાં જણાવેલ છે કે, ઝુલેલાલ સિન્ધુ સેવા યાત્રા સમિટિ ટ્રસ્ટ સાથે મહાલક્ષ્મી વિશ્વ શકિત ઘામ, અડાજણ દ્વારા તા. ૯ને રવિવારે સવારે ૧૦:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા દરમિયાન સિંધુ સેવા સમિતિ સ્કુલ, આનંદ મહલ રોડ, અડાજણ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરાયું છે.

પ્રમુખ ત્રિલોક થડાણીએ જણાવેલ છે કે રકતદાન સાથે ચા-નાસ્તાની વ્યવસ્થા સાથે પ્રશંસાપત્ર ગિફ્ટ પણ આપવામાં આવશે. રકતદાન કરનારે હરિશ થડાણીને મો. નં. ૯૩૭૬૧ ૬૩૦૬૬ પર નામ નોધાવા વિનંતી કરાઇ છે.

## જાહેર ચેતવણી



આથી આ જાહેર ચેતવણીથી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે, મારા અસીલ **ઘર્મેશભાઈ ઉર્ફે રાવણ કાળુભાઈ કાછડીયા,** ઉ.આ.વ.૩૭, ધંધો : હિરા, ધર્મે : હિન્દુ, કાયમી રહે. સુરતનાઓ વતિ જાહેર કરીએ છીએ કે, મારા અસીલ તેમના પરીવાર સાથે જન્મથી સુરત મુકામે વસવાટ કરતા ચાલ આવેલ, હાલ મારા અસીલ પરીવાર સાથે વસવાટ કરતા નથી, સ્વતંત્ર એકલા સ્વૈછાએ જીંદગી વિતાવતા ચાલી આવેલ છે, મારા અસીલ છેલ્લા ૧૫ વર્ષ ઉપરાંતથી હિરા ના ધંધા સાથે સંકળાયેલ છે, અન્ય કોઈ ધંધા સાથે સંકળાયેલ નથી, મારા અસીલ છેલ્લા ઘણા વર્ષોથી ઓનલાઈન બર્ટીંગ/જુગાર રમવાની ટેવ હોય, જે હાલ ઘણા સમયથી બંધ કરી દીધેલ છે, તેમજ મારા અસીલની ચાલી આવેલ ખરાબ ટેવ ના નાતે તેમણે તેમના પરીવારજનોએ ઘણું બધુ નુકશાન વેઠવાનો વારો આવેલ હોય, અને મારા અસીલની સાથે તેમના પરીવારજનો પણ વસવાટ કરતા ન હોય, અને તેમની મિલકત માથી મારા અસીલને બેદખલ કરેલ હોય, અને મારા અસીલને જે.એમ.ડી. ઓનલાઈન બુક સાથે પણ કોઈપણ પ્રકારનો સબંધ નથી, તેમજ જે.એમ.ડી. સાથે મારા અસીલને સીધી કે આડકતરી રીતે કોઈ સબંધ નથી. તેથી તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**સુરત, તા. ૦૭/૦૮/૨૦૨૬**
**મારા અસીલની સુચનાથી**
**ધર્મેશભાઈ ઉર્ફે રાવણ કાળુભાઈ કાછડીયા**

**મારી મારફત : કેયુર ડાંખરા**
**તે ધર્મેશભાઈ ઉર્ફે રાવણ કાળુભાઈ કાછડીયાના એડવોકેટ**

## જાહેર નોટીસ

આથી આ નોટીસથી લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૩ હેઠળ પેટા-નિયમ સુધારા માટે એકતા નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિમિટેડ ઠે.૨૭૬, વલ્લભ નિવાસ, નવા બજાર, બસ સ્ટેશનની સામે, ચલથાણ તા.પલસાણા જી.સુરતના પેટાનિયમ સુધારાની દરખાસ્ત તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ મળેલ છે. જેમાં મંડળીનું જુનુ કાર્યક્ષેત્ર ચલથાણ ગામ પુરતું મર્યાદિત હતું. જેમાં સુધારો કરી મંડળીનું નવું કાર્યક્ષેત્ર : ચલથાણ, કડોદરા, વાંકાનેર, બલેશ્વર, કરણ, પલસાણા, તલોદરા, એરથાણ, અંત્રોલી, તાંતી-વડદલ્લા, વરેલી, હરિપુરા ગામો પુરતું મર્યાદિત રહેશે. તો આ મંડળીની પેટાનિયમ સુધારા અંગે લાગતા વળગતા પૈકી જેમને પણ વાંધો હોય તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં લેખિત કારણો સહિત નીચે સહી કરનારને રજુઆત કરવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં રજુઆત કરવામાં નહી આવે તો મંડળીના પેટા નિયમ સુધારા સામે કોઈ રજુઆત નથી. તેમ માની કેસના ગુણદોષના આધારે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

**સ્થળ : સુરત**
તા.૩૦/૦૭/૨૦૨૬

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ★ સુરત ★

**e-sign**
(એચ.ડી. કાછડ)
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,સુરત

આજરોજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કર્યુ.
કચેરીનું સરનામું : જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતની કચેરી, 'એ' બ્લોક, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫૦૦૧ ફોન નં.૦૨૬૧-૨૬૬૫૦૫૧

## જાહેર નોટીસ

**એમ.પી.પટેલ, મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સુરત શહેર, અડાજણની કોર્ટમાં**

**વાદી : પુરણ દમર સાઉડ** — **નં.જ.મ.પ્ર/એસ.આર.નં.૮૮/૨૦૨૬**
**રહે. : ૧૨૯, સંધ્યાવદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, તા.અડાજણ, જિ.સુરત** — **તા. ૨૩/૦૭/૨૦૨૬**

**વિરૂદ્ધ**

**પ્રતિવાદી : જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગરપાલિકા સુરત**

**વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.**

**આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પુરણ દમર સાઉડ રહે. ૧૨૯, સંધ્યાવદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, તા.અડાજણ, જિ.સુરતનાઓના પુત્ર સિઝલ પુરણ સાઉડનો જન્મ તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ ૧૨૯, સંધ્યાવદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, તા.અડાજણ, જિ.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇપણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા-વળગતાં ઇસમોએ નોંધ લેવી.**

**આજ રોજ તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.**

**(એમ.પી. પટેલ)**
**મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**સુરત શહેર, અડાજણ**

**Bandhan Bank** | **રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫**

## બાકીદારો માટે માંગણાની નોટિસ

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂા.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| અમિતભાઈ કિશોરભાઈ પાલા શ્રીમતી રિંકલબેન અમિતભાઈ પાલા ૨૦૦૦૩૦૭૦૦૦૫૩૬૧ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે વિસ્તાર– ૪૨.૭૫ ચો.મી., સી એસ નંબર .૨૦૫ નો ટિક્કા નંબર ૧૯, ફ્લેટ નંબર ૪૦૨ મ્યુનિસિપલ વોર્ડ નંબર ૧, ઘર નંબર ૧૬૩૩/૪૦૨, ચોથો માળ, ઉમા એપાર્ટમેન્ટ, તાશકંદ નગર વિસ્તાર, નવસારી. તાલુકોઃ નવસારી, જિલ્લોઃ નવસારી, ગુજરાત – ૩૯૬૪૪૫ જે આવરિત છેઃ ઉત્તરઃ ખુલ્લો રસ્તો, પૂર્વઃ પેસેજ અને ફ્લેટ નંબર ૪૦૧, પશ્ચિમઃ ડાબી બાજુની માર્જિન જમીન પછી પ્લોટ નંબર ૪૬, દક્ષિણઃ ફ્લેટ નંબર ૪૦૩ | જૂન ૨૪, ૨૦૨૬/ એપ્રિલ ૦૫, ૨૦૨૬ | રૂ. ૨,૦૮,૬૬૧.૩૭ (જૂન ૧૯, ૨૦૨૬ ના રોજ) | જુલાઈ ૨૨, ૨૦૨૬ |
| ભૂષણ દત્તુભાઈ સૂર્યવંશી રત્નાબેન દત્તુભાઈ સૂર્યવંશી રામેશ્વર ધનરાજ દેઓરે (જામીનદાર) ૨૦૦૦૩૧૪૦૦૦૨૮૧૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે ૪૦.૧૫ ચો.મી. વિસ્તાર ધરાવતું મિલકત એકમ, સાથે નીચેની જમીનમાં ૨૧.૨૦ ચો.મી.નો અવિભાજિત હિસ્સો; પ્લોટ નંબર ૫૪ (કેજેપી બ્લોક નંબર ૩૬૯/૫૪ મુજબ), રાહી ટાઉનશિપ વિભાગ–૧, ગામ–કરેલી, તાલુકો–પલસાણા, જિલ્લો–સુરત (પિન કોડઃ ૩૯૪૩૧૦) ખાતે આવેલી રેવન્યુ સર્વે નંબર ૩૫૨, ૩૫૩, ૩૫૪ અને બ્લોક નંબર ૩૬૯ વાળી જમીન જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નંબર ૫૫, પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નંબર ૭૫, દક્ષિણઃ પ્લોટ નંબર ૫૩ | મે ૨૬, ૨૦૨૬/ મે ૦૬, ૨૦૨૬ | રૂ.૭,૩૧,૮૯૩.૬૭ (મે ૧૧, ૨૦૨૬ ના રોજ) | જુલાઈ ૧૦, ૨૦૨૬ |
| વિજય કિરીટભાઈ માલવિયા મયુરીબેન વિજયભાઈ માલવિયા સૂર્યકાંત જી સાંગાણી (જામીનદાર) ૨૦૦૦૩૧૪૦૦૦૩૦૭૦ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે બિલ્ટ અપ એરિયા ૩૯.૮૦ ચો.મીટર, બ્લોક નં.૩૦૩૭, ફ્લેટ નં. ૫૦૩, પાંચ મો માળ, બિલ્ડીંગ નં.ડી–૨ એઝ પરસાઇટ–ઓપેરા પેલેસ–ગામ–ખોલવડ, તાલુકો–કામરેજ, જિલ્લો.–સુરત, ૩૯૪૧૯૦ જે આવરિત છેઃ ઉત્તરઃ સોસાયટી રોડ, પૂર્વઃ મકાન નં.૩, પશ્ચિમઃ મકાન નં.૧, દક્ષિણઃ મકાન નં.૨ | મે ૨૬, ૨૦૨૬/ મે ૦૬, ૨૦૨૬ | રૂ.૯,૬૨,૦૮૫.૪૬ (મે ૧૧, ૨૦૨૬ ના રોજ) | જુલાઈ ૧૩, ૨૦૨૬ |
| ચેતનભાઈ હસમુખભાઈ પાંચાણી ગીતાબેન હસમુખભાઈ પાંચાણી હસમુખભાઈ સવજીભાઈ પાંચાણી કપિલ ધીરુભાઈ રામાણી (જામીનદાર) ગૌરવકુમાર નરશીભાઈ ઝાલા (જામીનદાર) ૨૦૦૦૩૧૮૦૦૦૦૦૫૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે ફ્લેટ નં.સી ૩૦૧, બ્લોક નં.૩૦૩/સી, પહેલો માળ, સર્વે નંબર ૨૯૯/૧, શ્રી પૂજન રેસીડેન્સી, પાણીની ટાંકી પાસે, યોગી ચોક, પુના ગામ, ચોરાસી, સુરત,ગુજરાત,૩૯૫૦૧૦ જે આવરિત છેઃ ઉત્તરઃ યોજના મુજબ, પૂર્વઃ યોજના મુજબ, પશ્ચિમઃ યોજના મુજબ, દક્ષિણઃ યોજના મુજબ | જૂન ૨૭, ૨૦૨૬/ જૂન૦૩, ૨૦૨૬ | રૂ. ૧૪,૮૭,૫૩૩.૩૬ (જૂન ૧૯, ૨૦૨૬ના રોજ) | ઓગસ્ટ ૦૪, ૨૦૨૬ |
| પ્રદીપ કુમાર નિષાદ લીલાવતી પ્રદીપ કુમાર નિષાદ ૯૦૦૦૧૪૬૬૯૪૦૧૮ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે પ્લોટ નંબર ૫૨૧, મહેક રેસીડેન્સી–૨, બ્લોક નંબર ૨૮૫, ગામ, સિવણ જિલ્લોઃ ઓલપાડ, સુરત, ગુજરાત– ૩૯૪૧૩૦, વિસ્તાર– ૪૦.૧૮ ચો. મીટર જે આવરિત છેઃ ઉઉત્તરઃ પ્લોટ. નંબર ૫૧૨, પૂર્વઃ પ્લોટ. નંબર ૫૨૨, પશ્ચિમઃ પ્લોટ. નંબર ૫૨૦, દક્ષિણઃ સોસાયટીનો આંતરિક માર્ગ | જૂન ૩૦, ૨૦૨૬/ જૂન ૦૩, ૨૦૨૬ | રૂ. ૧૦,૦૫,૧૭૩.૨૪ (જૂન ૧૯, ૨૦૨૬ ના રોજ) | જુલાઈ ૨૭, ૨૦૨૬ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થળઃ સુરત**
**તારીખઃ ઓગસ્ટ ૦૭, ૨૦૨૬**

**અધિકૃત અધિકારી**
**બંધન બેંક લિમિટેડ**

## IDEAL TECHNOPLAST INDUSTRIES LIMITED

**CIN:** L22203GJ2023PLC146444
**Registered Office:** Plot No. 1 to 4 and 75 to 81, Block No. 572 & 571/B, Madhav Industrial Estate Olpad–Sayan Road, Surat – 394540, India **E-mail:** enquiry@idealtechnoplast.com **Phone:** 9898506408

### NOTICE REGARDING 03RD ANNUAL GENERAL MEETING AND INFORMATION ABOUT E-VOTING

**NOTICE** is hereby given that the 03rd Annual General Meeting ('AGM') of the Members of the Company will be held on Monday, 31/08/2026 at 04:00 P.M (IST) at Registered Office of the Company situated at Plot No. 1 to 4 and 75 to 81, Block No. 572 & 571/B, Madhav Industrial Estate, Olpad–Sayan Road, Surat – 394540, India through Video Conferencing (VC) / Other Audio Visual Means (OAVM) to transact the businesses set out in the Notice dated 07/08/2026 of 03rd AGM, in compliance with the applicable provisions of the Companies Act, 2013 ("Act") and Rules framed thereunder.

Pursuant to Section 108 of the Act read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 (as amended) and Regulation 44 of SEBI LODR Regulations the Company has engaged services of M/s. Bigshare Services Private Limited ("Bigshare") to provide facility of remote e-voting to its Members to cast their vote electronically on the resolutions as set out in the Notice of 03rd AGM of the Company.

Remote e-voting period commences on Friday, 28/08/2026 at 9.00 A.M. (IST) and ends on Sunday, 30/08/2026 at 5.00 P.M. (IST). During this period, Members of the Company holding shares, as on the cut-off date i.e. Monday, 24/08/2026 may cast their votes electronically through remote e-voting system. Remote e-voting module shall be disabled by Bigshare for voting thereafter. Those Members, who will be present in the AGM and had not cast their votes on the resolutions through remote e-voting, shall be eligible to vote during the AGM through ballot paper. Members whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting in the general meeting. Members who have cast their vote by remote e-voting prior to the AGM may attend/participate in the AGM but shall not be entitled to cast their vote again. Any person who is not a Member as on the cut-off date should treat this Notice for information purposes only. Members may also note that the Notice of the Annual General Meeting will be available on the Company's website http://idealtechnoplasts.com/, Bigshare Website https://ivote.bigshareonline.com/notice-result-live and NSE website www.nseindia.com. for their download. In case a person has become a Member of the Company after dispatch of Notice of AGM but on or before the cut-off date for e-voting, he/she may obtain the User ID and password for remote e-voting in the manner as mentioned in the Notice of AGM.

Members may contact the below mentioned person for any grievances connected with facility for voting by electronic means;
**Name and Designation –** Ms. Neha Shaw, Company Secretary & Compliance Officer
**Address** - Plot No. 1 to 4 and 75 to 81, Block No. 572 & 571/B, Madhav Industrial Estate, Olpad–Sayan Road, Surat – 394540, India
**Email I'd and Contact –** cs@idealtechnoplast.com and +919582132618

The detailed instructions for the remote e-voting process is given in the Notice of the AGM.

**Special Business:**

The Board of Directors, at its meeting held on 05/08/2026, has recommended for the approval of Shareholders at the ensuing AGM:

1. An **increase in the Authorised Share Capital** of the Company from 5,00,00,000/- (Rupees Five Crore Only) divided into 50,00,000 (Fifty Lakh) Equity Shares of ₹ 10/- (Rupees Ten Only) each to ₹ 12,00,00,000/- (Rupees Twelve Crore Only) divided into 1,20,00,000 (One Crore Twenty Lakh) Equity Shares of ₹ 10/- (Rupees Ten Only) each,, along with the consequential alteration of Clause V of the Memorandum of Association (MOA).

2. The **issue of Bonus Equity Shares** in the ratio of **1:1** (i.e., **1 (One)** new fully paid-up Equity Share of **₹ 10/-** each for every **1 (One)** existing fully paid-up Equity Share of **₹ 10/-** each held as on the Record Date to be fixed for this purpose) through the capitalization of Free Reserves. Ranking: The Bonus Shares so issued shall rank pari passu in all respects with the existing fully paid up Equity Shares of the Company, including entitlement to dividend. Fractional Entitlements: No fractional shares shall be issued. Fractional entitlements, if any, will be aggregated into whole shares, allotted to a trustee nominated by the Board, sold in the market, and the net proceeds will be distributed proportionately among the entitled members. Dematerialisation: The Bonus Shares shall be allotted in dematerialized form only within the timelines prescribed by SEBI guidelines.

The Company has appointed Ms. Madhuri Pandey, Practicing Company Secretary (CoP. No.: 20723), as Scrutinizer to conduct remote e-voting process in a fair and transparent manner.

Those Members whose e-mail ids and mobile numbers are not registered with the Company/DP are requested to update the said details for obtaining login credentials for remote e-voting as per following instructions:

1. *For Physical shareholders*- You are requested to send the mail to our RTA M/s Bigshare Services Private Limited at Unlisted@bigshareonline.com.
2. *For Demat shareholders*- Please contact your DP and register your email address in your demat account, as per the process advised by your DP.

The e-voting results along with the Report of Scrutinizer shall be uploaded on the website of the Company immediately after the declaration of results by the Chairman or any other person authorized by him in writing.

Members having any query or issues regarding e-voting from the Bigshare e-voting system, may refer the Frequently Asked Questions ("FAQs") and i-Vote e-Voting module available at https://ivote.bigshareonline.com, under download section or you can email to ivote@bigshareonline.com or call at: 022-62638338.

By order of the Board of Directors
For **Ideal Technoplast Industries Limited**
**Sd/-**
**Prafulkumar Karsanbhai Vaghasiya**
**Chairman / Director / DIN: 10402567**

Place: Surat
Date: 06/08/2026

# સરકારી અધિકારીઓ જ વેપારીઓને અને સરકારને છેતરે છે....

આમ તો છેતરપિંડી ભારતની ઓળખ બની ગઈ છે. એ સાધારણ માણસોની છેતરપિંડી તો છે જ, પણ ગુજરાતમાં સરકારી અધિકારીઓ સરકારનું ખાઈને કેવી રીતે સરકારનું ખોદે છે અને સામાન્ય પ્રજાને આડેધડ વેતરી નાખે છે, તેની શરમજનક વાતો જાહેર થઈ છે. ગયા એપ્રિલમાં સેન્ટ્રલ GSTના એક ઉચ્ચ અધિકારી, ૨૦ લાખની લાંચ લેતાં પકડાયેલા. GST એવો કૂવો છે કે કોઈ અધિકારી એમાંથી ઉલેચવા જાય તો હાથ ખાલી ન રહે. અત્યંત વેપારીઓ માટે ત્રાસદાયક છે, પણ અધિકારીઓને તો તે દૂધ દેતી ગાય જ છે.

એક અખબારમાં ગુજરાતના અધિકારીઓની બદમાશીની જે વિગતો બહાર આવી છે તે સ્ફોટક અને આઘાતજનક છે. આ કામ સરકારના જ માણસો સરકારને નામે વેપારીઓને છેતરીને સિફતથી કરી લે છે. અમદાવાદના ટેક્સટાઇલ, સ્ક્રેપ અને કેમિકલ સેક્ટરના વેપારીઓ કુદરતી આફતથી નથી ડરતા, એટલું સરકારના GST અધિકારીઓથી ડરે છે. આ ડર કોઈ માથાભારે તત્ત્વોએ ઊભો કર્યો છે એવું નથી. આ ડર સરકારી અધિકારીઓ દ્વારા વેપારીઓ પર ઊભો કરાયો છે. જેમણે સરકારની તિજોરીઓ ભરવાની છે, તે વેપારીઓની તિજોરી ખાલી કરીને, સરકારને નામે, પોતાનું તળિયું ટાઢું કરી લે છે. GST વિભાગના જ કેટલાક ભ્રષ્ટ અને તોડબાજ અધિકારીઓ કોઈ ફિલ્મની જેમ નકલી રેડ પાડે છે અને પછી લાખો રૂપિયાનો તોડ કરે છે. ગુજરાતની ઓળખ વેપાર ઉદ્યોગ છે. GSTના રાજ્ય કક્ષાના કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓની પરસ્પર સમજૂતીથી તોડપાડ નેટવર્ક ચાલી રહ્યું હોવાના સમાચાર છે. આ કૌભાંડ એકાદ હજાર કે લાખેકની આસપાસનું જ નથી, તે લાખો-કરોડોમાં ખેલાય છે.

વેપારીને પહેલાં તો સમન્સ મળે છે ને સાથે જ વેપારીને ડરાવવા, ધમકાવવા, ખંખેરવાની રમતો શરૂ થાય છે. એની કેટલીય ફરિયાદો PM અને CM સુધી પહોંચી છે. આ ખાલી એક કાનેથી સાંભળીને બીજે કાનેથી કાઢી નાખવા જેવી વાત નથી, પણ એક નક્કર હકીકત છે. CM, PM સુધી પહોંચેલી ફરિયાદમાં લાલ બત્તીઓવાળી ગાડીમાં ફરતા અધિકારીઓનાં નામ પણ જોડવામાં આવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ તોડપાડુ અધિકારીઓની મોડસ ઓપરેન્ડી ડેવેલોપ થઇ છે. તે મુજબ સૌથી પહેલાં તો કોણ ફસાઈ શકે એમ છે, એવા ધનાઢ્ય વેપારીઓની યાદી તૈયાર કરવામાં આવે છે, તે પછી કોઈને કોઈ ટેકનિકલ બહાનું આગળ કરીને, જીએસટીની કલમ 70-1નો દુરુપયોગ કરીને કેટલાક વેપારીઓને સમન્સ બજાવવામાં આવે છે. વેપારી જવાબ આપવા ઓફિસે પહોંચે તો તેના પર માનસિક દબાણ એવી રીતે ઊભું કરવામાં આવે છે કે વેપારી પડી ભાંગે. તમે સરકાર સાથે ખોટું કર્યું છે. (આવું કહીને જે તે અધિકારી પણ ખોટું જ કરે છે) તમારી કુંડળી ખૂલી ચૂકી છે. તમે મોટી પેનલ્ટીને લાયક છો જેવું કહીને અધિકારીઓ GST નંબર રદ કરવાની વાત કરે છે ને જેલમાં મોકલવા સુધીની ધમકી, પૂરી નિર્ભયતાથી આપી દે છે. એને લીધે વેપારીઓ ગભરાઈ જાય છે ને તેની પાસે અધિકારીઓનું માનવા સિવાય બીજો વિકલ્પ જ નથી રહેતો ને અધિકારીઓ એ ગભરાટનો લાભ ઉઠાવે છે. તેમને માટે કરોડો રૂપિયાના દરવાજા ખૂલી જાય છે. આમાં સસ્પેન્ડેડ લાઇસન્સ અને કેટલીક પેઢીઓનાં રજિસ્ટ્રેશનના ડેટાનો ઉપયોગ કરીને અધિકારીઓ દાવ ખેલી લે છે.

સરખેજના એક કાપડના વેપારીને ત્યાં સત્તાનો છડેચોક દુરુપયોગ કરીને રેડ પાડવામાં આવી. વિભાગ-૧ અમદાવાદના સહાયક રાજ્ય કમિશનરો સહિત ૧૫ લોકોની એક ટીમે દરોડો પાડ્યો હતો. કાયદેસર રીતે CCTV કેમેરા બંધ કરાવવાની સત્તા અધિકારીઓ પાસે હોતી નથી, પણ વેપારીઓ એ જાણતા ન હોવાથી

આજકાલ
■ રવીન્દ્ર પારેખ



અધિકારીઓ દ્વારા CCTV કેમેરા બંધ કરાવવામાં આવ્યા. બારણાં બંધ કરાવવામાં આવ્યા અને બંધ બારણે વેપારી પાસેથી ૨૮ લાખ રૂપિયાનો તોડ પાડવામાં આવ્યો. આવો જ એક કિસ્સો જામનગરમાં પણ બન્યો. ૨૦૨૬નું નવું નાણાકીય વર્ષ શરૂ થાય તે ગાળામાં જામનગરમાં GST અધિકારીઓએ મોટો હાથ માર્યો હતો. એપ્રિલમાં ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ GSTના સહાયક રાજ્ય વેરા કમિશનર અને તેમની સાથે સંકળાયેલ લોકોએ કલ્પ એન્ટરપ્રાઇઝ નામની પેઢીને REG-17ની નોટિસ ફટકારી હતી. નોટિસ આપતા પહેલાં કોઈ પ્રકારની ચકાસણી કરી હોવાનો રાજ્ય વેરા કમિશનર પર આરોપ છે. નોટિસમાં એવો ખોટો ઉલ્લેખ પણ છે કે વેપારીઓ સુઓમોટો કેન્સલ થયેલ છે, જેમાં ૧૧ વેપારીઓએ ફ્રોડ કરવા માટે રજિસ્ટ્રેશન મેળવ્યું હતું. વેપાર બંધ કરવાની ધમકી આપીને કલ્પ એન્ટરપ્રાઇઝના કેસમાં રોકડી ૬૦ લાખની લાંચ માંગવામાં આવી હતી. ગમ્મત તો એ છે કે આ રકમ બેંક દ્વારા વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર થઈ હોવાના પુરાવા પણ મળ્યા હતા. આ કાર્યવાહી તોડબાજ તરફ આંગળી ચીંધે છે. જોકે, GST અને પોલીસ તપાસ હાથ ધરાઈ હોવા છતાં શું થયું તે બહાર આવ્યું નથી.

CM અને PMને અપાયેલી ફરિયાદમાં તોડબાજી કરતી ટીમમાં એડિશનલ સ્ટેટ કમિશનર, જોઇન્ટ સ્ટેટ કમિશનર તેમ જ અન્ય અધિકારીઓનો સમાવેશ થાય છે. ફરિયાદમાં જણાવાયું છે કે ઉપરોક્ત અધિકારીઓ દ્વારા ૧૦ માસમાં ૪૦થી વધુ કેસોમાં સમન્સની મંજૂરી આપવામાં આવી છે. જો આ કમિશનર દ્વારા અપાયેલા સમન્સની રૂબરૂમાં ચકાસણી કરવામાં આવે, તો ભ્રષ્ટાચારનું નવું પ્રકરણ ખુલે એમ છે. આ લૂંટ માત્ર ઓફિસોમાં જ નહીં, ગુજરાતના હાઇવે પર પણ ચાલે છે. હાઇવે પર ટેક્સચોરી પકડવા GSTની મોબાઇલ સ્ક્વોડ દ્વારા સતત મોનિટરિંગ થતું હોય છે, પણ E-વે બિલના ચેકિંગમાં અને ઓવર લોડેડ ટ્રકના કિસ્સામાં ટ્રકો રોકીને, પેપર્સ સાચા હોવા છતાં ટેકનિકલ ખામીઓ બતાવીને સ્પોટ પર જ તોડ પાડવામાં આવે છે.

આ બને છે એટલે કે વેપારીઓને સાચી હકીકતનો ખ્યાલ નથી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સની ગાઇડ લાઇન્સ અને કાયદાઓ વેપારીઓની સુરક્ષા માટે જ છે, પણ તોડબાજ અધિકારીઓ તેને બાજુ પર મૂકીને વર્તતા હોય છે. એક બે નહીં, પણ ઘણા નિયમો તોડીને વેપારીઓને હેરાન કરવામાં આવે છે. સરકારનો કડક નિયમ છે કે અધિકારી દ્વારા ઇસ્યુ કરાતી નોટિસ, સમન્સ કે પત્ર પર ઓનલાઇન જનરેટ થયેલો DIN હોવો જ જોઈએ. DIN વગરની નોટિસ ગેરકાનૂની ને કાયદાની નજરમાં અમાન્ય ગણાય છે. કોઈ પણ મહત્ત્વની તપાસ, રીસર્ચ સીઝર... માટે GST સર્વોચ્ચ અધિકારીની લેખિત મંજૂરી અનિવાર્ય છે. નવી SOP મુજબ આખરી ઓર્ડર પાસ કરતા પહેલાં વેપારી કે તેના CA- વકીલને સાંભળવાની તક આપવી અનિવાર્ય છે. ત્રણ વાર તક આપ્યા પછી પણ વેપારી હાજર ન થાય તો અને તો જ અધિકારી એકતરફી નિર્ણય લઈ શકે છે. આવા તો ઘણા નિયમો છે, પણ વેપારીઓ જાણતા નથી ને GST ભ્રષ્ટ અધિકારીઓનો શિકાર થાય છે.

જોવાનું એ છે કે રાજ્ય અને કેન્દ્ર સરકાર સુધી પહોંચેલી ફરિયાદનું નિરાકરણ ક્યારે થાય છે? આશ્ચર્ય તો એ છે કે કાયદો શીખવનાર જ કાયદાનો દુરુપયોગ કરે છે ને એમની સાથે કાયદાએ વધુ કડકાઈથી વર્તવાની જરૂર છે. ફરિયાદો તો થઈ રહી છે, ઘણાં જવાબો લેખિતમાં માંગવામાં આવ્યા છે, પણ અત્યાર સુધી કોઈએ મગનું નામ મરી પાડ્યું નથી.

એ કેવું છે કે સરકારના અધિકારીઓ, સરકારી કાયદા જાણનારાઓ, કાયદો ખબર નથી એવા વેપારીઓને પૂરી બેશરમીથી લૂંટે છે. આ લૂંટનો હિસ્સો તેઓ સરકારમાં જમા કરાવતા નથી, પણ પોતાની તિજોરી ભરવા કરે છે. આ અધિકારીઓ ગરીબ નથી. સરકાર આમ પણ અધિકારીઓને પગારમાં લાખો રૂપિયા ચૂકવે છે, છતાં એમનું પેટ ભરાતું જ નથી. એ કેવું છે કે સરકારી કાયદાઓ પ્રજાના હિતમાં ઘડાય છે, પણ પ્રજા એને વિશે બહુ જાણતી નથી ને તેનો લાભ લઈને આવા અધિકારીઓ હોજરી ઠાંસતા રહે છે. આવા અધિકારીઓને સસ્પેન્ડ કરાય છે, પણ એ સજા તો બહુ નાની છે. થોડા વખતમાં અધિકારીઓ મૂળ જગ્યાએ કે બીજે પાછા ફરતા હોય છે ને નવેસરથી નવી લૂંટ ચલાવતા હોય છે. આ બંને પ્રકારનું પાપ છે. એક તો નિર્દોષ વેપારીઓને લૂંટવામાં આવે છે ને એ પૈસા સરકારમાં જમા કરાવવાને બદલે, પોતાની હોજરીમાં ઠાલવવામાં આવે છે. આવું કોઈ ગરીબ કરે તો સમજ્યા, આ બધા કરોડો ઉસેટી શકે એટલા કાબેલ હોય છે ને એ જ ગરીબ ભિખારીની જેમ અકરાંતિયાની જેમ ઉસેટે છે ત્યારે આઘાત લાગે છે...

# બાળકના હૃદય સુધી પહોંચવાનો સૌથી સરળ માર્ગ : વાર્તા

બાળકના સર્વાંગી જીવનઘડતરમાં બાળવાર્તાનું અતિ મહત્ત્વનું સ્થાન છે. બાળક જ્યારે રસપ્રદ વાર્તામાં તલ્લીન થઈ જાય છે, ત્યારે તેને રમવાનું, જમવાનું કે અન્ય પ્રવૃત્તિઓનું પણ ભાન રહેતું નથી. બાળકના જીવનમાં જે પરિવર્તન લાંબા ઉપદેશો કે કડક શિસ્તથી નથી આવતું, તે ઘણી વખત એક નાનકડી પ્રેરણાદાયી વાર્તાથી સહજ રીતે આવી જાય છે. વાર્તા માત્ર બાળકોને જ ગમે છે એવું નથી; આબાલવૃદ્ધ સૌને વાર્તા પ્રત્યે સહજ આકર્ષણ હોય છે.

જે શિક્ષક સારો વાર્તાકાર બની શકે છે, તે સફળ શિક્ષક બનવાની વધુ શક્યતા ધરાવે છે. વાર્તાને શિક્ષણનું અણમોલ શસ્ત્ર અને શાસ્ત્ર બંને ગણવામાં આવે છે. અત્યંત તોફાની વિદ્યાર્થીઓને પણ વાર્તાના માધ્યમથી શિસ્તબદ્ધ બનાવી શકાય છે. વાર્તા દ્વારા વિદ્યાર્થીમાં કલ્પનાશક્તિ, વિચારશક્તિ, નિર્ણયશક્તિ, સર્જનશક્તિ, અભિવ્યક્તિશક્તિ અને સ્મરણશક્તિ જેવી અનેક ક્ષમતાઓનો વિકાસ થાય છે. વર્ગખંડમાં ઊભી થતી અનેક સમસ્યાઓના નિરાકરણ માટે જો કોઈ સૌથી સરળ અને અસરકારક સાધન હોય, તો તે બાળવાર્તા છે.

શિક્ષણકાર્યને રસપ્રદ, જીવંત અને આનંદમય બનાવવા માટે વાર્તા અત્યંત ઉપયોગી માધ્યમ છે. આ બાબત સમજાવતો એક પ્રેરક પ્રસંગ નોંધનીય છે.

એક દિવસ ધોરણ-૭ના એક વિદ્યાર્થીના માતા એક શિક્ષકને મળવા આવ્યા. તેમણે ચિંતાભર્યા સ્વરે કહ્યું, "મારો દીકરો ઘરે ખૂબ તોફાન કરે છે. અમારું કહ્યું જરાય માનતો નથી. તમે તેને સમજાવશો, પરંતુ કૃપા કરીને તેને એવું ન કહેતા કે મેં તેની ફરિયાદ કરી છે; નહીં તો તે ઘરે જઈને વધુ તોફાન કરશે."

શિક્ષકે હળવા સ્મિત સાથે જવાબ આપ્યો, "તમે નિશ્ચિંત રહો. થોડા દિવસોમાં તમને સારો ફેરફાર જોવા મળશે."

વાલીના ગયા પછી શિક્ષકે સમગ્ર વર્ગને જીવનમૂલ્યો સાથે જોડાયેલી પ્રેરણાદાયી વાર્તાઓ કહેવાનું શરૂ કર્યું.



શબ્દસરિતા
■ રાજેશ ધામેલિયા

માતા-પિતા સંતાનના ઉછેર અને ઘડતર માટે કેટલો ત્યાગ કરે છે, કેટલું સહન કરે છે અને કેટલો પ્રેમ વરસાવે છે, તે સરળ પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડ્યું. સાથે જ તેમણે માતા-પિતાને દરરોજ પ્રેમપૂર્વક વંદન કરવાથી તેમના અંતઃકરણમાંથી નીકળતા આશીર્વાદ જીવનને ઉજ્જવળ બનાવે છે, તે વાત પણ સહજ રીતે સમજાવી.

થોડા દિવસો પછી તે વાલી ફરી શિક્ષકને મળવા આવ્યા. આ વખતે તેમના ચહેરા પર સંતોષ અને આનંદ સ્પષ્ટ દેખાતો હતો. તેમણે આશ્ચર્યથી પૂછ્યું, "સર, તમે મારા દીકરાને એવું શું કહ્યું કે તે એકદમ બદલાઈ ગયો? હવે તે ઘરમાં ખૂબ સારું વર્તન કરે છે અને દરરોજ શાળાએ જતાં પહેલાં અમને પ્રણામ પણ કરે છે."

શિક્ષકે વિનમ્રતાથી જવાબ આપ્યો, "મેં તેને અલગથી કશું જ કહ્યું નથી. વર્ગમાં જીવનઘડતર માટે ઉપયોગી એવી બે-ત્રણ વાર્તાઓ કહી હતી."

આ તો માત્ર એક વિદ્યાર્થીનો પ્રસંગ છે. આવી અસંખ્ય હકારાત્મક ઘટનાઓ વાર્તાના પ્રભાવથી સર્જાઈ શકે છે. સારી વાર્તા બાળકના હૃદયને સ્પર્શે છે, તેના વિચારોને દિશા આપે છે અને તેના વર્તનમાં સહજ રીતે સકારાત્મક પરિવર્તન લાવે છે. જીવનને સુંદર રીતે જીવવાની પ્રેરણા આપવાની શક્તિ વાર્તામાં રહેલી છે.

જે માતા-પિતા પોતાના સંતાનને શ્રેષ્ઠ ભેટ આપવા ઈચ્છે છે, તેમણે દરરોજ થોડો સમય કાઢીને બાળકોને સારી અને પ્રેરણાદાયી વાર્તાઓ સંભળાવવી જોઈએ. વાલી સંમેલનો કે વાલી સજ્જતા શિબિરોમાં જ્યારે વાર્તાના મહત્ત્વની ચર્ચા થાય છે, ત્યારે વાલીઓનો એક સામાન્ય પ્રશ્ન હોય છે - "દરરોજ નવી વાર્તા ક્યાંથી લાવવી?"

આ પ્રશ્નનો જવાબ પણ સરળ છે. આજે બજારમાં બાળકો માટે ઉત્તમ ગુણવત્તાનાં અનેક વાર્તાપુસ્તકો ઉપલબ્ધ છે. પરિવાર સાથે એક વખત ફિલ્મ જોવાના ખર્ચમાં આખું વર્ષ ચાલે તેટલાં વાર્તાનાં પુસ્તકો ખરીદી શકાય. આ ખર્ચ નહીં, પરંતુ બાળકના ઉજ્જવળ ભવિષ્યમાં કરવામાં આવેલું મૂલ્યવાન રોકાણ છે.

વાર્તાઓના અનેક પ્રકારો છે - કાલ્પનિક વાર્તાઓ, રમૂજી વાર્તાઓ, બોધકથાઓ, સત્ય જીવનપ્રસંગો, સાહસકથાઓ, ઐતિહાસિક કથાઓ, મહાનુભાવોના જીવનપ્રસંગો વગેરે. દરેક પ્રકારની વાર્તા બાળકના વ્યક્તિત્વના કોઈ ને કોઈ પાસાને સમૃદ્ધ બનાવે છે.




**વાર્તા દ્વારા વિદ્યાર્થીમાં કલ્પનાશક્તિ, વિચારશક્તિ, નિર્ણયશક્તિ, સર્જનશક્તિ, અભિવ્યક્તિશક્તિ અને સ્મરણશક્તિ જેવી અનેક ક્ષમતાઓનો વિકાસ થાય છે.**

**પરિવાર સાથે એક વખત ફિલ્મ જોવાના ખર્ચમાં આખું વર્ષ ચાલે તેટલાં વાર્તાનાં પુસ્તકો ખરીદી શકાય. આ ખર્ચ નહીં, પરંતુ બાળકના ઉજ્જવળ ભવિષ્યમાં કરવામાં આવેલું મૂલ્યવાન રોકાણ છે.**

**ઘણા વાલીઓ વાર્તા પૂરી થતાં જ બાળકને પૂછે છે, "આ વાર્તામાંથી તને શું શીખવા મળ્યું?" અથવા "હવે તું આવું જ વર્તન કરીશ ને?" આવા પ્રશ્નો ઘણી વખત બાળક માટે આનંદને બદલે દબાણનું કારણ બની જાય છે.**

**વાર્તા પ્રત્યેનો શોખ બાળકમાં વાચનની આદત વિકસાવે છે. જે બાળક વાર્તાઓને પ્રેમ કરે છે, તે ધીમે ધીમે પુસ્તકોનો મિત્ર બની જાય છે. નિયમિત અને ગુણવત્તાસભર વાચન તેના જ્ઞાનમાં સતત વધારો કરે છે, વિચારશક્તિને વિસ્તારે છે અને વ્યક્તિત્વને સમૃદ્ધ બનાવે છે.**

સામાન્ય રીતે બાળકોને કાલ્પનિક વાર્તાઓ ખૂબ ગમે છે. પરીઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને બોલતાં વૃક્ષોની કથાઓ તેમના કલ્પનાજગતને નવી પાંખો આપે છે. જોકે, અતિશય કાલ્પનિકતા બાળકને વાસ્તવિકતાથી દૂર ન લઈ જાય તેની કાળજી રાખવી જરૂરી છે. તેથી કલ્પનાશીલ વાર્તાઓ સાથે જીવનમૂલ્યો અને વાસ્તવિક જીવનપ્રસંગો આધારિત વાર્તાઓનું પણ યોગ્ય પ્રમાણ જાળવવું જોઈએ.

વાર્તાની પસંદગી કરતી વખતે બાળકની ઉંમર, માનસિક પરિપક્વતા, રસ, રુચિ અને સમજશક્તિનો ખાસ વિચાર કરવો જોઈએ. નાનાં બાળકો માટે સરળ ભાષા, ટૂંકાં વાક્યો અને રસપ્રદ પાત્રો ધરાવતી વાર્તાઓ વધુ અનુકૂળ હોય છે, જ્યારે મોટી ઉંમરના બાળકો માટે વિચારપ્રેરક અને મૂલ્યલક્ષી વાર્તાઓ વધુ અસરકારક બને છે.

મહાનુભાવોના જીવનપ્રસંગો બાળકના ચારિત્ર્ય ઘડતરમાં વિશેષ ફાળો આપે છે. આવા પ્રસંગો બાળકોમાં સત્યનિષ્ઠા, પરિશ્રમ, કરુણા, દેશપ્રેમ, શિસ્ત અને સેવા જેવા સદ્ગુણોનું સિંચન કરે છે. તેમ છતાં, વાલીઓ અને શિક્ષકોએ એક અગત્યની સાવચેતી રાખવી જોઈએ. વાર્તા સંભળાવ્યા પછી બાળક તરત જ મહાનુભાવ જેવું વર્તન કરવા લાગે એવી અપેક્ષા રાખવી યોગ્ય નથી.

ઘણા વાલીઓ વાર્તા પૂરી થતાં જ બાળકને પૂછે છે, "આ વાર્તામાંથી તને શું શીખવા મળ્યું?" અથવા "હવે તું આવું જ વર્તન કરીશ ને?" આવા પ્રશ્નો ઘણી વખત બાળક માટે આનંદને બદલે દબાણનું કારણ બની જાય છે. વાર્તા સાંભળવાનો આનંદ જ તેની સૌથી મોટી અસર છે. વાર્તા બાળકના અંતરમાં શાંતિથી કામ કરે છે અને સમય જતાં તેના વિચારો તથા વર્તનમાં સ્વાભાવિક પરિવર્તન લાવે છે. તેથી બાળક પર બળજબરી કે ઉપદેશ લાદવાને બદલે તેની આંતરિક જાગૃતિ પર વિશ્વાસ રાખવો જોઈએ.

વાર્તાની પસંદગીમાં સૌથી વધુ સાવચેતી ડરામણી અને ભયજનક કથાઓ અંગે રાખવી જોઈએ. ભૂત-પ્રેત, ચોર, લૂંટારા, અંધશ્રદ્ધા અથવા હિંસાથી ભરેલી વાર્તાઓ બાળકોના કુમળા મનમાં ભય અને અસુરક્ષાની ભાવના ઊભી કરી શકે છે. તેવી જ રીતે, ચમત્કારોને અતિશય મહિમા આપતી વાર્તાઓ પણ મર્યાદિત પ્રમાણમાં જ કહેવી જોઈએ.

થોડાં વર્ષો પહેલાં 'શક્તિમાન' જેવી ટેલિવિઝન શ્રેણીઓથી પ્રેરાઈને કેટલાક બાળકો ઊંચી જગ્યાએથી કૂદી પડ્યા હતા. તેમને વિશ્વાસ હતો કે શક્તિમાન આવીને બચાવી લેશે. વાસ્તવિકતા જુદી હોવાથી કેટલાક બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેથી બાળકની કલ્પનાશક્તિ ખીલે તે જરૂરી છે, પરંતુ તેની સાથે વાસ્તવિકતાની સમજ પણ એટલી જ જરૂરી છે.

વાર્તાની પસંદગી જેટલી મહત્ત્વની છે, એટલું જ મહત્ત્વ તેને રજૂ કરવાની શૈલીનું પણ છે. વાર્તાકાર પોતે આનંદ, ઉત્સાહ અને અભિવ્યક્તિ સાથે વાર્તા કહે, તો બાળકો સહજ રીતે તેમાં તલ્લીન થઈ જાય છે. જો વાર્તા નિષ્ક્રિય અથવા એકધારી રીતે કહેવામાં આવે, તો શ્રોતાઓનો રસ ઝડપથી ઓછો થઈ જાય છે.

વાર્તા કહેતી વખતે બાળકો સાથે આંખનો સંપર્ક જાળવવો, પ્રસંગોચિત હાવભાવ, ચહેરાના ભાવ અને અવાજના ચઢાવ-ઉતારનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. આ બધું મળીને વાર્તાને જીવંત બનાવે છે અને બાળકના મન પર તેની અસર અનેકગણી વધી જાય છે.

બાળવાર્તાને વધુ જીવંત અને રસપ્રદ બનાવવા માટે તેમાં વિવિધ પ્રકારનું વૈવિધ્ય લાવી શકાય છે. ઉદાહરણ તરીકે, વાર્તાકાર અડધી વાર્તા કહીને બાકીનો અંત બાળકોને તેમની કલ્પનાશક્તિના આધારે પૂર્ણ કરવા પ્રેરિત કરી શકે. ક્યારેક બાળકોને પણ વાર્તા કહેવાની તક આપવી જોઈએ. અગાઉ સંભળાવેલી વાર્તાઓમાંથી તેમને સૌથી વધુ ગમેલી વાર્તા રજૂ કરવા પ્રોત્સાહિત કરવાથી તેમનો આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ અને સ્મરણશક્તિનો વિકાસ થાય છે. બાળકોની રુચિ અને પ્રતિભાવને ધ્યાનમાં રાખીને વાર્તાના વળાંકમાં જરૂરી ફેરફાર કરવામાં આવે, તો વાર્તા વધુ અસરકારક બની શકે છે.

બાળવાર્તા માત્ર મનોરંજનનું સાધન નથી; તે બાળકના જીવનઘડતરનું શક્તિશાળી માધ્યમ છે. વર્ગખંડમાં જે વિષયો વિદ્યાર્થીઓને અઘરા કે નીરસ લાગતા હોય છે, તે જ વિષયો વાર્તાના માધ્યમથી અત્યંત સરળ અને રસપ્રદ બની જાય છે. ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન કે અન્ય વિષયોના અનેક પાઠો વાર્તારૂપે રજૂ કરવામાં આવે, તો વિદ્યાર્થીઓ તેને લાંબા સમય સુધી સહજ રીતે યાદ રાખી શકે છે. પાઠ્યપુસ્તકનાં સૂકા તથ્યો ઘણીવાર ભૂલાઈ જાય છે, પરંતુ ભાવપૂર્વક સાંભળેલી વાર્તા વર્ષો સુધી સ્મૃતિમાં જીવંત રહે છે.

આપણા પવિત્ર ગ્રંથો : રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, ઉપનિષદો વગેરે જીવનમૂલ્યોથી સમૃદ્ધ એવી અસંખ્ય પ્રેરણાદાયી વાર્તાઓનો અખૂટ ખજાનો છે. આ વાર્તાઓ માત્ર ધાર્મિક જ્ઞાન પૂરું પાડતી નથી, પરંતુ આદર્શ જીવન જીવવાની દિશા પણ દર્શાવે છે. તે ઉપરાંત, રાષ્ટ્રપુરુષો, વૈજ્ઞાનિકો, સમાજસેવકો અને અન્ય મહાનુભાવોના જીવનપ્રસંગો પણ બાળકો માટે પ્રેરણાનું અક્ષય ઝરણું બની શકે છે.

વાર્તા પ્રત્યેનો શોખ બાળકમાં વાચનની આદત વિકસાવે છે. જે બાળક વાર્તાઓને પ્રેમ કરે છે, તે ધીમે ધીમે પુસ્તકોનો મિત્ર બની જાય છે. નિયમિત અને ગુણવત્તાસભર વાચન તેના જ્ઞાનમાં સતત વધારો કરે છે, વિચારશક્તિને વિસ્તારે છે અને વ્યક્તિત્વને સમૃદ્ધ બનાવે છે. એટલે જ કહેવાય છે કે આજનો સારો વાર્તાપ્રેમી આવતીકાલનો ઉત્તમ વાચક બને છે, અને ઉત્તમ વાચક જ જ્ઞાન, સંસ્કાર અને વિચારથી સમૃદ્ધ નાગરિક બની શકે છે.

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ, ટેલિવિઝન અને અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો બાળકોનો મોટાભાગનો સમય પોતાની તરફ ખેંચી રહ્યા છે. આવી સ્થિતિમાં જો દરરોજ માત્ર પંદરથી વીસ મિનિટનો સમય પરિવાર સાથે વાર્તા માટે ફાળવવામાં આવે, તો બાળકના ભાવનાત્મક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસમાં તેનું અમૂલ્ય યોગદાન મળી શકે છે. વાર્તા બાળકને માત્ર આનંદ આપતી નથી, પરંતુ તેને વિચારતા, અનુભૂતિ કરતા અને યોગ્ય નિર્ણય લેતા પણ શીખવે છે.

આથી દરેક શિક્ષક, દરેક વાલી અને સમાજના દરેક જાગૃત નાગરિકે બાળવાર્તાને બાળકના જીવનઘડતરનું એક અનિવાર્ય સાધન માનવું જોઈએ. વાર્તા દ્વારા બાળકના હૃદયમાં સંસ્કારનું બીજ વાવીએ; કારણ કે આજની એક સારી વાર્તા આવતીકાલના એક સારા મનુષ્યનું નિર્માણ કરી શકે છે.

**શબ્દસિંધુ**

**વાંચનના શોખની શરૂઆત ઘણીવાર એક સારી વાર્તાથી થાય છે અને એક સારી વાર્તા આખા જીવનની દિશા બદલી શકે છે.**

**rajesh9825492499@gmail.com**

# જે શહેરમાં વધુ રોજગારી મળે છે, તે દેશનું ગ્રોથ એન્જીન બને છે : થર્સ-ડે થોટ

શ્રમ, સર્જનશિલતા અને સાહસિકતા એ સુરતના લોહીમાં છે : કાનજી ભાલાળા : વિકસિત ભારતનું સપનું સુરતના સાહસ વગર અધૂરું છે. : કૈલાશ હાકીમ (ફોસ્ટા) : કોઈપણ ક્ષેત્રે સફળતા માટે જીવનમાં સરળ બનવું જરૂરી છે : જીગ્નેશ કાકડિયા : અંગદાનનો નિર્ણય લેનાર ડોબરિયા પરિવારનું અભિવાદન

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી તા. ૦૬-૦૮-૨૦૨૬ ના રોજ યોજાયેલ ૧૭૧ માં વિચારોના વાવેતર કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, દેશના મોટા ભાગના લોકોના શરીર ઉપરનું કાપડ સુરતના પાવર લુમ્સમાં વણાયેલું હોય છે. અને ડાઈંગમિલમાં રંગાયેલું હોય છે. સુરતએ ભારતનું ગ્રોથ એન્જીન છે. કાપડ ઉદ્યોગ એ સુરતની ઓળખ છે. કાપડ ઉદ્યોગે મોટી રોજગારીનું સર્જન કર્યું છે. જમનાબા વિધાર્થી ભવન ખાતે યોજયેલા કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, સુરતમાં કાપડ ઉદ્યોગનો ૪૦૦ વર્ષ જુના ઈતિહાસ છે. ભારતના પશ્ચિમ કિનારે સુરત બંદર વેપાર માટે જાણીતું હતું. અહી અન્ય વેપાર સાથે હાથ વણાટ અને રેશમી કપડાનો વેપાર થતો હતો. ૧૬ મી સદીમાં પોર્ટુગીઝનો હુમલો, ત્યારબાદ મોગલ સામ્રાજ્ય અને છેલ્લે અંગ્રેજોના કાર્યકાળમાં સુરત કાપડ વેપારનું કેન્દ્ર વિકસાતું રહ્યું છે. પરંતુ ૧૯૬૦ પછી પાવર લુમ્સનો વિકાસ શરૂ થયો હતો.

૧૯૮૦ પછી પોલીએસ્ટર યાર્નનો ઉપયોગ શરુ થયો અને કાપડ ઉદ્યોગને એક દિશા મળી હતી. પરંતુ ખરો વિકાસ ૧૯૯૦ ઉદારીકરણ પછી ઝડપી વિકાસ થયો છે. આજે સુરત સિન્થેટીક ટેક્ષટાઈલ કેપિટલ ઓફ ઈન્ડિયા કહેવામાં આવે છે. સુરતમાં કાપડ ઉદ્યોગના વિકાસ માટે ભૌગોલિક પરિસ્થિતિ અને સુવિધાઓ સાથે લોકોની ઉદ્યોગ સાહસિકતા છે. શ્રમ, સર્જનશીલતા અને સાહસિકતાએ સુરતના લોકોના લોહીમાં છે. આજે સુરતમાં કાપડ અને હીરા ઉદ્યોગને કારણે ૩૦ લાખ શ્રમિકો છે. દેશના ૨૬ રાજ્યના લોકો સુરતમાં છે. ગુજરાતના ૨૯ જીલ્લાના લોકો સુરતમાં રોજગારી મેળવે છે.

જે શહેરમાં વધુ રોજગારી મળે છે. તે શહેર દેશનું ગ્રોજ એન્જીન બને છે. કાપડ ઉદ્યોગ સુરતની માત્ર ઓળખ નથી તે અર્થ વ્યવસ્થાનો મોટો આધાર છે. સુરત કાપડ ઉદ્યોગનું હબ બન્યું છે. કાપડ ઉદ્યોગમાં યાર્ન, વિવિંગ, ડાઈંગ, પેકેજીંગ અને ટ્રાન્સપોટીંગ સહીત અનેક ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ




તકો છે. કપડું એ પ્રાથમિક જરૂરિયાત છે. તેમાં રોજગારીની વિપુલ તકો છે. સુરતમાં કાપડ ઉદ્યોગની ઈકોસીસ્ટમ ખુબ સારી છે. સામાન્ય વ્યક્તિ પણ રોજગારી મેળવી શકે છે. સુરતમાં દરરોજ ૫ કરોડ મીટર થી વધુ કાપડ બને છે. છતાં જોઈએ તેવી બ્રાંડ નથી તેટલું સુરતમાં ખૂટે છે. ગ્લોબલ માર્કેટમાં ટકવું પડે તેવી ગુણવત્તાની પણ જરૂર છે. તેમ છતાં ડીઝીટલ પ્રિન્ટીગ અને ઈ-કોમર્સમાં કાપડ ઉદ્યોગે ખુબ સારી પ્રગતિ કરે છે.

૧૭૧ માં વિચારોના વાવેતર કાર્યક્રમના વક્તા અતિથી પદે ફેડરેશન ઓફ ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનના પ્રેસિડન્ટ કૈલાસ હાકીમ ઉપસ્થિત રહ્યા હતા. કાપડ ઉદ્યોગની આજ અને આવતીકાલ વિષય ઉપર બોલતા તેમણે જણાવ્યું હતું કે, દુનિયામાં કપડાની જે માંગ છે. તેમાંથી ભારત માત્ર ૪ ટકા માંગ પૂરી કરે છે. હજુ પણ કાપડ ઉદ્યોગમાં ૯૬ ટકા બીઝનેસ સ્પેસ છે. સુરતની વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે ડોમેસ્ટિક કાપડનું ઉત્પાદન થાય છે. પરંતુ સમય સાથે ચાલવા માટે બ્રાન્ડેડ કાપડનું પણ ઉત્પાદન કરવાની જરૂરિયાત છે. ગુજરાતી લોકોમાં ભણતર કરતા સાહસ ખુબ જ વધારે પ્રમાણમાં છે. ૩૦ બિલિયન ડોલર થી આવતા ચાર વર્ષમાં ૧૦૦ બિલિયન ડોલર સુધી એક્ષપોર્ટ પહોચાડવાનો ભારત દેશનો ટાર્ગેટ છે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, ભારતનું સ્વપન સુરતના સાહસ વગર અધુરૂ છે. પરંતુ તે માટે માત્ર સાહસ પુરતું નથી ટેકનીકલ નોલેજ હોવું જરૂરી છે. કાપડ ઉત્પાદનમાં ગુણવત્તા અને બ્રાન્ડીગની જરૂર છે. ટેક્ષટાઇલ ઉદ્યોગના અગ્રણી ટ્રસ્ટી નિલેશભાઈ લીંબાસીયા, મિતુલભાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સિદ્ધિની પણ નોંધ લેવામાં આવી હતી.

ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણા યુવા ઉદ્યોગ સાહસિકોએ નોંધનીય સફળતા મેળવી છે. વિસ્કોસ યાર્ન બનાવતી રાધવ વિઝના ડાયરેક્ટર યુવાન જીગ્નેશભાઈ દેવજીભાઈ કાકડિયાએ અને તેમની ટીમે ખુબ ટૂંકા ગાળામાં ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં સફળતાની હરણફાળ ભરી છે. તેમની કંપનીમાં દરરોજ ૨૩ ટન થી વધું યાર્નનું ઉત્પાદન થાય છે. તેમણે તેમની સફળતાનું રહસ્ય જીવનની સરળતા ગણાવી હતી. સ્વપન પૂરું કરવા તે સરળ થતો ગયો અને ધંધા અને વેપારમાં સફળતા મળતી ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે કાપડ ઉદ્યોગમાં ધંધા-વેપારની વિપુલ તકો છે. યુવાનોએ તે તક ઓળખી કામે લાગી જવું જોઈએ. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી ગગજીભાઇ કાકડિયા તથા ટ્રસ્ટીશ્રી બાબુભાઈ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સામાન્ય ગૃહિણીમાંથી સિલાઈકામથી શરૂઆત કરી અને હેન્ડવર્ક ૪૦૦ થી વધુ બહેનોને કામ આપનાર પ્રાંજલબેન બિપીનભાઈ ધામેલીયાનું શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતે અભિવાદન કર્યું હતું. પતિ બિપીનભાઈને રૂ. ૬૦૦૦ ની નોકરી હતી. તેથી પ્રાંજલબેન ઘેર સિલાઈકામ શરુ કર્યું. પછી પતિ-પત્નીએ સાથે મળી માર્કેટમાંથી હેન્ડવર્કનું કામ લાવી અન્ય બહેનોને આપવાનું શરુ કર્યું. આજે ટ્રેડિંગ માટે પોતાનું હાઉસ, ફેક્ટરી માટે પ્લોટ અને વેપાર માટે પોતાની દુકાન છે. દિકરીને ડૉક્ટર બનાવી છે.મૂળ સગાપરા ગામના ખુબ ઓછું ભણેલ આ દંપતિને કાપડ ઉદ્યોગમાં હેન્ડવર્ક અને ટ્રેડીગ ક્ષેત્રે મોટી સફળતા પ્રાપ્ત કરી છે.

સૌરાષ્ટ્રના ધારગણી ગામના વતની મનુભાઈ લાલજીભાઈ ડોબરીયાના બ્રેઈનડેડ થતા તેમના પરિવારે અંગદાનનો નિર્ણય લેતા જીવનદીપ ઓર્ગેન ડોનેશન ફાઉનડેશન તરફથી જરૂરીયાત મંદ વ્યક્તિ સુધી ઓર્ગેન પહોચાડવામાં આવ્યા હતા. મનુભાઈ ડોબરિયાના ઓર્ગેન ડોનેશન માટેના નિર્ણય લેતા તેમના પરિવારનું શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી અભિવાદન કરવામાં આવ્યું હતુ. માનવીય સેવાનું ઉમદા કાર્ય કરતી સંસ્થા ઓર્ગેન ડોનેશન ફાઉનડેશનના પીયુષભાઈ ગોંડલીયાએ પરીવારને સન્માનપત્ર અર્પણ કર્યું હતું.

ગત ગુરુવારનો વિચાર કિરણ ઠુંમરે રજુ કર્યો હતો. અને જયારે કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

# આગામી સમયમાં કુદરતી પ્રકોપ, આર્થિક મંદી અને રાજકીય ભૂકંપના એંધાણ

યોગી એસ્ટ્રોલોજીના અંક ૧૯૫માં આગામી સમયમાં આવનારા કુદરતી પ્રકોપ, આર્થિક મંદી અને રાજકીય ભૂકંપ અંગે વિસ્તૃત અને ગંભીર આગાહીઓ કરવામાં આવી છે. અગાઉના અંકોમાં લખેલી માહિતી સત્ય સાબિત થઈ રહી છે, જેના ભાગરૂપે વિશ્વ અને ભારતમાં પાણીથી થયેલી ભયંકર તબાહીના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. જોકે, આવનારો સમય હજુ વધુ ખરાબ રહેવાના સ્પષ્ટ એંધાણ છે. ગોચરમાં ગુરુનો અસ્ત થવો, શનિનું વક્રી થવું અને શનિ-નેપ્ચ્યુનની યુતિ જળ તત્ત્વની રાશિમાં થવી, એ દર્શાવે છે કે દુનિયામાં વરસાદ અને વાવાઝોડાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળશે. અત્યાર સુધી આપણે વિશ્વના જંગલોમાં ભયંકર આગ, લાવા અને ધરતીકંપ જોયા છે, પરંતુ હવે પાણીમાં જ્વાળામુખી ફાટવા, ધરતીકંપ આવવા કે સુનામી જેવી વિકરાળ પરિસ્થિતિ સર્જાશે. ઓગસ્ટમાં આવનારા બે ગ્રહણ અને સિંહ-સૂર્ય-કર્કની યુતિના કારણે વૈશ્વિક સ્તરે યુદ્ધ, તબાહી, વિદ્રોહ, મોંઘવારી અને મંદીનું મોજું ફરી વળશે, જેનાથી લોકોમાં ડિપ્રેશન વધતું જોવા મળશે.



વર્તારો
■ યોગેશ ગાંધી

ભારતના રાજકીય માહોલ અંગે પાછલા અંકોમાં કરેલી આગાહીઓ ફળીભૂત થઈ રહી છે. ૧૨ જૂનના અંકમાં જણાવ્યા મુજબ મોદી સરકાર દ્વારા આતંકવાદ અને ભારત વિરોધી સંસ્થાઓ સામે આકરા પગલાં લેવાયા છે, પરિણામે ૨૧ જુલાઈએ FCRA કાયદો કડક રીતે અમલમાં આવ્યો. વિદેશી ફંડિંગ (Deep State Money) અટકતા જ ૨૦ જુલાઈએ વિપક્ષી ગઠબંધન જંતરમંતર પર એકઠું થયું હતું. આ ઉપરાંત, ૩ જુલાઈના અંકની આગાહી મુજબ ભારતમાં યુવા વર્ગનો ઉપયોગ કરીને દિલ્હીમાં નેપાળ કે 'ઝેન-જી' (Gen-Z) જેવું વિદ્રોહી વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવ્યું. હવે ૨૮ જુલાઈથી શનિ વક્રી થતા રાજકારણમાં મોટો ભૂકંપ આવશે. રામમંદિર અને NEET પેપર કૌભાંડના ગુનેગારોની કડીઓ સીધી રાજનેતાઓ સુધી પહોંચશે અને ઘણાને જેલવાસ ભોગવવો પડશે.

ઓગસ્ટ મહિનાની ગ્રહદશા ખૂબ જ જટિલ છે. ગુરુ આશ્લેષા નક્ષત્રમાં અને મંગળ આર્દ્રા નક્ષત્રમાં છે. ભારતની કુંડળીમાં લગ્ને બેઠેલા રાહુ પરથી મંગળ પસાર થશે. ઓગસ્ટના મધ્ય પછી રાહુ અને મંગળની ડિગ્રી એકસમાન થવાથી અને મંગળની દશા હોવાથી ભારત ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે નવી શોધો સાથે દુનિયાથી ઘણું આગળ નીકળી જશે. આર્થિક મોરચે જોઈએ તો ૨૪ જુલાઈથી શનિ રેવતી નક્ષત્રમાં અને ૧ ઓગસ્ટથી રાહુ ધનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશ કરી ચૂક્યા છે. રાહુનું આ ભ્રમણ શેરબજારમાં શરૂઆતમાં ભ્રામક ઉછાળો લાવીને અચાનક મોટો કડાકો બોલાવી શકે છે. ૧૯૮૯માં જાપાન અને ૨૦૦૮માં અમેરિકાના શેરબજારમાં જે રીતે ઐતિહાસિક કડાકો બોલાયો હતો, બરાબર તેવી જ રીતે અમેરિકા, કેનેડા સહિત વિશ્વભરમાં રિયલ એસ્ટેટ (ઘરની કિંમતો) અને ડોલરના માર્કેટમાં ભંગાણ થવાની પૂરી શક્યતા છે. દુનિયા એક ગંભીર નાણાકીય કટોકટી તરફ ધકેલાઈ રહી છે. અમેરિકાનું દેવું ૨૦૦ ટકાથી વધુ હોવાથી તેની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચશે. આ સમયગાળામાં ભારત અને રશિયા મળીને અમેરિકન ડોલરનું વર્ચસ્વ તોડવા કોઈ નવી કરન્સી અમલમાં મૂકે તેવા પણ મજબૂત સંજોગો છે. ભારતમાં પણ આવનાર સમયમાં બેંકિંગ ક્ષેત્રે મોટા કૌભાંડ બહાર આવશે અને ઈડી દ્વારા ચલણ અંગે મોટા બદલાવ થતા જોવા મળશે.

રાજકીય ફલક પર, સિંહ રાશિમાં શુક્ર-કેતુની યુતિ રાજકારણ કે ફિલ્મ જગતની કોઈ મહિલાનું અચાનક કેન્સર જેવી બીમારીથી મૃત્યુ સૂચવે છે. ૧૬ ઓગસ્ટથી સિંહ રાશિમાં સૂર્ય-કેતુ સાથે આવતા, કોઈ મોટા રાજકીય નેતા માટે દુઃખદ સમાચાર મળી શકે છે. વડાપ્રધાન મોદી માટે સમય પડકારજનક હોવા છતાં અને તેમના પર હુમલાના પ્રયાસો થવા છતાં, તેઓ પોતાની જિદ્દ પકડીને મહિલા બિલ અને FCRA જેવા કડક કાયદાઓ પસાર કરાવશે. ૧૮ ઓગસ્ટ આસપાસનો સમય વધુ સંવેદનશીલ રહેશે. વિદેશી તાકાતો દ્વારા રાહુલ ગાંધીને પણ મુશ્કેલીમાં મૂકવામાં આવી શકે છે અને તેમને જીવનું જોખમ કે જેલ યોગ બની શકે છે. રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ અને અખિલેશ યાદવનો એકસાથે વિદેશ પ્રવાસ કોઈ મોટી રાજકીય સાજિશનો ઈશારો કરે છે. ૨૮ જુલાઈ પછીના ૬૦ દિવસ ભાજપ માટે ખૂબ જ કપરા રહેશે. દેશમાં અફવાઓ ફેલાવી વાતાવરણ બગાડવાના પ્રયાસો થશે, આતંકવાદી પ્રવૃત્તિઓ સક્રિય થશે અને અમુક રાજ્યોમાં પરિસ્થિતિ વણસતા આર્મીએ કમાન સંભાળવી પડી શકે છે.

વૈશ્વિક સ્તરે, ૧ ઓગસ્ટથી શુક્ર કન્યા રાશિમાં નીચનો થતાં તેમજ CJP પર કાર્યવાહી થતાં તમામ શાંતિ વાટાઘાટો નિષ્ફળ જશે. અમેરિકા ફરીથી અન્ય દેશો પર ટેરિફ નાખશે અને ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મોટી કાર્યવાહી થશે. ઈરાન-અમેરિકા અને રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ અતિ ભયંકર સ્વરૂપ ધારણ કરશે. મિડલ-ઈસ્ટમાં હુમલા વધશે, સાયબર યુદ્ધ શરૂ થશે અને ક્રૂડ ઓઈલની સપ્લાય ખોરવાતા તેના ભાવ આસમાને પહોંચશે. ભારત અને અમેરિકાના સંબંધો બગડશે તેમજ ચીન-તાઇવાન વચ્ચે યુદ્ધનો તણાવ વધશે. આ અશાંત સમયમાં સોના અને ચાંદીના ભાવમાં ઐતિહાસિક ઉછાળો નોંધાશે, જેમાં ૨૦૨૬ના અંત સુધીમાં સોનું ૨ લાખ અને ૨૦૨૮ સુધીમાં ૬ લાખ સુધી પહોંચી શકે છે, જ્યારે ચાંદી ૨૦૨૮ સુધીમાં ૮ લાખને પાર કરી જશે. સમગ્ર વિશ્વમાં ધીમે ધીમે મંદીનો કાળો ઓછાયો છવાતો જશે. ગ્રહો પોતાનું કાર્ય કરતા રહેશે, તેથી સૌએ સાવધાની રાખવી અત્યંત જરૂરી છે.



સાપુતારા ખાતે ૮થી ૨૯ ઓગસ્ટ દરમિયાન મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન કરાં છે જેનું ઉદ્દઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૮મી ઓગસ્ટે થશે. (તસવીર : નીલેશ સુરતી)

# સાપુતારા ખાતે ૮થી ૨૯ ઓગસ્ટ દરમિયાન મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૮મી ઓગસ્ટે ઉદ્દઘાટન થશે

**ધબકાર પ્રતિનિધિ, વઘઇ, તા. ૦૬**

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા સાપુતારા ખાતે તા. ૮થી ૨૯ ઓગસ્ટ દરમિયાન 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલનું ઉદઘાટન તા. ૮ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે પી.એચ.સી. પાર્કિંગ ગ્રાઉન્ડ, સાપુતારા સર્કલ નજીક યોજાનાર સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે થશે. ઉદઘાટન સમારોહમાં વિશેષ અતિથિ તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય પ્રવાસન મંત્રી અને ડાંગ જિલ્લા પ્રભારી મંત્રી ડો. જયરામભાઇ ગામીત, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીત, સાંસદ ધવલભાઇ પટેલ, ધારાસભ્ય વિજયભાઇ પટેલ સહિત સ્થાનિક લોક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

ડાંગ કલેકટર એન. ડી. પરમારે કાર્યક્રમ આયોજનને લઇને ચાલી રહેલી તૈયારીઓની જાણકારી સાથે, સૌ પ્રકૃતિપ્રેમી પર્યટકોને ડાંગ જિલ્લાના મોન્સુન ફેસ્ટિવલને માણવા અને જાણવા અત્રે પધારવા ઈજન આપ્યુ છે. સાથે પ્રવાસન કમિશનર અને મેનેજિંગ ડિરેક્ટર ડો.વિપિન ગર્ગ, તથા પ્રવાસન/ દેવસ્થાન વ્યવસ્થાપન સચિવ ડો. કુલદીપ આર્ય એ પણ સૌને ચોમાસામાં ખીલી ઊઠતા ડાંગના પ્રાકૃતિક સૌંદર્યને માણવા નિમંત્રણ પાઠવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષાઋતુ દરમિયાન હરિયાળીથી છલકાતું સમગ્ર ડાંગ અને સાપુતારાનું કુદરતી સૌંદર્ય, અહીંની ભાતીગળ આદિવાસી સંસ્કૃતિ અને લોકકલાના અનોખા સમન્વયનું કેન્દ્ર બની રહે છે. સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે ક્રાફ્ટ બજાર, અને પારંપારિક વ્યંજન, ભોજનનો રસાસ્વાદ પણ પ્રવાસીઓને માણવા મળે છે. દરમિયાન ભવ્ય ઉદ્ઘાટન પરેડ, દૈનિક સાંસ્કૃતિક અને સંગીતમય કાર્યક્રમો, રોમાંચક એડવેન્ચર તથા સાહસિક પ્રવૃત્તિઓ, સ્થાનિક વાનગીઓ અને નેચર ટ્રેલ, હસ્તકલા અને આદિવાસી કલા પ્રદર્શન તેમજ સેલ્ફી પોઇન્ટ્સ અને મનોરંજનના વિવિધ આકર્ષણોનો આનંદ માણવાની તક પણ ઉપલબ્ધ થાય છે.

ગુજરાત પ્રવાસન વિભાગે રાજ્ય તેમજ દેશ-વિદેશના પ્રવાસીઓને પરિવાર સાથે સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલમાં સહભાગી બની પ્રકૃતિ, સંસ્કૃતિ અને વરસાદી સૌંદર્યનો અનોખો અનુભવ માણવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન ઉદ્દઘાટન પૂર્વે જ ઘેરા વિવાદોમાં સપડાયું!

**ધબકાર પ્રતિનિધિ, વઘઇ, તા. ૦૬**

ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા ૮થી ૨૯ ઓગષ્ટ દરમિયાન 'મેઘ મલ્હાર પર્વ' (મોન્સૂન ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ, આ ફેસ્ટિવલનો પ્રારંભ થાય તે પહેલાં જ પ્રવાસન વિભાગ ઘેરા વિવાદોમાં સપડાયું છે. નક્કર આયોજન વિના પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરવાની વિભાગની નીતિ અને પાયાની સુવિધાઓ આપવાને બદલે માત્ર 'મલાઈદાર ઉત્સવો' યોજવાના વલણ સામે સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

દર વર્ષે મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન સાપુતારામાં હજારો પ્રવાસીઓ ઉમટી પડે છે, પરંતુ અહીં પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની કોઈ નક્કર વ્યવસ્થા નથી. ચોંકાવનારી બાબત એ છે કે જે સ્થળનો ઉપયોગ વાહન પાર્કિંગ માટે થતો હતો, તે જ જગ્યા પર ફેસ્ટિવલના ડોમ ખડકી દઈને સંચાલકોએ પાર્કિંગની ઉપલબ્ધ જગ્યામાં વધુ ઘટાડો કરી નાખ્યો છે. પાયાની સુવિધા ઊભી કરવાને બદલે નવી સમસ્યાઓ સર્જતા આયોજકોના કારણે પ્રવાસીઓને રસ્તાઓ પર જ વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે, જેનાથી કલાકો સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે. આ મહોત્સવ માત્ર 'ખિસ્સા ભરવાનો ઉત્સવ' બની ગયો હોવાના આક્ષેપો સાથે સ્થાનિકોએ ટેન્ડર પ્રક્રિયા અને ખર્ચની પારદર્શિતા સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. પ્રવાસન વિભાગના અમુક અધિકારીઓની મિલીભગતથી આ વર્ષે મોન્સૂન ફેસ્ટિવલનું કામ 'લલ્લુજી એન્ડ સન્સ' કંપનીને સોંપવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. નોંધનીય છે કે આ એજન્સી ભૂતકાળમાં પણ અનેક વિવાદોમાં ઘેરાયેલી રહી છે. અગાઉના વર્ષોમાં કાર્યક્રમોના નામે માત્ર 'વેઠ' ઉતારીને મોટા પાયે બોગસ બિલો મૂકી સરકારી તિજોરીને ચૂનો ચોપડ્યો હોવાના ગંભીર આક્ષેપો આ કંપની પર લાગેલા છે. તેમ છતાં તેને ફરી કોન્ટ્રાક્ટ અપાતાં વિભાગની દાનત સામે સવાલો ઊભા થયા છે.

સ્થાનિક વેપારીઓ, પ્રવાસીઓ અને નાગરિકોની સ્પષ્ટ માંગ છે કે પ્રવાસન વિભાગ માત્ર મનોરંજનના નામે કમાણી કરવાનો મોહ છોડીને પાર્કિંગ, ટ્રાફિક નિયંત્રણ, સ્વચ્છતા અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપે. સાથે જ, પ્રવાસન વિભાગના અધિકારીઓની છત્રછાયા હેઠળ કમાણીના લ્હાયમાં આયોજન સાથે ચેડાં કરતી વિવાદાસ્પદ લલ્લુજી એન્ડ સન્સ કંપની સામે રાજ્ય સરકાર તાત્કાલિક તપાસ કરાવીને કડકમાં કડક પગલાં ભરે તેવી વ્યાપક માંગ ઉઠી છે.

**પ્રવાસન વિભાગની બેધારી નીતિ અને ટેન્ડર પ્રક્રિયાની પારદર્શિતા સામે ગંભીર સવાલો : કરોડોના ખર્ચ છતાં પ્રવાસીઓ પાયાની સુવિધાઓથી વંચિત**

# વલસાડમાં ફૂગ લાગેલી બ્રેડનો વીડિયો વાયરલ; ખોરાક સુરક્ષા તંત્રની તાત્કાલિક કાર્યવાહી

## તિથલ રોડ સ્થિત ગોડાઉનની તપાસ : ત્રણ ખાદ્ય પદાર્થોના નમૂના પ્રયોગશાળામાં મોકલાયા

**ધબકાર પ્રતિનિધિ, વલસાડ, તા. ૬**

વલસાડમાં ઘર સુધી પહોંચાડવામાં આવેલી પેકેટબંધ બ્રેડમાં ફૂગ જોવા મળ્યાની ઘટના સામે આવતા ખાદ્ય સુરક્ષાને લઈને ચિંતા વ્યાપી છે. ઘટનાનો વીડિયો સામાજિક માધ્યમોમાં ઝડપથી વાયરલ થતાં જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. તિથલ રોડ પર આવેલા સંબંધિત ગોડાઉનમાં તપાસ દરમિયાન બ્રેડ ઉપરાંત અન્ય ખાદ્યપદાર્થોના નમૂના લઇ ગુણવત્તા પરીક્ષણ માટે સરકારી પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ તિથલ રોડ પર આવેલા ક્ષિતિજ એપાર્ટમેન્ટમાં રહેતા ડો. નેહા ઓઝાએ ક્વિમન્કીટ મારફતે મંગાવેલ બ્રેડના પેકેટમાં ઉપરની બે બ્રેડ સામાન્ય હાલતમાં જ્યારે નીચેની અનેક બ્રેડ પર ફૂગ જોવા મળ્યાનો આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ તેમણે સંબંધિત કાર્યાલયમાં જઇ રજૂઆત કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ફરિયાદના આધારે જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના નિયુક્ત અધિકારી એ. આર. વલવીના માર્ગદર્શન હેઠળ ખોરાક સુરક્ષા અધિકારી બી. કે. પટેલે સ્થળ પર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ફરિયાદમાં દર્શાવાયેલી બ્રેડનો નિયમિત નમૂનો લેવામાં આવ્યો હતો. ઉપરાંત બાજરીનો લોટ અને મગફળીના તેલના દેખરેખના નમૂનાઓ પણ એકત્ર કરી સરકારી પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હોવાનું તંત્રે જણાવ્યું છે. ડો. નેહા ઓઝાના જણાવ્યા મુજબ સમયસર ફૂગની જાણ ન થઇ હોત તો પરિવારના સભ્યોના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું થઈ શક્યું હોત. તેમણે ઓનલાઇન પહોંચાડવામાં આવતા ખાદ્યપદાર્થોના સંગ્રહ, પરિવહન અને ગુણવત્તા નિયંત્રણ પર વધુ કડક દેખરેખ રાખવાની માંગ કરી છે. આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા મુજબ ફૂગ લાગેલા બ્રેડ અથવા અન્ય ખાદ્યપદાર્થોના સેવનથી પેટમાં ચેપ, ઉલ્ટી, ઝાડા, એલર્જી અને પાચનતંત્ર સંબંધિત તકલીફો થઇ શકે છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓ અને ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે આવા ખાદ્યપદાર્થો વધુ જોખમી બની શકે છે. તેથી પેકેટબંધ ખાદ્યવસ્તુનો ઉપયોગ કરતાં પહેલાં તેની અંતિમ વપરાશ તારીખ અને પેકિંગની સ્થિતિની ચકાસણી કરવી જરૂરી હોવાનું નિષ્ણાતો સૂચવે છે.જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના નિયુક્ત અધિકારી આશિષ વલવી એ જણાવ્યું કે સમગ્ર મામલાની તપાસ ચાલુ છે અને પ્રયોગશાળાના અહેવાલ બાદ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ ઓનલાઇન ખાદ્યપદાર્થોની ગુણવત્તા, સંગ્રહ વ્યવસ્થા અને ગ્રાહકોની આરોગ્ય સુરક્ષા અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.



# ધારાસભ્ય અનંત પટેલના જન્મ દિવસની સેવાકીય કાર્યો સાથે ઉજવણી કરાઇ

## સર્વરોગ નિદાન કેમ્પનો ૭૬૭ જેટલા લોકોએ લાભ લીધો, રક્તદાન શિબિરમાં ૧૨૩ યુનિટ રક્ત એકત્રીત થયું

**ધબકાર પ્રતિનિધિ, વઘઇ/ઉનાઇ, તા. ૦૫**

વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે પોતાના જન્મદિવસની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે પણ કોઈપણ પ્રકારના દેખાવા કે ઉજવણી વિના જનસેવાના કાર્યો દ્વારા કરી હતી. છેલ્લા છ-સાત વર્ષથી તેઓ જન્મદિવસે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજીને સમાજને પ્રેરણારૂપ સંદેશ આપી રહ્યા છે.

આ વર્ષે ખાંભલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ, ચશ્મા તપાસ કેમ્પ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બોર્ડર વિલેજ સહિત આસપાસના અનેક ગામોના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રીમદ રાજચંદ્ર મિશન, ધરમપુરના સહયોગથી યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં ૪૩૭ લોકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો, જ્યારે ચશ્મા તપાસ કેમ્પમાં ૩૩૦ લાભાર્થીઓએ સેવા મેળવી હતી. આમ કુલ ૭૬૭ લોકોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. રક્તદાન શિબિરમાં આદિવાસી સમાજના યુવાનો સહિત કુલ ૧૨૩ સ્વૈચ્છિકક રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. શિબિરને સફળ બનાવવા સુશ્રુતા બ્લડ બેન્ક દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય અનંત પટેલે યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, અંધશ્રદ્ધા છોડીને સમાજના કામ માટે લડો અને અનામતનો વિરોધ કરનાર લોકોને ઓળખો અને ખુલ્લા પાડો. તેમણે યુવાનોને સમાજના વિકાસ, શિક્ષણ અને જનહિતના કાર્યોમાં સક્રિય ભાગ ભજવવા પણ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ, નિકુંજ ગાવિત, ધર્મેશ ભોયા, ગૌરાંગભાઇ પટેલ, જયેશભાઇ, મનીષ પટેલ, તલ્હા પટેલ, તાલુકા પંચાયતના સભ્ય રાજુભાઇ સહિત કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# બારડોલીનાં મોતા-હલધરૂ ગામેથી બોગસ બંગાળી ડોક્ટર ઝડપાયો




(તસવીર : વિજય મોદી)

**ધબકાર પ્રતિનિધિ, તડકેશ્વર, તા. ૦૬**

ઉચ્ચ અધિકારીની સુચનાને ધ્યાનમાં લઇ મંગળવાર એસઓજી શાખાની પોલીસની ટીમ બનાવી ચોક્કસ દિશામાં વર્ક આઉટ કરી, અને એએસઆઇ ભૂપેન્દ્ર અંબિકાપ્રસાદ તથા આપોકો દિનેશભાઇ ગોવિંદભાઇ નાઓને મળેલી સયુંક્ત બાતમીનાં આધારે મોતા ગામ હળદરુ રોડ ઉપર આરાધના અંબે વેલી રેસીડેન્સી દુકાન નં. ૩ સ્થિત લક્ષ્મી ક્લિનીકમાંથી જોલાછાપ ડોક્ટર અનિદ્રા કાનુ બિશ્વાસ (ઉ. વ. ૨૮, રહે. ૩૭૩, આરાધના અંબે વેલી રેસીડેન્સી, મોતા, મુળ રહે. પ. બંગાળને માનવ જીવન સાથે ચેંડા કરતાં અલગ અલગ સાધન સામગ્રી તથા દવાઓ સાથે રૂા. ૫૫૦૦નો મુદ્દામાલ પકડી પાડી તેની પાછળ કાયદેસર કાર્યવાહી કરી બારડોલી પોલીસ સ્ટેશન મોકલી આપેલ હતો.

# વ્યારા કોલેજમાં ઉમાશંકર જોશી સ્મરણ પર્વ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું




(તસવીર : અનુપ ભટ્ટ)

**ધબકાર પ્રતિનિધિ, વ્યારા, તા. ૦૬**

ગુજરાતી સાહિત્ય પરિષદ તથા શ્રીમતી આર. પી. ચૌહાણ આટર્સ તથા શ્રીમતી જે. કે. શાહ અને શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ વ્યારાના સયુક્ત ઉપક્રમે ઉમાશંકર જોશીના જન્મ દિને સ્મરણ પર્વની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે ડો. પિનાકીન જોશીએ 'વાર્તાકારઃ સુરેશ જોશી' ઉપર વિદ્વતાસભર વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કોલેજના આચાર્ય ડો. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ ઉમાશંકર જોશીના સર્જનની અને વ્યક્તિત્વના પાસઓની ચર્ચા કરી ડો. પિનાકીન જોશીનું સ્વાગત કરી ગુજરાતી સાહિત્ય પરીષદ તરફથી વ્યારા કોલેજ ખાતે ઉમાશંકર જોશી સ્મરણ પર્વના ઉપક્રમે વ્યાખ્યાનનું આયોજન કરવા માટે આભાર વ્યક્ત કર્યો હતો. ડો. મેરુ વાઢેળે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી, ઉમાશંકર જોશીની કવિતા 'વિશ્વશાંતિ'થી શરૂ કરી છેલ્લો શબ્દ 'મોન' સુધીની રસપ્રદ ચર્ચા કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખનું બે મિનિટનું સંબોધન સભળાવવામાં આવ્યું હતું. કોલેજના ઉપાચાર્ય અને નર્મદ યુનિ.ના ગુજરાતી વિષયના બોર્ડના ચેરમેન ડો. વસંતભાઇ ગામીતે પણ ઉમાશંકર જોશીના સર્જન વિશે વાતો કરી હતી.



યુવા જૈન સંગઠન વાંસદાના સહયોગથી વાંસદાના પુરગ્રસ્ત પરિવારોને બ્રાહ્મણ ફળિયામાં ઉપાશ્રય પાસે યોજાયેલા કાર્યક્રમમાં ચંપાવાડી, ગાંધીનગર ફળિયું અને નિર્માણ રોડ વિસ્તારમાં રહેતા પૂરગ્રસ્ત પરિવારોને ગાદલા, બ્લેન્કેટ, વાસણો તથા જરૂરી ઘરવખરીની કિટ અર્પણ કરવામાં આવી હતી. રાહત સામગ્રી મળતા અસરગ્રસ્ત પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



પથ-વિજય ભગવાન ધર્મચક્ર ચેરીટેબલ ટ્રસ્ટના કર્મઠ સેવાભાવી વજુભાઇ પારેખે ગુરુવારે નવસારીના વિવિધ વિસ્તારોમાં પૂર અસરગ્રસ્તોને ફ્રુટ અને કપડાનું વિતરણ કર્યું હતું સાથે જેમનો આશરો છીનવાઇ ગયો છે તેવા પરિવારોને આશરો બનાવી આપવા સર્વે પણ કરાયો હતો.

# ચલથાણ કેનાલ કટ પાસે હાઈટેન્શન વીજ પોલ સાથે ટ્રક અથડાતા પોલ ધરાશાયી

## સદનસીબે જાનહાનિ ટળી, ડિંડોલી-કડોદરા માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો, પોલીસ અને વીજ વિભાગે ભારે જહેમત બાદ માર્ગ ખુલ્લો કરાવ્યો



(તસવીર : મગનભાઇ મકવાણા)

**ધબકાર પ્રતિનિધિ, કડોદરા, તા. ૦૬**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે અંદાજે ૬:૩૦ વાગ્યે એક અકસ્માતની ઘટના સર્જાઇ હતી. ચલથાણ કેનાલ કટ નજીક પાઇપનો જથ્થો ભરેલ એક આઇશર ટ્રક અચાનક બેકાબૂ બની રસ્તા કિનારે આવેલા હાઇટેન્શન વીજ થાંભલા સાથે જોરદાર અથડાયો હતો.

મળતી માહિતી મુજબ જીજે ૧૯ વાય ૩૩૪૦ નંબરનો આઇશર ટ્રક પાઇપનો માલસામાન લઇ જઇ રહ્યો હતો. અકસ્માત દરમિયાન ટ્રક સીધું હાઇટેન્શન વીજ થાંભલા સાથે અથડાતા થાંભલાને ભારે નુકસાન પહોંચ્યું હતું. ઘટનાના પગલે ડિંડોલી-કડોદરા મુખ્ય માર્ગ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઇ ગયો હતો. અકસ્માતને કારણે માર્ગની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઇ હતી. નોકરી-ધંધે જતાં લોકો તેમજ અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાફિક જામના કારણે કેટલાક સમય સુધી વાહનો ધીમે ધીમે આગળ વધતા રહ્યા હતા.

રાહતની બાબત એ રહી કે આ અકસ્માતમાં કોઇ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઇ નથી. ઘટનાની જાણ થતાં જ કડોદરા પોલીસ તેમજ સંબંધિત વીજ વિભાગના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ટ્રાફિક વ્યવસ્થિત કરવા, ક્ષતિગ્રસ્ત વીજ થાંભલાની સુરક્ષિત કામગીરી હાથ ધરવા તેમજ માર્ગને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવા જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા અકસ્માતના કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે, જ્યારે માર્ગ પર ટ્રાફિક સામાન્ય બને તે માટે ક્રેન અને અન્ય જરૂરી સાધનોની મદદથી ટ્રકને હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

# ખેરગામના આછવણીના માતૃકૃપા શોપિંગના દુકાન પ્રકરણમાં ખેરગામ પીઆઈ પર ગંભીર આક્ષેપ

**ધબકાર પ્રતિનિધિ, વલસાડ, તા. ૦૬**

ખેરગામ પોલીસ સ્ટેશનના પીઆઇ પીનલ ચૌધરી સામે સત્તાનો દુરુપયોગ અને તપાસ દરમિયાન સરકારી દસ્તાવેજોની અવગણના કરીને ફરિયાદીને ન્યાયથી વંચિત રાખવાના ગંભીર આક્ષેપો સાથે રાજ્યના પોલીસ મહાનિર્દેશક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવતા પીઆઇ પિનલ ચૌધરી ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. અરજીમાં સમગ્ર પ્રકરણની સ્વતંત્ર તપાસ કરાવી સંબંધિત અધિકારીઓની મિલકતો અને નાણાકીય વ્યવહારોની ચકાસણીની સાથે કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

રૂમલાના રહીશ ફરિયાદી વિજય ઉચ્ચકટારની ફરિયાદ મુજબ આછાવણીના માતૃકૃપા શોપિંગ સેન્ટરની દુકાન નં. ૬ પ્રથમ તેમના મિત્ર ગણેશ વાઘિયાને વેચાણ આપી સાટાખત પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એ જ દુકાન જિલ્લા આદિજાતિ વિકાસ વિભાગના મદદનીશ કમિશનર બાબુભાઇ વળવીને વેચી દેવાઇ હતી. આ મામલે ગણેશ વાઘિયાના પુત્ર વૈભવે માતૃકૃપા કોમ્પલેક્ષના માલિક લાલજીભાઇ પટેલ તથા તેમના પુત્ર શૈલેષ પટેલ સામે ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસે કોઇ અસરકારક તપાસ કર્યા વિના દુકાન નં. ૬નું વેચાણ થયું જ નથી તેવો રીપોર્ટ કરીને અરજીનો નિકાલ કરી દીધો હોવાનો આક્ષેપ કરાયો છે. જો કે વૈભવે જિલ્લા જમીન શાખાના સત્તાવાર રેકોર્ડમાં દુકાન નં. ૬ના માલિક અંગે તપાસ કરતા દુકાન બાબુભાઇ વળવીના નામે નોંધાયેલ હોવાનું સામે આવતાં પોલીસના રીપોર્ટ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સરકારી રેકોર્ડ અને પોલીસની તપાસ વચ્ચેનો સ્પષ્ટ વિરોધાભાસ સમગ્ર પ્રકરણને વધુ વિવાદાસ્પદ બનાવતો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. રજૂઆતમાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે અગાઉ આ જ મુદ્દે મુખ્યમંત્રી કાર્યાલય સુધી પણ રજૂઆત કરવામાં આવી હતી, છતાં કોઇ અસરકારક કાર્યવાહી થઇ ન હતી. ફરિયાદીનું કહેવું છે કે સરકારી દસ્તાવેજોમાં સ્પષ્ટ હકીકત નોંધાયેલી હોવા છતાં પોલીસ દ્વારા તેનાથી વિપરીત અહેવાલ આપવામાં આવ્યો હોય તો સમગ્ર તપાસની વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

એસીબી સમક્ષ કરાયેલી રજૂઆતમાં ફરિયાદીએ પીઆઇ પીનલ ચૌધરી તથા પ્રકરણના સંબંધિત અધિકારીઓની મિલકતો, બેંક ખાતાં, આવકના સ્રોત અને નાણાકીય વ્યવહારોની ચકાસણી કરવાની માગ સાથે તપાસ સંપૂર્ણપણે નિષ્પક્ષ રહે તે માટે સુરત એસીબીના આસિ. ડાયરેક્ટર આર. આર. ચૌધરી સિવાય અન્ય અધિકારીને તપાસ સોંપવાની પણ ફરિયાદમાં વિનંતી કરવામાં આવી છે. આ સમગ પ્રકરણ મામલે ખેરગામ પોલીસ સ્ટેશનના પીઆઇ પીનલ ચૌધરીનો પક્ષ જાણવા માટે મોબાઇલ પર તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવતા તેમનો મોબાઇલ સતત વ્યસ્ત આવતો હતો. ત્યારબાદ અન્ય નંબર પરથી પણ બે વાર સંપર્ક સાધવામાં આવતા રિંગ વાગી હતી પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો ન હતો. અને બાદમાં પણ તેમનો ફોન આવ્યો ન હતો પરિણામે તેમનો પક્ષ રજૂ કરી શકાયો નથી.

**પીઆઇ પિનલ ચૌધરી તેમજ સંબંધિત અધિકારીના મિલકતની તપાસ કરવા પોલીસ મહાનિર્દેશક અને લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સમક્ષ લેખિત ફરિયાદ**

# કોસંબા-વેલાછા-માંગરોળ-વાંકલ-ઝંખવાવ માર્ગ પર પેચવર્ક અને સમારકામની કામગીરી કરવામાં આવી

**ધબકાર પ્રતિનિધિ, વાંકલ, તા. ૦૬**



(તસવીર : દિપક પુરોહિત)

ચોમાસાના ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માંગરોળ તાલુકાના કોસંબા?વેલાછા-માંગરોળ-વાંકલ?ઝંખવાવ માર્ગ પર વાહનવ્યવહારને સુગમ બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ, દ્વારા યુદ્ધના ધોરણે પેચવર્ક અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જુલાઇમાં પડેલા વરસાદ બાદ વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી ખાડાવાળા અને નબળા ભાગોની ઓળખ કરવામાં આવી હતી, ત્યારબાદ તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ કરાયું હતું.

આ કામગીરી દરમિયાન રોડના ક્ષતિગ્રસ્ત ભાગોને સાફ કરીને તેમાં જી.એસ.બી., ૪૦ મી.મી. અને ૨૦ મી.મી.ની કપચી, રબલ મટીરિયલ, સ્ટોન એગ્રીગેટ, ડસ્ટ, મોરમ, પ્રીમિક્સ તથા જરૂરિયાત મુજબ ઈકો-ફિક્સ મટીરિયલ ભરીને પાયો મજબૂત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બિટ્યુમિનસ મિશ્રણ પાથરીને રોડની સપાટીને સમતળ કરવામાં આવી હતી, તેમજ વાહનોની સુરક્ષિત અવરજવર માટે રોડની બંને બાજુના શોલ્ડરનું સમારકામ પણ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન યોગ્ય ટ્રાફિક નિયંત્રણ જાળવવામાં આવ્યું હતું. સ્થાનિક રહેવાસીઓ, ખેડૂતો અને દૈનિક મુસાફરોને સુરક્ષિત અને ઝડપી વાહનવ્યવહારની સુવિધા મળે તે હેતુથી હાથ ધરાયેલી આ કામગીરી બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આગામી સમયમાં પણ આ રસ્તાની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવામાં આવશે.




ભરૂચ જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આગા ખાન ગ્રામ સમર્થન (ભારત) - યુવા જંક્શન, નેત્રંગના સંયુક્ત ઉપક્રમે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગ ખાતે યોજાયેલ રોજગાર ભરતી મેળામાં વિવિધ ૧૧ જેટલા ક્ષેત્રના નોકરી દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભરતી મેળામાં ઉપસ્થિત૨૫૦થી પણ વધુ ઉમેદવારો પૈકી ૧૫૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

# ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં ગંદકીથી વેપારીઓ પરેશાન, ચીફ ઓફિસરને રજૂઆત

## પાંચબત્તી વિસ્તારની સફાઇ વ્યવસ્થા સુધારવા માંગ, કાઉન્સિલરો પણ જોડાયા

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૦૬**

ભરૂચ શહેરના પાંચબત્તી વિસ્તારમાં લાંબા સમયથી ગંદકી અને કચરાના પ્રશ્નથી પરેશાન વેપારીઓએ નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ભરૂચ પાંચબત્તી વેપારી મિત્ર મંડળના આગેવાનો અને સ્થાનિક વેપારીઓએ પ્રમુખ સ્વામી કોમ્પ્લેક્ષ, ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષ, હાફિઝ મંઝિલ અને જગદીશ શોપિંગ સેન્ટર વિસ્તારમાં ગંદકી, કચરાના અયોગ્ય નિકાલ, નિયમિત સફાઇના અભાવ તેમજ ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ સેવાના અનિયમિત સમય અંગે રજૂઆત કરી હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે આ સમસ્યાના કારણે વેપાર, ગ્રાહકોની સુવિધા અને સ્વચ્છતા પર અસર થઇ રહી છે.

રજૂઆત સમયે વિપક્ષના સભ્યો જીગ્નેશ બ્રહ્મભટ્ટ, સમશાદઅલી સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વેપારીઓની રજૂઆતને ધ્યાનમાં લઇ તંત્ર સમક્ષ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી હતી.

આ પ્રસંગે ભરૂચ પાંચબત્તી વેપારી મિત્ર મંડળના સાદિક લવલી, હારૂનભાઇ, યુનુસભાઇ, ગીતાબેન, રાજેશ વાઢેલ સહિત મોટી સંખ્યામાં વેપારીઓ હાજર રહ્યા હતા. વેપારીઓએ બજાર વિસ્તારમાં નિયમિત સફાઇ, કચરાના યોગ્ય નિકાલ અને ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ સેવાને સુવ્યવસ્થિત બનાવવા નગરપાલિકા દ્વારા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી હતી.

# અંકલેશ્વર રાજપીપળા ચોકડી પાસે મોટા ખાડાથી વાહન ચાલકોને હાલાકી

**ધબકાર પ્રતિનિધિ, અંકલેશ્વર, તા. ૦૬**

અંકલેશ્વરની વ્યસ્ત એવી રાજપીપળા ચોકડી તરફ જતા માર્ગ પર તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ મોટા ખાડા પડી જતાં વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રસ્તાની ગંભીર બદહાલ સ્થિતિના કારણે અહીં દરરોજ અકસ્માત સર્જાવાનો ભય તોળાઇ રહ્યો હોવાથી સ્થાનિક રહીશો અને વાહન ચાલકો તંત્ર પાસે તાત્કાલિક માર્ગ સમારકામની માગ કરી રહ્યા છે

રાજપીપળા ચોકડી નજીક આવેલા પેટ્રોલ પંપ સામે જ રસ્તા પર મોટા ખાડા સ્પષ્ટપણે જોઇ શકાય છે. અંકલેશ્વર અને આસપાસના વિસ્તારમાં વરસેલા ભારે વરસાદના કારણે આ મહત્વનો માર્ગ અત્યંત ખરાબ થઇ ગયો છે. સતત વાહનોથી ધમધમતા આ રોડ પર ખાડાઓના લીધે નાગરીકોના વાહનોને નુકસાન પહોંચી રહ્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં ખાડા ન દેખાવાના કારણે મોટો ગંભીર અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા સેવાઇ રહી છે.

કામ અર્થે અવારનવાર ઝઘડિયા તરફ જતા વાહન ચાલક દેવેન્દ્ર વસાવાએ પોતાનો રોષ ઠાલવતાં જણાવ્યું હતું કે, રાજપીપળા ચોકડી નજીકનો રસ્તો એટલો બિસ્માર બની ગયો છે કે બાઇક ક્યાં ચલાવવું તે જ સમજાતું નથી. તેવી જ રીતે રોજગાર અર્થે જીઆઇડીસી જતા અન્ય વાહન ચાલક હિમાંશુ પારેખે જણાવ્યું કે, આ રસ્તો ઘણા સમયથી ખરાબ છે. વરસાદી પાણી ભરાતાં ખાડા દેખાતા નથી અને વાહન પટકાઇ જવાથી ચાલક નીચે પડી જવાનો ભય રહે છે.

અંકલેશ્વર પંથકમાં હાલ વરસાદે વિરામ લીધો હોવાથી સ્થિતિ સુધરી છે, ત્યારે વાહનચાલકો અને સ્થાનિકો તંત્ર પાસે રસ્તાનું વહેલી તકે પેચવર્ક અને યોગ્ય સમારકામ કરવાની માગ કરી રહ્યા છે. જો સમયસર આ ખાડા પૂરવામાં નહીં આવે તો કોઇ મોટી હોનારત સર્જાઇ શકે તેમ હોવાથી તંત્ર આ બાબતે તાત્કાલિક ધોરણે યોગ્ય કામગીરી હાથ ધરે તે અત્યંત જરૂરી બન્યું છે.

**રસ્તાની બદહાલ સ્થિતિના કારણે સતત અકસ્માતનો ભય : સ્થાનિક રહીશો અને વાહન ચાલકો દ્વારા તાત્કાલિક માર્ગ સમારકામની માગ**

# અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં ફ્લેટમાંથી ગાંજો, મેફેડ્રોન ડ્રગ્સ સાથે પરપ્રાંતિ યુવક ઝડપાયો

## ભરૂચ એસઓજીએ કુલ રૂા. ૯૩,૨૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો : બે આરોપી ફરાર

**ધબકાર પ્રતિનિધિ, અંકલેશ્વર, તા. ૦૬**

ભરૂચ એસઓજીએ અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. ટીમે એક રહેણાંક ફ્લેટમાંથી ગાંજો અને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

એસઓજીના પીએસઆઇ એમ. કે. ગઢવીને મળેલી બાતમીના આધારે, તોરલ એપાર્ટમેન્ટ, પશુપતિ મંદિર પાસેના ફ્લેટ નં. ૩૦૧માં દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન ૨૮ વર્ષીય મોહિતકુમાર રાજેશકુમાર પાલની ધરપકડ કરવામાં આવી હતી. મોહિતકુમાર પાસેથી ૧.૦૪૫ કિલોગ્રામ ગાંજો, ૧૨.૦૧ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને એક મોબાઇલ ફોન મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત ?૯૩,૨૮૦ આંકવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ગાંજાનો જથ્થો ફરાર આરોપી મીથીલેશ પાસેથી અને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ફરાર આરોપી દિપ્તેશ પટેલ પાસેથી વેચાણના હેતુસર લાવવામાં આવ્યો હતો. આ જથ્થો ફ્લેટમાં રાખવામાં આવ્યો હતો.

આ મામલે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરાર થયેલા બંને આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ ચલાવી રહી છે.

# ભરૂચ-દહેજ બાયપાસ ઓવરબ્રિજ આસપાસની સોસાયટીના રહિશો માટે મુસીબત બન્યો

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૦૬**

ભરૂચ શહેરના સહરૂદ રોડ વિસ્તારમાં આવેલી આરઝુ સોસાયટી અને અરમાન બંગલોઝમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બની છે. ગટર અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાના આક્ષેપ સાથે સામાજિક કાર્યકર મહેન્દ્રસિંહ રાજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ દહેજ બાયપાસ રોડ પર ભરૂચથી દહેજ જવા માટે બનાવાયેલા ઓવરબ્રિજ બાદ વરસાદી પાણીના નિકાલની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિણામે ભારે વરસાદ દરમિયાન આરઝુ સોસાયટી અને અરમાન બંગલોઝમાં પાણી ભરાઇ જાય છે. જેના કારણે રહિશોને આર્થિક નુકસાન વેઠવું પડે છે. અનેક દિવસો સુધી લોકો ઘરોમાં જ રહેવા મજબૂર બને છે, જ્યારે સહરૂદ રોડ પર આવેલી દુકાનોના વેપારીઓના ધંધા-રોજગારને પણ અસર પહોંચે છે.

રજૂઆતમાં મુખ્યમંત્રીને વિનંતી કરવામાં આવી છે કે તેમના તાબાના અધિકારી પાસે ભરૂચના કલેક્ટર, નગરપાલિકાના ચીફ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારી સાથે સંકલન કરી આ સોસાયટી વિસ્તારમાં ગટર વ્યવસ્થા ઉભી કરવા તેમજ ઓવરબ્રિજ પરથી વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

**સ્થાનિક કાર્યકર મહેન્દ્રસિંહ રાજે ગટર વ્યવસ્થા અને વરસાદી પાણીના નિકાલ માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી**

# હાઇકોર્ટના નવા પરિપત્ર સામે વાગરા બાર એસો.નો બળાપો, ઉગ્ર આંદોલનની ચીમકી

## વાગરા વકીલ મંડળે અરજન્ટ કામગીરી સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરી અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત સાથે આવેદનપત્ર પાઠવ્યું

**ધબકાર પ્રતિનિધિ, વાગરા, તા. ૦૬**


(તસવીર : ઝફર ગડીમલ)

ગુજરાત હાઇકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્ર સામે વાગરા બાર એસોસિએશને કડક વિરોધ નોંધાવતા ન્યાય તંત્રને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. એસોસિએશને પરિપત્રમાં સમાવાયેલા નવા નિયમોને વકીલાત વ્યવસાય તેમજ ન્યાયિક પ્રક્રિયા માટે વ્યવહારુ રીતે અયોગ્ય ગણાવી તાત્કાલિક પરત ખેંચવાની અથવા તેમાં યોગ્ય સુધારા કરવાની માંગ ઉઠાવી હતી.આ મુદ્દે ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ, યુનિટ જજ, પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ તેમજ પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજને સંબોધીને વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત હાઇકોર્ટના તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના પરિપત્રનો અમલ ૧ ઓગસ્ટથી શરૂ કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ કોર્ટમાં રજૂ થતી અરજીઓ અને દસ્તાવેજો એ-૪ સાઇઝના કાગળમાં તેમજ નક્કી કરાયેલી પાનાની મર્યાદા સાથે રજૂ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. સાથે જ ચોક્કસ ફોન્ટ અને ફોર્મેટનો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. વાગરા બાર એસોસિએશનનું કહેવુ છે કે આ નિયમોના કારણે વકીલોને અનેક પ્રકારની વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. વકીલોના જણાવ્યા મુજબ, મુદત અરજી સહિતના દસ્તાવેજો નવા ફોર્મેટમાં તૈયાર કરાવવા માટે વધારાનો ખર્ચ થાય છે. માત્ર એક અરજી ટાઇપ કરાવવા માટે પાના દીઠ પ્રિન્ટિંગનો ખર્ચ અંદાજે રૂ. ૫૦ જેટલો થતો હોવાથી ખાસ કરીને જુનિયર વકીલો માટે આ આર્થિક બોજ સમાન છે. તેથી આ નિયમોમાં રાહત આપવામાં આવે તેવી માંગ પણ રજૂઆતમાં કરવામાં આવી છે.

બાર એસોસિએશને ભારપૂર્વક જણાવ્યુ છે કે અનેક કેસોમાં આરોપીની અગાઉની ગુનાહિત હિસ્ટ્રી, અગાઉના કોર્ટના આદેશો, સંબંધિત દસ્તાવેજો તેમજ વિવિધ અદાલતોના મહત્વપૂર્ણ ચુકાદાઓ રજૂ કરવા જરૂરી બનતા હોય છે. પાનાની મર્યાદાને કારણે તમામ જરૂરી વિગતો રજૂ કરવામાં મુશ્કેલી ઉભી થઇ રહી છે, જેના કારણે કેસની સંપૂર્ણ હકીકત કોર્ટ સમક્ષ મૂકવામાં અડચણ સર્જાઇ રહી છે. જેના કારણે ન્યાયિક પ્રક્રિયા પણ અસરગ્રસ્ત બની શકે છે. વકીલોએ વધુમાં જણાવ્યું કે અગાઉ અરજીઓમાં કેસ નંબર, પક્ષકારોના નામ તથા અન્ય જરૂરી વિગતોના આધારે સંબંધિત કેસો સરળતાથી શોધી શકાતા હતા. પરંતુ નવા ફોર્મેટમાં માહિતી મર્યાદિત થવાના કારણે કેસ ટ્રેસ કરવામાં પણ ગંભીર મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા છે. ખાસ કરીને વધુ દસ્તાવેજો ધરાવતા કેસોમાં દલીલો અને પુરાવા રજૂ કરવામાં વિલંબ થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

# ભરૂચ પાલિકાના વાર્ષિક હિસાબોને લઇને વિવાદ, કોંગ્રેસના ગંભીર આક્ષેપો, ચીફ ઓફિસરનો રદિયો

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૦૬**

ભરૂચ નગરપાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબોને લઇને રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસે હિસાબોમાં પારદર્શિતાનો અભાવ હોવાનો આક્ષેપ કરી સત્તાધારી પક્ષ અને નગરપાલિકા તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. જોકે, નગરપાલિકાના ચીફ ઓફિસર હરેશ અગ્રવાલે તમામ આક્ષેપોને ફગાવી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવ્યું છે.

કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોએ આરોપ લગાવ્યો છે કે ૧૭ જુલાઇના રોજ યોજાયેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો અંગે વિગતવાર ચર્ચા અને પુરાવા રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી. પરંતુ સત્તાધારી પક્ષે હોબાળો મચાવી કોઇ ચર્ચા કે મતદાન વગર જ સભા પૂર્ણ કરી દીધી.

કોંગ્રેસના જણાવ્યા મુજબ હિસાબોની માહિતી મેળવવા માટે નગરપાલિકાએ અંદાજે રૂા. ૭૦ હજારની ફી માંગવામાં આવી હતી. કોંગ્રેસનો દાવો છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ મુજબ ચૂંટાયેલા સભ્યોને આવી માહિતી વિનામૂલ્યે મેળવવાનો અધિકાર છે. કોંગ્રેસે વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો અંગે ફરીથી ખાસ સામાન્ય સભા બોલાવી ચર્ચા અને મતદાન બાદ મંજૂરી આપવાની, માંગેલી માહિતી નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવાની તેમજ સમગ્ર મામલે રાજ્ય સરકાર દ્વારા તપાસ કરાવવાની માંગ કરી છે. સાથે જ ચેતવણી આપી છે કે આગામી સાત દિવસમાં માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદીની અધ્યક્ષતામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં હેમેન્દ્ર કોઠીવાલા, સમસાદ અલી સૈયદ, ઝુબેર પટેલ, જીગ્નેશ બ્રહ્મભટ્ટ સહિતના ચૂંટાયેલા સભ્યો હાજર રહ્યા હતા.

બીજી તરફ, ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસર હરેશ અગ્રવાલે જણાવ્યું કે વોર્ડ નંબર-૧ના સભ્ય દ્વારા વર્ષ દરમિયાન થયેલા કામોની વિગતો, ટેન્ડરની નકલો સહિત ૪૦ હજારથી વધુ પાનાંની માહિતી માંગવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં ઝેરોક્સ કરાવવા માટેનો ખર્ચ નિયમો મુજબ વસૂલવાનો પત્ર આપવામાં આવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે જો આ ખર્ચ નગરપાલિકા ભોગવે તો જાહેર નાણાંનું આર્થિક નુકસાન થાય. તેથી પાલિકાના પ્રવર્તમાન નિયમો મુજબ જ કાર્યવાહી કરવામાં આવી છે.

**પારદર્શિતાના અભાવ, ચર્ચા દબાવવાના અને માહિતી માટે ફી માંગવાના કોંગ્રેસ દ્વારા આક્ષેપ : નિયમ મુજબ કાર્યવાહી થઇ હોવાનું પાલિકાનું રટણ**

# ફેમિલી ડોક્ટર શરીરની કાળજી કરે છે, ફેમિલી ગુરુ આત્માની કાળજી કરે છે - આ.રાજરક્ષિતસૂરિ

## શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ દાવણગેરેમાં સત્સંગ સભા યોજાઇ

**દાવણગેરે (કર્ણાટક), તા. ૦૬**

શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘમાં આ. રાજરક્ષિત સૂરિજીએ જણાવ્યું કે, માતાપિતાની હાય લેનારો સંસારી અને સદ્દગુરુની હાય લેનારો સાધુ જીવનમાં ક્યારે ય સફળતા પ્રાપ્ત કરી શકતો નથી. માતાપિતાની આશિષ અને સદ્દગુરુની કૃપા એ મોટું મંગલ છે. જે જીવનમાં અનેક ઉપલબ્ધિ પ્રાપ્ત કરાવે છે. જીવન વિકાસમાં સદ્દગુરુની મહત્વની ભૂમિકા છે. માટે દરેકના માથે સદ્દગુરુ હોવા જોઇએ. ફેમિલી ડોક્ટર શરીરની કાળજી કરે, ફેમિલી વકીલ કેસ જીતાડી આપે, ફેમિલી ગુરુ આત્માને કાળજી કરે છે. પરલોક સુધારીને પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે.

રામને માથે વશિષ્ઠ, અકબરને માથે હીરસૂરિજી, કુમારપાળને માથે હેમચન્દ્રાચાર્ય હતાં. ગુરુ વિનાનો નેપોલિયન સેન્ટ હેલી ટાપુમાં રીબાઇને મૃત્યુ પામ્યો. હરિભદ્ર સૂરિજીને હંસ - પરમહંસ મુનિના મૃત્યુમાં નિમિત્ત બનનાર બૌદ્ધ ઉપર ભયંકર ગુસ્સો આવ્યો. કડક એક્સન લીધી. ત્યારે તેમના ગુરુએ ગુણસેન-, અગ્નિશર્માના નવભવની કષાયની ભયાનકતા જણાવતાં શ્લોક મોકલ્યાં. એ વાંચતાં હરિભદ્ર સૂરિજીને ઘોર પશ્ચાતાપ થયો. શુદ્ધ પ્રાયષ્ચિત કર્યું. ગુરુએ ૧૪૪૪ ગ્રંથ રચના કરવાનો આદેશ કર્યો. જેથી જૈન જગતને વિશિષ્ટ કોટિના ૧૪૪૪ ગ્રંથની પ્રાપ્તિ થઇ. પાપ કરનાર પાપી નથી. જો થયેલા પાપો પર પશ્ચાતાપ કરતો હોય, ધર્મ કરનાર ધર્મી નથી જો ધર્મનો અહંકાર કરતો હોય. જન્મ શુદ્ધ ન બનાય તો પાપ શુદ્ધ તો બનવું જ જોઇએ. ભવાલોચના (પાપ શુદ્ધિ) કરનાર એક ભવ નહિ, કરોડો ભવોના પાપોનો ખાત્મો બોલાવે છે.

તા. ૭ સવારે ૭:૧૫થી ૯:૦૦ કલાકે સંગીત, શણગાર સાથે પ્રભુમિલન છે. તા. ૯ રવિવારે બકેશ્વર હોલમાં સવારે ૯:૩૦થી ૧૨:૩૦ એસ.ટી.એસ. શિબિર 'ઇટ્સ માય લાઇફ' વિષય પર યુવા પ્રવચનકાર પંન્યાસ નયરક્ષિત વિજયજી યુવા - યુવતિઓને સંબોધન કરશે.

# નર્મદા જિલ્લા બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઇકોર્ટના અરજી અંગેના પરિપત્રનો વિરોધ

## સુત્રોચાર સાથે રેલી કાઢી કામકાજથી અળગા રહી વિરોધ નોંધાવ્યો

**ધબકાર પ્રતિનિધિ, રાજપીપળા, તા. ૦૬**

ગુજરાત હાઇકોર્ટના પરિપત્ર મુજબ તમામ અરજીઓ માત્ર એ-૪ સાઇઝના કાગળ પર લોહિત ફોન્ટમાં કોમ્પ્યુટરાઇઝ્ડ સ્વરૂપે રજૂ કરવાની ફરજિયાત જોગવાઇ અંગે નર્મદા જિલ્લા બાર એસોસિએશને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. અને આજ રોજ સુત્રોચાર સાથે રેલી કાઢી કામકાજ થી અળગા રહી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

આ બાબતે અગાઉ પણ નર્મદા જિલ્લા બાર એસોસિએશન દ્વારા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, વહીવટી ન્યાયમૂર્તિ તથા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ નર્મદાને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઇન્ટરનેટ અને અન્ય ટેકનિકલ સુવિધાઓનો પૂરતો અભાવ છે. આવી સ્થિતિમાં નવી વ્યવસ્થા સામાન્ય વાદકારો તેમજ ગ્રામ્ય વિસ્તારના વકીલો માટે ગંભીર મુશ્કેલી ઊભી કરશે છે અને ન્યાય મેળવવામાં અનાવશ્યક વિલંબ તથા વધારાનો આર્થિક બોજ ઊભો થશે. બાર એસો.એ માંગણી કરી છે કે જ્યાં સુધી રાજ્યભરમાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી હાથથી લખેલી અરજીઓ તથા ફૂલસ્કેપ કાગળ પરની અરજીઓ અગાઉની જેમ સ્વીકારવામાં આવે. સાથે જ, હાલ બહાર પાડવામાં આવેલ આ નોટિફિકેશન કાયમી ધોરણે રદ કરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે. સાથેજ નર્મદા જિલ્લા બાર એસોસિએશન દ્વારા સર્વાનુમતે વધુમાં એવો પણ ઠરાવ કરવામાં આવ્યો છે કે આજથી અનિશ્ચિત સમય સુધી નર્મદા જિલ્લાના વકીલો અદાલતી કામગીરીથી અળગા રહેશે. જો સોમવાર સુધી આ નોટિફિકેશન પરત ખેંચવામાં નહીં આવે તો મંગળવારથી વધુ જ્વલંત અને વ્યાપક આંદોલન શરૂ કરવામાં આવશે.

## વ્યાપાર જગત

# મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડનો આઇપીઓ ૧૦ ઓગસ્ટે ખુલશે, પ્રાઇસ બેન્ડ રૂા. ૭૬૮થી રૂા. ૮૦૭

**અમદાવાદ, ૬ ઓગસ્ટ, ૨૦૨૬ :** મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડ સોમવાર, ૧૦ઓગસ્ટના રોજ રૂા. ૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા તેના ઇક્વિટી શેર્સનો આઇપીઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટેની બિડીંગ તારીખ, બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ શુક્રવાર, ૭ ઓગસ્ટ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ રહેશે. *બિડ/ઓફર બંધ થવાના દિવસે યુપીઆઇમેન્ડેટ સ્વીકારવાનો છેલ્લો સમય સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રહેશે.

ઓફર માટેનો પ્રાઇસ બેન્ડ રૂા. ૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઇક્વિટી શેર દીઠ રૂા. ૭૬૮થી રૂા. ૮૦૭ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૮ અને ત્યારબાદ ૧૮ શેરના ગુણાંકમાં બોલી લગાવી શકશે. આ ઓફરમાં રૂા. ૨,૦૦૦.૦૦ મિલિયન સુધીના ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ ઉપરાંત વેચાણકર્તા શેરધારકો દ્વારા ૯૧,૬૬,૦૦૦ સુધીના ઇક્વિટી શેરની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. પાત્ર કર્મચારીઓ માટે રૂ઼. ૧૫ મિલિયન સુધીનો એમ્પ્લોઇ રિઝર્વેશન હિસ્સો રાખવામાં આવ્યો છે. પાત્ર કર્મચારીઓને પ્રતિ ઇક્વિટી શેર રૂ઼. ૭૬નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, આઇઆઇએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ, જેફ્રીઝ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે. કંપનીના ઇક્વિટી શેરોને બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

# અંકલેશ્વર વાલિયા ચોકડી-જીઆઇડીસી ડેપોના શૌચાલયોના સંચાલનમાં બેદરકારી

**અંકલેશ્વર, તા. ૦૬**

અંકલેશ્વર જીઆઇડીસી નોટિફાઇડ વિસ્તારમાં વાલિયા ચોકડી, જીઆઇડીસી બસ સ્ટેશન અને આસપાસના જાહેર પે એન્ડ યુઝ શૌચાલયોના સંચાલન માટે ઇજારો આપવામાં આવ્યો છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા જાળવણીમાં બેદરકારી રાખવામાં આવતા જાહેર સુવિધાઓની સ્થિતિ બગડી હોવાનું સ્થાનિકો અને મુસાફરો કહે છે.



જીઆઇડીસી બસ ડેપો ખાતે આવેલા શૌચાલયમાં ગંદકી અને દુર્ગંધના કારણે રોજિંદા પ્રવાસીઓ અને આગંતુકોને મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોનો આરોપ છે કે શૌચાલયોમાં નિયમિત સફાઇ થતી નથી. પરિણામે અંદર દુર્ગંધ ફેલાઇ રહી છે અને ઉપયોગ કરવો મુશ્કેલ બન્યો છે. સ્થળ પર અનેક જગ્યાએ વોશબેસિન તૂટેલા જોવા મળે છે. કેટલાક ભાગમાં ફ્લોરિંગના પથ્થરો ઊખડી ગયા છે. શૌચાલયોના દરવાજા પણ તૂટેલી હાલતમાં હોવાથી કેટલાક કે બિન ઉપયોગમાં લઇ શકાય તેવી સ્થિતિમાં નથી. આ સ્થિતિને કારણે અંકલેશ્વર આવતા બહારગામના મુસાફરોને ખાસ કરીને બસ સ્ટેશન વિસ્તારમાં વધુ તકલીફ પડી રહી છે. શૌચાલયોની દયનીય હાલત સામે આવતા હવે જાગૃત નાગરિકો દ્વારા નોટિફાઇડ ઓથોરિટી સમક્ષ લેખિત રજૂઆત અને ફરિયાદ કરવાની તૈયારી આરંભી છે.

# નર્મદા જિલ્લાના બે નાગરિકો રાષ્ટ્રપતિના 'એટ હોમ રિસેપ્શનમાં' ભાગ લેશે

**ધબકાર પ્રતિનિધિ, રાજપીપળા, તા. ૦૬**



તા. ૧૫મી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં 'એટ હોમ રિસેપ્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ માટે નર્મદા જિલ્લાના બે પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રણ મળતાં સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે.

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના પાંચ પીપરી ગામના પ્રકૃતિ પ્રેમી અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ઉષાબેન વસાવા તેમજ રાજપીપળાના દેવનારાયણ સોસાયટીના રહેવાસી અને ખૂટાઆંબા ગામે પશુપાલન વિભાગમાં ફરજ બજાવતા વિશાલભાઇ તડવીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ઉષાબેન વસાવા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પ્રગતિશીલ મહિલા ખેડૂત આગેવાન છે. જેમણે વર્ષ ૨૦૦૫થી તાલુકા લેવલથી 'શ્રી નવ જીવન આદિવાસી મહિલા વિકાસ મંચની સાથે જોડાયેલા છે. તે જ રીતે, વિશાલભાઇ તડવીએ પશુપાલન વિભાગમાં પોતાની ફરજ દરમિયાન જિલ્લામાં ઘરે-ઘરે પહોંચી પશુઓના રસીકરણ, પશુ આરોગ્ય જાળવણી તેમજ વૈજ્ઞાનિક પશુપાલન અંગે પશુપાલકોને માર્ગદર્શન આપી ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. તેમની નિષ્ઠાપૂર્વકની સેવાઓના સન્માનરૂપે તેમને પણ રાષ્ટ્રપતિ ભવનના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા છે.

# અંકલેશ્વરના તાડ ફળિયામાં જુગાર ક્લબ પર સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

## ૧૩ જુગારી ઝડપાયા, ૬૦થી વધુ વોન્ટેડ જાહેર


(તસવીર : ઉમેશ ગાંધી)

**ધબકાર પ્રતિનિધિ, અંકલેશ્વર, તા. ૦૬**

અંકલેશ્વર શહેરના તાડ ફળિયામાં ચાલતા એક જુગાર ક્લબ પર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં ૧૩ જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેમની પાસેથી રૂા. ૨.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ ભરૂચ જિલ્લામાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે તેમને બાતમી મળી હતી કે અંકલેશ્વર શહેરના તાડ ફળિયામાં સલીમ હુસેન સૈયદ, ઝાકીર કમરુદ્દીન શેખ, કાંતિ મોરા અને વિજય દલપત વસાવા દ્વારા જુગાર ક્લબ ચલાવવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડા પાડયા હતા. સ્થળ પરથી પોલીસે રોકડા રૂા. ૧.૫૫ લાખ અને ૧૯ મોબાઇલ ફોન સહિત કુલ રૂા. ૨.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલા જુગારીઓમાં ગુલામ મુસ્તુફા ગુલામ, ફરીદખાન હબીબખાન પઠાણ, ભાવરાવ દગા વાનખેડે, સંતોષકુમાર બાબુલાલ પટેલ, જયેશ હીરા જીવરાજાણી, મહેન્દ્રસિંહ હિમંતસિંહ ભદોરીયા, બિપિન ધનસુખ બગટના, ધર્મેન્દ્ર અંબારામ પટેલ, અભિષેક વિજય જોશી, હિરેશ બાબુલાલ ભિયાણી, જીવન નાનજી કોળી, મેહુલ રમણ સુરતી અને સલીમ ગેમલસંગ રાજનો સમાવેશ થાય છે

આ દરોડા દરમિયાન, જુગાર ક્લબના ચાર મુખ્ય સૂત્રધાર સહિત ૬૦થી ૭૦ જેટલા અન્ય જુગારીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા તેમની શોધખોળ ચાલુ છે.

# ખામીયુક્ત ટાઉન પ્લાનિંગ સુરત શહેરને 'ઓર્ગેનાઇઝ્ડ અર્બન સ્લમ' તરફ ધકેલી શકે છે

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬**

તાજેતરમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ટાઉન પ્લાનિંગમાં રહેલી ખામીઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં નોંધ્યું હતું કે, આવા અયોગ્ય આયોજનથી શહેરોમાં 'ઓર્ગેનાઇઝ્ડ અર્બન સ્લમ' સર્જાઈ રહ્યા છે. હાઈકોર્ટની આ ટિપ્પણી સુરત જેવા ઝડપથી વિકસતા શહેરો માટે પણ એક મોટી ચેતવણીરૂપ છે. જાણીતા અર્બન પ્લાનર અને સાયન્ટિસ્ટ ડૉ. પંકજ ગાંધીએ સુરત માટે લાલબત્તી ધરતા જણાવ્યું છે કે, શહેરી આયોજનમાં કુદરતી ખાડીઓ, ડ્રેનેજ ચેનલો અને નીચાણવાળા વિસ્તારોની જાળવણીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી અત્યંત જરૂરી છે.

તેમના જણાવ્યા મુજબ, શહેરમાં કુદરતી જળમાર્ગોમાં દબાણગીરી, અયોગ્ય જમીન ઉપયોગ અને ખાડી કિનારે વધતા ગેરકાયદે બાંધકામોને કારણે વરસાદી પાણીના નિકાલમાં મોટો અવરોધ ઊભો થાય છે. સુરતમાં સર્જાતું શહેરી પૂર એ માત્ર ભારે વરસાદનું જ પરિણામ નથી, પરંતુ તે ખામીયુક્ત ટાઉન પ્લાનિંગ અને પૂરપ્રવણ વિસ્તારોમાં વધતા દબાણનું સંયુક્ત પરિણામ છે. વારંવાર પાણી ભરાવાની સ્થિતિના કારણે આવા વિસ્તારો ધીમે ધીમે નીચી ગુણવત્તાવાળી શહેરી વસાહતોમાં પરિવર્તિત થવાનો ભય રહે છે, જેની સીધી અસર લોકોના આરોગ્ય, સ્વચ્છતા અને જીવનધોરણ પર પડે છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરતની તમામ ટાઉન પ્લાનિંગ યોજનાઓમાં કુદરતી ડ્રેનેજ નેટવર્ક, ફ્લડ પ્લેઇન અને વેટલેન્ડ્સનું વૈજ્ઞાનિક મેપિંગ કરીને તેનું કડક સંરક્ષણ કરવું સમયની માંગ છે. સુરતે માત્ર કોંક્રિટના વિકાસ પર ભાર મૂકવાને બદલે પૂર જોખમ આધારિત આયોજન અપનાવવું પડશે. જો કુદરતી જળવ્યવસ્થાને અવગણવામાં આવશે તો ભવિષ્યમાં આર્થિક નુકસાન અને અવ્યવસ્થિત વસાહતોની સમસ્યા વધુ વકરશે. પર્યાવરણ અને કુદરતી જળમાર્ગોના જતન થકી જ સુરતનો ખરા અર્થમાં ટકાઉ વિકાસ શક્ય છે.

**પંજાબ-હરિયાણા હાઈકોર્ટની ટિપ્પણી બાદ સુરત માટે લાલબત્તી: કુદરતી ખાડીઓ અને ડ્રેનેજ પરના દબાણોથી શહેરી પૂરનું જોખમ વધશે, ટકાઉ વિકાસ માટે વૈજ્ઞાનિક આયોજન જરૂરી**

# જસ ટેક્ષટાઈલ માર્કેટની શ્રી શક્તિ સારીઝ ફર્મનાં વેપારી સાથે ૧૨.૧૯ લાખની ઠગાઈ

## સાઉથ ઈન્ડિયા ટેક્ષટાઈલ એજન્સીનાં બાલાજી રામમુર્થીએ સાડીઓ ખરીદી ઉઠમણું કર્યું

**ધબકાર પ્રતિનિધિ, સુરત. તા.૦૬**

રિંગરોડ સ્થિત જસ ટેક્ષટાઈલ માર્કેટમાં શ્રી શક્તિ સારીઝ ફર્મનાં વેપારી પાસે સહારા દરવાજા એસ.એમ.સી માર્કેટ ની સાઉથ ઈન્ડિયા ટેક્ષટાઈલ એજન્સીનાં વેપારી દ્વારા સાડી નો માલ ખરીદી રૂ. ૧૨.૧૯ લાખની રકમ નહી ચૂકવી ઉઠમણું કરવામાં આવ્યું હતું.

સલાબતપુરા પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ સિંગણપોર કોઝવે રોડ સ્થિત દેવપ્રયાગ રેસીડેન્સી માં રહેતા પાર્થ મહેશકુમાર ખુંટ હાલ સૈયદપુરા ચંદુલાલ શેઠ ની શેરી સ્થિત નીલકંઠ રેસીડન્સી-૧ માં આર.કે પટેલ એન્ડ કંપની માં એકાઉન્ટ તરીકે નોકરી કરે છે. ૨૦૨૧ માં તેઓ રિંગરોડ સ્થિત જસ ટેક્ષટાઈલ માર્કેટની દુકાન નં. ૪૫ માં શ્રી શક્તિ સારીઝ નામથી સાડીનો વેપાર કરતાં હતા. તે વેળા સહારા દરવાજા એસ.એમ.સી માર્કેટ ખાતે સાઉથ ઈન્ડિયા ટેક્ષટાઈલ એજન્સી ધરાવતાં વેપારી બાલાજી રામમુર્થી એ પ્રથમ રોકડેથી સાડી ખરીદી વિશ્વાસ સંપાદન કર્યો હતો. બાદ તા. ૨૦/૦૭/૨૨ થી તા. ૧૭/૧૦/૨૨ દરમિયાન ખરીદવામાં આવેલી સાડી પેટે બાકી રહેતી રૂ. ૧૨,૧૯,૬૨૫ ની રકમ ચુકવવા આગાઉ દુકાન બંધ કરી દઈ ઉઠમણું કર્યુ હતું. જે મામલે કરાયેલી અરજી આધારે પાર્થ ખુંટ દ્વારા ગતરોજ સલાબતપુરા પોલીસ મથકમાં વેપારી બાલાજી રામમુર્થી વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૨૦ અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ સંદર્ભેની તપાસ પોસઈ એમ.એચ ઝાલા કરી રહ્યાં છે.

# રાજ્યના ૩ લાખ શિક્ષકોના પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે 'સેવા સમાધાન પોર્ટલ' લોન્ચ

**ધબકાર પ્રતિનિધિ, ગાંધીનગર, તા. ૦૬**




રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓના શિક્ષકોના વહીવટી પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણ વિભાગ દ્વારા 'સેવા સમાધાન પોર્ટલ' લોન્ચ કરાયું છે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં આ પોર્ટલનો શુભારંભ કરાયો હતો. આ ડિજિટલ પહેલથી રાજ્યના ૩ લાખથી વધુ શિક્ષકોને સીધો લાભ મળશે અને તેઓને પોતાના સેવાકીય પ્રશ્નો માટે તાલુકા કે જિલ્લા કચેરીઓના ધક્કા ખાવામાંથી કાયમી મુક્તિ મળશે. મંત્રી વાજાએ જણાવ્યું કે, સરકારનો મુખ્ય અભિગમ 'ક્લાસરૂમ-ફર્સ્ટ'નો છે, જેથી શિક્ષકો વહીવટી બોજમાંથી મુક્ત થઈ વર્ગખંડમાં શિક્ષણ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

**પોર્ટલ હેઠળ સમાવિષ્ટ ૮ મુખ્ય સેવાઓ**

૧. ઉચ્ચતર પગાર ધોરણ: પ્રથમ, દ્વિતીય અને તૃતીય તબક્કાની મંજૂરી.
૨. પ્રવાસ ભથ્થું (LTC): પ્રવાસ ભથ્થું અને રિઈમ્બર્સમેન્ટ.
૩. એરિયર્સ: પડતર બાકી રકમનું નિરાકરણ.
૪. પૂરા પગારમાં સમાવેશ: ફિક્સ પગારમાંથી કાયમી પગાર કરવો.
૫. CPF સંબંધી બાબતો: CPF નંબર/GYIS અને રકમ ઉપાડ.
૬. GPF સંબંધી બાબતો: GPF નંબર, GYIS, આંશિક/૯૦% આખરી ઉપાડ.
૭. રજા મંજૂરી: વિવિધ પ્રકારની રજાઓની ઓનલાઈન મંજૂરી.
૮. પેન્શન સંબંધી બાબતો: નિવૃત્તિ લાભોનું સત્વરે નિરાકરણ.

આ પોર્ટલ મારફતે શિક્ષકોના ફિક્સ પગારમાંથી કાયમી કરવા, ઉચ્ચતર પગાર ધોરણ, સીપીએફ, જીપીએફ, રજા મંજૂરી, પેન્શન અને એરિયર્સ જેવા પ્રશ્નોનું ઓનલાઈન નિરાકરણ લાવી શકાશે. પ્રથમ તબક્કામાં ૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. શિક્ષકો ટીચર કોડ અને ઓટીપી વડે લોગિન કરી અરજી નોંધાવી શકશે. પ્રક્રિયા દરમિયાન એસએમએસ એલર્ટ મળશે અને જો નિર્ણયથી સંતોષ ન થાય તો શિક્ષક 'કીપ ઓપન' વિકલ્પ પસંદ કરી પુનઃ સમીક્ષા કરાવી શકશે.

આ પોર્ટલ થકી રાજ્ય સરકાર સીધું મોનિટરિંગ કરશે કે કયા જિલ્લામાં શિક્ષકોના કેટલા પ્રશ્નો પડતર છે. જેના આધારે ડીઈઓ, ડીપીઈઓ તેમજ શાસનાધિકારીઓની કામગીરીનું માપન થશે. ભવિષ્યમાં આ ડેટાના આધારે જ અધિકારીઓનું વાર્ષિક મૂલ્યાંકન કરાશે. કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ મિલીદ તોરવણે, રણજીતકુમાર અને મુકેશ પંડ્યા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે પોર્ટલનો શુભારંભ: 'ક્લાસરૂમ-ફર્સ્ટ'ના અભિગમ સાથે શિક્ષકોને કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે, ડીઈઓ અને ડીપીઈઓની કામગીરીનું સીધું મોનિટરિંગ થશે**

# રાજ્ય સરકાર દ્વારા યોજનાઓના સેચ્યુરેશન માટે રાજ્યવ્યાપી 'સેવાસેતુ' કાર્યક્રમની જાહેરાત

## ગ્રામ્ય વિસ્તારોમાં બે તબક્કામાં 'સેવાસેતુ ૨.૧' અને શહેરી વિસ્તારોમાં ૨૧ સપ્ટેમ્બરથી ૧૨મો તબક્કો યોજાશે: જીએડી દ્વારા પંચાયતો અને પાલિકાઓ માટે માર્ગદર્શિકા જાહેર

**ધબકાર પ્રતિનિધિ, ગાંધીનગર. તા. ૦૬**

રાજ્યના નાગરિકોને સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ તેમના ઘરઆંગણે, ઓછા સમયમાં અને પારદર્શક રીતે મળી રહે તે માટે ગુજરાત સરકારે 'ગવર્નમેન્ટ ટુ સિટીઝન' અભિગમ સાથે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા માર્ગદર્શન હેઠળ સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) દ્વારા રાજ્યવ્યાપી 'સેવાસેતુ' કાર્યક્રમ યોજવા અંગે ઠરાવ કરીને સત્તાવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. દસ્તાવેજોના અભાવે કોઈ પણ પાત્ર નાગરિક સરકારી યોજનાથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા આ સઘન આયોજન કરાયું છે.

ગ્રામ્ય વિસ્તારોમાં 'સેવાસેતુ ૨.૧' બે તબક્કામાં યોજાશે. જેનો પ્રથમ તબક્કો ૬ ઓગસ્ટથી ૧૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન આધાર કાર્ડ, રેશન કાર્ડ, આવકના દાખલા, ઈ-કેવાયસી અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની સેવાઓ માટે દસ્તાવેજોની તૈયારી કરી પાત્ર લાભાર્થીઓની ઓળખ કરાશે. ત્યારબાદ ૨૧ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર દરમિયાન બીજા તબક્કામાં ક્લસ્ટર સ્તરે શિબિરો યોજીને સ્થળ પર જ સરકારી સેવાઓનો લાભ આપવામાં આવશે. આ શિબિરોમાં એક જ સ્થળે તમામ વિભાગોના અધિકારીઓ હાજર રહીને મોટાભાગની અરજીઓનો ત્વરિત નિકાલ કરશે.

બીજી તરફ, શહેરી વિસ્તારોમાં પણ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા ૨૧ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર દરમિયાન સેવાસેતુનો ૧૨મો તબક્કો યોજાશે. જેમાં વોર્ડ ક્લસ્ટર બનાવી શિબિરો યોજવામાં આવશે. આ શિબિરોમાં માત્ર પ્રમાણપત્રો જ નહીં અપાય, પરંતુ નાગરિકોને ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને ભીમ એપ જેવી ડિજિટલ સેવાઓ અંગે ખાસ તાલીમ પણ આપવામાં આવશે. છેલ્લા દસ વર્ષમાં ૩.૭ કરોડથી વધુ નાગરિકોએ સેવાસેતુનો લાભ લીધો છે, ત્યારે શત-પ્રતિશત સેચ્યુરેશનના લક્ષ્ય સાથે શરૂ થઈ રહેલો આ નવો તબક્કો પારદર્શક વહીવટની દિશામાં માઈલસ્ટોન સાબિત થશે.

# ઓલપાડ ખાતે ફેક્ટરી ધરાવતા કતારગામનાં વીવર સાથે ઠગાઈ કરનાર વેપારીની ધરપકડ

## સારોલીની રાધા રમણ ટેક્ષટાઇલ માર્કેટની ગીતા ફેશન નાં વેપારી સમીર પૌલે દલાલ દ્વારા ૨૨.૬૦ લાખનો કાપડનો માલ મંગાવી ઉઠમણું કર્યું હતું

**ધબકાર પ્રતિનિધિ, સુરત. તા.૦૬**

ઓલપાડ ખાતે મારુતિ ટેક્ષ અને શ્રી કપી ટેક્ષટાઈલ ફર્મ થકી ગ્રે કાપડ બનાવતાં વિવર પાસે દલાલ મારફતે કાપડનો માલ મંગાવી રૂ. ૨૨.૬૦ લાખની રકમ નહી ચૂકવી ઉઠમણું કરી ઠગાઈ કરવા મામલે સારોલી પોલીસ દ્વારા સારોલીની રાધા રમણ ટેક્ષટાઇલ માર્કેટની ગીતા ફેશન નાં વેપારી ની ધરપકડ કરવામાં આવી છે.

સારોલી પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ કતારગામ વેડરોડ સ્થિત એલિફન્ટા હાઈટ્સ ની બાજુમાં રોસ્કો બિલ્ડીગમાં રહેતા પાર્થભાઈ મુકેશભાઈ માંગુકીયા ઓલપાડ તાલુકાનાં દેલાડવા ગામ ખાતે મારુતિ ટેક્ષ અને શ્રીકપી ટેક્ષટાઈલ ફર્મ થકી ગ્રે કાપડ બનાવી વેચાણ કરે છે. સારોલી સ્થિત રાધા રમણ ટેક્ષટાઇલ માર્કેટ (આર. આર. ટી. એમ-૧)ની દુકાન નં. ૫૩૪ માં ગીતા ફેશન ફર્મ ધરાવતાં વેપારી સમીર પૌલ એ કાપડ દલાલ યોગેશ કાંતીભાઈ વસોયા દ્વારા તા. ૧૪/૨/૨૬ થી તા. ૧૫/૪/૨૬ દરમિયાન પાર્થભાઈની બંને ફર્મમાંથી કુલ રૂ. ૨૨,૬૦,૩૨૮ ની કિમંત નો ગ્રે કાપડનો માલ મંગાવ્યો હતો. બાદ નાણાં નહી ચૂકવી દુકાન બંધ કરી દઈ ઉઠમણું કરવામાં આવ્યું હતું. જે મામલે વિવર પાર્થભાઈ માંગુકિયા દ્વારા તા. ૪/૮/૨૬ નાં રોજ સારોલી પોલીસ મથકમાં વેપારી સમીર પૌલ અને દલાલ યોગેશ વસોયા વિરુદ્ધ બી એન એસ ની કલમ ૩૧૬(૫) તથા ૫૪ અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ સંદર્ભે પોસઈ યુ.બી મેંદપરા દ્વારા વેપારી સુમીરકુમાર ભુતનાથ પૌલ (ઉ.વ. ૫૬, રહે. બી/૨૦૫, મુંડેશ્વરી કોમ્પ્લેક્ષ, એલ.પી સવાણી સ્કુલ ની પાસે, અડાજણ, સુરત. મૂળ વતન. રોડ નં. ૬, ઈન્દ્રપુરી, રાતુરોડ, રાંચી, તા.જી. રાંચી, ઝારખંડ) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શહેર જિલ્લાની સબ રજીસ્ટ્રાર કચેરીમાં કોન્ટ્રાક્ટ કર્મચારીઓના શોષણનો આક્ષેપ

**ધબકાર પ્રતિનિધિ,સુરત, તા. ૬**

સુરત શહેર અને જિલ્લાના વિવિધ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં છેલ્લા પાંચથી દસ વર્ષથી કોન્ટ્રાક્ટ પર કામ કરતા ૧૦૦થી વધુ કર્મચારીઓની નોકરી પર સંકટ ઊભું થયું છે. કર્મચારીઓએ રાજ્યપાલ, મુખ્યમંત્રી, વડાપ્રધાન સહિત રાજ્ય અને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરીને તેમની નોકરી ચાલુ રાખવા માંગ કરી છે.

વિવિધ કક્ષાએ કરાયેલી રજુઆતમાં કોન્ટ્રાક્ટ હેઠળના કર્મચારીઓએ જણાવ્યું છે કે તેઓ "ભૂમિ એન્ટરપ્રાઇઝ" અને "સિલ્વર ટચ ટેકનોલોજીસ લિમિટેડ" મારફતે ક્લાર્ક, ડેટા એન્ટ્રી, સ્કેનિંગ અને પેજિંગનું કામ કરે છે. ઘણા વર્ષોથી ફરજ બજાવતા હોવા છતાં તેમને નિમણૂક પત્ર, નિયમિત પગાર સ્લિપ જેવી જરૂરી સુવિધાઓ મળી નથી. સાથે જ લઘુત્તમ વેતન, પીએફ અને ESICના નિયમોનું પણ યોગ્ય પાલન થતું નથી, એવો આક્ષેપ કરવામાં આવ્યો છે. કર્મચારીઓના જણાવ્યા પ્રમાણે, પોતાના પગાર અને અન્ય હકો અંગે માહિતી ની માંગણી કર્યા બાદ ગત ૨૨ જુલાઈએ ઘણા કર્મચારીઓના ટ્રાન્સફર ઓર્ડર આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ૫ ઓગસ્ટથી કેટલીક કચેરીઓમાં હાલના કર્મચારીઓના બદલે નવા ઓપરેટરોને મૂકવાની કાર્યવાહી શરૂ થતાં કર્મચારીઓમાં ચિંતા વધી છે.

આ મુદ્દે સુરત, અબ્રામા, બારડોલી, પલસાણા, માંગરોળ, કામરેજ અને મહુવાની સબ રજીસ્ટ્રાર કચેરીઓના ૫૦થી વધુ કર્મચારીઓએ સંયુક્ત રજૂઆત કરી છે. તેમણે કલેક્ટરની દેખરેખ હેઠળ શ્રમ વિભાગ, EPFO અને ESIC દ્વારા સમગ્ર મામલાની તપાસ કરાવવા, નિર્ણય ન આવે ત્યાં સુધી હાલના કર્મચારીઓને કામ પર યથાવત રાખવા અને નિયમોનો ભંગ કરનાર સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**કર્મચારીઓએ ભૂમી એન્ટર પ્રાઈસ અને સિલ્વર ટચ ટેકનોલોજી પાસે પગાર અને અન્ય હક્કો માગતા બંને એજન્સીઓએ કર્મચારીઓને કાઢી મૂકવાની હલચલ કરાતા વિરોધ**

# કતારગામમાં એમ્બ્રોઈડરી કારીગરે અગમ્ય કારણોસર ફાંસો ખાધો

## સંતોષ નાહકે રાત પાળી પતાવી ઘરે આવ્યા બાદ આ અંતિમ પગલું ભરી લીધું

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬**

કતારગામના ગૌતમનાગરમાં રહેતા ૩૦ વર્ષીય એમ્બ્રોઇડરી કારીગરે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઓરિસ્સા ગંજામના વતની અને હાલ કતારગામ સુમુલ ડેરી રોડ પર આવેલ ગૌતમ નગરમાં ૩૦ વર્ષીય સંતોષ નરસિંહ નાહક પરિવાર સાથે રહેતો હતો અને એમ્બ્રોઇડરીના કારખાનામાં કામ કરી પત્ની, એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. તેની પત્ની ઘર બેઠા ધાગા-કટીંગનું કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થાય છે. ગઈકાલે રાત્રે નાઈટ પાળીમાં નોકરી પરથી પરત ઘરે આવી સૂતો હતો. બાદમાં આજે બપોરે ઘરે જમ્યા બાદ સંતોષે એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ પત્નીને થતા જ તેને ફાંસો ખાધેલી હાલતમાં નીચે ઉતારી સારવાર માટે બનેવી સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. સંતોષે કયા કારણસાર આ અંતિમ પગલું ભર્યું તે જાણવા કતારગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મગોબ રઘુવીર ટ્રેડ સેન્ટરના ત્રણ વેપારીઓ સાથે ૪.૫૩ કરોડની ઠગાઈ મામલે એકની ધરપકડ

## દલાલ દ્વારા મહિલા સહીત ૨૦ વેપારીએ કાપડનો માલ મંગાવ્યો હતો : હિરેન પોપટની ધરપકડ

**ધબકાર પ્રતિનિધિ, સુરત. તા.૦૬**

મગોબ રઘુવીર ટ્રેડ સેન્ટરમાં લીલન ફેબ્રીક ફર્મ સહીતનાં ૩ વેપારી પાસે મહિધરપુરાની વિરા ટેક્ષટાઈલ એજન્સીનાં બે દલાલ દ્વારા સુરત અને અમદાવાદનાં મહિલા સહીત ૨૦ વેપારીઓએ ફેબ્રીક કાપડનો માલ મંગાવી નાણાં નહી ચુકવી રૂ. ૪.૫૩ કરોડ ની ઠગાઈ કરી હતી. જે મામલે સારોલી પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે.

સારોલી પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ પુણા કુંભારિયા રોડ સ્થિત ઈન્ટરસિટી ટાઉનશિપમાં રહેતાં ચિરાગ મગનભાઈ ચૌધરી મગોબ ખાતે રઘુવીર ટ્રેડ સેન્ટર માં લીલન ફેબ્રીક નામથી પ્રિન્ટેડ ફેબિક કાપડનો વેપાર કરે છે. મહિધરપુરા ફાલસાવાડી સ્થિત ગોલ્ડન પોઈન્ટમાં વિરા ટેક્ષટાઈલ એજન્સી ધરાવતાં દલાલ રોહતી તેલપુરીયા અને વિશાલ ગાંધીએ તા. ૨૭/૧૨/૨૪ થી તા. ૧૧/૮/૨૫ દરમિયાન સુરત અને અમદાવાદનાં મહિલા સહિતનાં ૨૦ વેપારીઓને ફેબ્રીક કાપડનો માલ અપાવ્યો હતો. જે પેટે તમામ દ્વારા બાકી રહેતી રૂ. ૪,૫૩,૪૯,૫૪૧ ની રકમ નહી ચુકવી ઠગાઈ કરવામાં આવી હતી. જે મામલે ત્રણેય વેપારીઓ વતી ચિરાગ ચૌધરી દ્વારા તા. ૨૧/૦૩/૨૬ નાં રોજ સારોલી પોલીસ મથકમાં દલાલ અને વેપારી સહીત ૨૨ મળતીયા વિરુદ્ધ બી.એન. એસ ની કલમ ૩૧૬(૫), ૬૧(૨) તથા ૩(૫) અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે આ અગાઉ આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા અમદાવાદનાં વેપારી જયદીપ જગદીશભાઈ સોની, કાપડ દલાલ વિશાલ કનૈયાલાલ ગાંધી, અમિતકુમાર રમેશચંદ્ર જૈન, મેહુલ પ્રવીણભાઈ જાગાણી અને દલાલ રોહિતભાઈ ચંદનમલજી તેલપુરીયા જાતે જૈન ની ધરપકડ બાદ ગતરોજ વધુ એક આરોપી હિરેનભાઈ રમેશભાઈ પોપટ જાતે ઠક્કર (ઉ.વ. ૪૨, ધંધો. નોકરી, રહે. ઈ/૦૪, મંદાકિની બિલ્ડીગ, શિવ વલ્લભ ક્રોસ રોડ, રાવલપાડા, દહીસર-ઈસ્ટ, મુંબઈ મૂળ વતન. ગામ-વાસજાલીયા, તા. જામજોધપુર, જી. જામનગર) ની ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# પંચાયતોમાં ઓડિટ થયા બાદ એગ્ઝિટ કોન્ફરન્સ' ફરજિયાત કરાઈ

**ધબકાર પ્રતિનિધિ, ગાંધીનગર, તા. ૦૬**

ગુજરાત સરકારે પંચાયતી રાજ વ્યવસ્થામાં પારદર્શિતા અને સુશાસનને વધુ મજબૂત બનાવવા માટે એક અત્યંત મહત્વનો નિર્ણય કર્યો છે. અત્યાર સુધી પંચાયતોના વાર્ષિક ઓડિટમાં સામે આવતી ગંભીર નાણાકીય ગેરરીતિઓ અંગે કાર્યવાહીમાં ભારે વહીવટી વિલંબ થતો હતો. પરંતુ હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ભ્રષ્ટાચાર સામે લાલ આંખ કરી છે અને તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ) ને ઓડિટ બાદ ફરજિયાત 'એગ્ઝિટ કોન્ફરન્સ' યોજવા કડક સૂચના આપી છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગત ૨૮મી જુલાઈએ જાહેર કરાયેલા નવા પરિપત્ર મુજબ, હવેથી દરેક ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતનું વાર્ષિક ઓડિટ પૂર્ણ થતાં જ નિર્ધારિત દિવસે 'ડીડીઓ' ની અધ્યક્ષતામાં એગ્ઝિટ કોન્ફરન્સ યોજાશે. આ બેઠકમાં સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના વરિષ્ઠ ઓડિટ અધિકારીઓ દ્વારા ઉચાપત, ગેરકાયદેસર ભરતી, નિયમ વિરુદ્ધની ખરીદી અને ગંભીર નાણાકીય ક્ષતિઓ સીધી રજૂ કરવામાં આવશે. જેના આધારે 'ડીડીઓ' દ્વારા આક્ષેપિત અધિકારી કે કર્મચારી સામે પ્રાથમિકતાના ધોરણે તાત્કાલિક શિસ્તભંગ, નિવારક કે કાનૂની કાર્યવાહી શરૂ કરી શકાશે.

આ નવી વ્યવસ્થાથી ઓડિટ રિપોર્ટ હવે માત્ર ફાઈલોમાં ધૂળ નહીં ખાય, પરંતુ ત્વરિત અને અસરકારક કાર્યવાહીનો આધાર બનશે. સરકારના આ પગલાંથી પંચાયતી રાજ સંસ્થાઓમાં જવાબદારીની ભાવના વધશે. ગામના વિકાસ માટે ફાળવાયેલા જાહેર નાણાંનો દુરુપયોગ અટકશે અને રસ્તા, પાણી તેમજ સ્વચ્છતા જેવા વિકાસકાર્યોમાં ગુણવત્તા સુધરતા છેવાડાના સામાન્ય ગ્રામજનોને તેનો સીધો અને મોટો લાભ મળશે.

**ઓડિટ પૂર્ણ થતાં જ 'ડીડીઓ'ની અધ્યક્ષતામાં બેઠક યોજાશે: કસૂરવાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લેવાશે, પ્રજાના નાણાંની સલામતી સાથે ગ્રામ્ય વિકાસને મળશે વેગ**

પાના ૧ નું શેષ

### નવી પેઢી

ઉકેલ નથી, તેનાથી બ્લેક માર્કેટિંગ વધશે. સમાજે જાતે જ સ્વયંશિસ્ત કેળવવી પડશે અને ડીપફેક જેવા નકલી વીડિયોથી સાવચેત રહેવું પડશે. સેમ-સેક્સ મેરેજ અને એલજીબીટીક્યુ પ્લસ સમુદાય અંગે ભાગવતે જણાવ્યું હતું કે તેઓ સમાજનો જ એક હિસ્સો છે અને ભારતીય સમાજમાં આવા સમુદાયોને સમાવી લેવાની જૂની પરંપરા રહી છે. ઉપરાંત, તેમણે પાકિસ્તાન અને ચીન સાથે સામાન્ય સંજોગોમાં સંવાદ ચાલુ રાખવાની પણ તરફેણ કરી હતી.

### તમામ પાકિસ્તાનીઓ

સંબંધો ભલે થોડા સમય માટે સ્થગિત થાય, પરંતુ તે કાયમ માટે તૂટવા ન જોઈએ. ચીન ૨૦૦૦ વર્ષ પહેલાં ભારત પાસેથી બૌદ્ધ ધર્મ પામ્યું હતું અને પાકિસ્તાન ૧૩૦ વર્ષ પહેલાં ભારતનો જ હિસ્સો હતું. આ ઐતિહાસિક સંબંધોને ક્યારેય ભૂંસી શકાય નહીં. હંમેશા નફરત અને દુશ્મનાવટ જાળવી રાખવી એ કોઈ સમસ્યાનો કાયમી ઉકેલ નથી.

### પીએમ મોદીના

અમેરિકાની મુલાકાત પાછળ ૧૬.૫૪ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

મંત્રીએ ગૃહમાં સ્પષ્ટતા કરી હતી કે વડાપ્રધાનના આ ઉચ્ચ સ્તરીય પ્રવાસો વિદેશી દેશો સાથેના સંબંધો મજબૂત કરવા અને દ્વિપક્ષીય ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સરકારના પ્રયાસો અને આ પ્રવાસોના પરિણામે એપ્રિલ ૨૦૨૧ થી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે દેશમાં ૧૬૧.૮ અબજ ડોલરનું વિદેશી રોકાણ એટલે કે એફડીઆઈ (ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ) આવ્યું છે અને વિવિધ ક્ષેત્રોમાં કુલ ૩૧૬ સમજૂતી કરારો (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

### જેન ઝેડ

ઘટના બાદ સરકારે પોતાના તમામ મંત્રીઓને યુવાઓમાં લોકપ્રિય એવા ઈન્સ્ટાગ્રામ અને સ્નેપચેટ જેવા પ્લેટફોર્મ્સ પર વધુ સક્રિય થવા સૂચના આપી છે. હવે લાંબા અને ઔપચારિક લખાણોને બદલે સંગીત, મીમ્સ અને રમૂજ સાથેના ટૂંકા વીડિયો પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

બીજેપી ના સોશિયલ મીડિયા વડા અમિત માલવિયાએ સ્પષ્ટ કર્યું છે કે હવે વિદ્યાર્થીઓ અને યુવા ગ્રાહકો પાર્ટીના કેન્દ્રસ્થાને છે. આ અભિયાન અંતર્ગત દેશભરમાં 'હું જેન-ઝેડ છું' તેવા પોસ્ટર્સ પણ લગાડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવત પણ મુંબઈમાં આશરે ૫૦૦૦ વિદ્યાર્થીઓને સંબોધિત કરવાના છે, જે દર્શાવે છે કે સરકાર અને સંગઠન બંને સ્તરે યુવા પેઢી સાથે જોડાવાના વ્યાપક પ્રયાસો થઈ રહ્યા છે.

### તહેલકાના

કે આરોપી પીડિતાના બોસ અને પિતા સમાન હતા, અને તેમણે કોઈ જ પસ્તાવો દર્શાવ્યો નથી. બીજી તરફ, કોર્ટમાં હાજર રહેલા તેજપાલે પોતાને 'રાજકીય પીડિત' ગણાવીને ઓછામાં ઓછી સજાની માંગ કરી હતી અને આ ચુકાદાથી નિરાશા વ્યક્ત કરતા તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની તૈયારી દર્શાવી છે.

### ગૃહમંત્રી

ઉમેર્યું હતું કે ગૃહમાં વિક્ષેપ એ લોકશાહીનો એક અભિન્ન ભાગ છે. વધુમાં ખડગેએ કોંગ્રેસના સાંસદ પવન ખેડાનો બચાવ કરતા કહ્યું કે વિપક્ષ દેશના ૧૪૦ કરોડ લોકોના હિતમાં પ્રશ્નો ઉઠાવી રહ્યો છે, અને સરકાર સંસદમાં જવાબ આપવાથી ભાગી રહી છે. ખડગે અને રિજિજુ વચ્ચેની આ આકરી ચર્ચાને કારણે ગૃહની કાર્યવાહીમાં ભારે અવરોધ ઊભો થયો હતો અને ગૃહને થોડા સમય માટે મુલતવી રાખવાની ફરજ પડી હતી.

### સીજેપી

જંતર-મંતર ખાતે નીટ પેપર લીક અને અન્ય ગેરરીતિઓ સામે સીજેપીની આગેવાની હેઠળ થયેલા ઉગ્ર પ્રદર્શનોને કારણે જ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને અંતે રાજીનામું આપવાની ફરજ પડી હતી. તેમણે આને વિદ્યાર્થી આંદોલનની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવી હતી. ડિપકેએ ઉમેર્યું કે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી લોકોના મનમાં સરકાર દ્વારા ઊભો કરાયેલો ડર હવે સાવ ખતમ થઈ ગયો છે. ભારતની ૬૦ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે, અને આ યુવાનો હવે રસ્તા પર ઉતરીને પોતાના હકો માંગી રહ્યા છે. અંતમાં તેમણે કહ્યું હતું કે સીજેપી ડો. બાબાસાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી અને પંડિત નેહરુની વિચારધારા તેમજ ભારતના બંધારણ મુજબ કામ કરશે.

### ભારતીય

મેળવવાનો અને એચ-૧બી વિઝા મેળવવાની તકો વધારવાનો એક અત્યંત મહત્વપૂર્ણ માર્ગ છે, પરંતુ હવે આ થિંક ટેન્કના વિરોધને કારણે તેના ભવિષ્ય પર મોટું જોખમ ઊભું થયું છે.

પાના ૮ નું શેષ

### સુરતના વીવર

ફેબ્રિકની આયાત કરવાની રહે છે. દેશમાં સુરત સૌથી વધુ ગ્રે કાપડનું ઉત્પાદન કરતું હોવાથી સ્થાનિક ટેક્સટાઇલ ઉદ્યોગ માટે વેપારની અઢળક નવી તકો ખુલી છે. સુરતના ગ્રે કાપડના મેન્યુફેક્ચરર્સ કોઈપણ મધ્યસ્થી વગર સીધા જ શ્રીલંકાના આધુનિક ગારમેન્ટ યુનિટ્સને ફેબ્રિક એક્સપોર્ટ કરી શકશે, જેનાથી સુરતના ટેક્સટાઇલ સેક્ટરને મોટો આર્થિક લાભ થશે.

### નર્મદ યુનિવર્સિટી

પ્રદાન કરે છે, જેનાથી ભરતી પ્રક્રિયા વધુ પારદર્શક બને છે.

આ ટેકનોલોજી શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ક્ષેત્ર, સરકારી ભરતી એજન્સીઓ અને પ્લેસમેન્ટ સેલ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ નવીનતા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, એનઈપી, ૨૦૨૦ને અનુરૂપ છે.

### લંબે હનુમાન

બ્રિજ ચડતી વખતે થ્રી-વ્હીલ ટેમ્પો ચાલકે સ્નેહાની સ્કુટરને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ ટેમ્પો ચાલક સ્થળ પરથી ભાગી ગયો હતો અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સ્નેહાને ગંભીર ઈજાને પગલે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કરી હતી. આ બનાવને પગલે ખટોદરા પોલીસે થ્રી-વ્હીલ ટેમ્પો ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નગરસેવિકા

ઈજામાં હલનચલનને કારણે દુખાવો ન થાય તે હેતુથી પ્લાસ્ટર કરાયું હોવાનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે. મહેન્દ્ર દેસાઈ અને તબીબ વચ્ચે થયેલ વાતચીતનો ઓડિયો સોશિયલ મિડીયામાં ચર્ચાનો વિષય બન્યો છે. શરૂઆતથી જ ભાજપના સ્થાનિક કાર્યકરો દ્વારા મહેન્દ્ર વોરા માટે નેગેટિવ અભિપ્રાયો ઘટના બાદ સાંભળવા મળ્યા હતા. મનપાની ચૂંટણી દરમિયાન પણ પક્ષ વિરોધી ઘણી ફરિયાદો વોરા સામે ધારાસભ્ય કાંતિ બલર અને કુમારા કાનાણીને કાર્યકરો દ્વારા કરવામાં આવી હોવાની ચર્ચા પણ ઉઠી છે.

### ઉકાઈ ડેમની

પાણી છોડવામાં આવી રહ્યું છે અને તેના દ્વારા વીજળીનું ઉત્પાદન પણ કરવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં વરસાદી માહોલ યથાવત્ રહેતા આગામી સમયમાં ડેમમાં પાણીની આવકમાં વધુ વધઘટ થઈ શકે છે. ડેમની સપાટી રૂલ લેવલની નજીક પહોંચતાં તંત્ર દ્વારા પાણીની આવક અને જાવક પર સતત નજર રાખવામાં આવી રહી છે.

આજે રાત્રે ૮ કલાકે વિયર કમ કોઝવેની સપાટી ૭.૦૭ મીટર નોંધાઈ હતી. કોઝવે પરથી અંદાજિત ૬૨,૩૩૧ ક્યુસેક પાણીનો આઉટફ્લો નોંધાયો હતો. ઉકાઈ ડેમ અને કોઝવે બંને સ્થળે પાણીના સ્તર પર તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

DHABKAR DAILY Printed by SURESH MAGANBAHI MANANI, Published by RAJENDRA LALJIBHAI BAMBHAROLIYA on behalf of DHABKAR PUBLICATION and Printed at Taptilok Publications 152-153 Shreeram Estate, Pandesara, Surat (Gujarat) and Published at D-2, Dakoriya Compound, Near Gurudev Petrol pump, Opp. Sandesh, B/h Jash Infinity, Khatodara GIDC, Bamroli Road, Surat-395002. Ph. No. (0261) 2638008. Editor: NARESH J. VARIYA * (* Responsible for selection of news under PRB Act) RNI NO.32066/76

# સુરતના વીવર શ્રીલંકામાં કોઈપણ મધ્યસ્થી વિના સીધા જ કાપડની નિકાસ કરી શકશે

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે શ્રીલંકાની મુલાકાત લીધી : ભારતના રોકાણકારોને સ્પેશિયલ સબસિડી, ટેક્સ બેનિફિટ્સ, સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને ફૂલ-સ્કેલ સ્ટેટ સપોર્ટ આપવા શ્રીલંકા સરકારની ખાતરી

**ધબકાર પ્રતિનિધિ,સુરત,તા.૦૬**

ચેમ્બર ઓફ કોમર્સના એક પ્રતિનિધિ મંડળે ભારતના પાડોશી દેશ શ્રીલંકાની મુલાકાત લીધી હતી આ મુલાકાત દરમિયાન શ્રીલંકાની સરકાર દ્વારા ભારતના રોકાણકારોને વિશેષ સુવિધા આપવાની ખાતરી આપી હતી જેમાં સ્પેશિયલ સબસિડી, ટેક્સ બેનિફિટ્સ, સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને ફૂલ-સ્કેલ સ્ટેટ સપોર્ટ આપવા સહિત સુરતના ગ્રે કાપડના ઉત્પાદકો શ્રીલંકામાં સીધુ જ કોઈપણ મધ્યસ્થી વિના ફેબ્રિક નીકાસ કરે એ વ્યવસ્થા પણ આપવાનું જણાવવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોના વૈશ્વિક વિસ્તાર અને આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાના મિશન સાથે શ્રીલંકાના સત્તાવાર પ્રવાસે ગયેલા ચેમ્બર ઓફ કોમર્સના ૧૩ સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે કોલંબો ખાતે ઈન્ટરનેશનલ ડિપ્લોમેટિક એન્વાયરન્મેન્ટ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ચેમ્બરના પ્રમુખ અશોક જીરાવાલા અને માનદ્ ખજાનચી અતુલ પટેલના નેતૃત્વ હેઠળના આ ડેલિગેશને શ્રીલંકાના બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ (BOI)ના ડાયરેક્ટર જનરલ ડો. સુલક્ષન જયવર્દના તથા મંત્રાલયના ટોચના બ્યુરોક્રેટ્સ અને પોલિસી મેકર્સ સાથે દ્વિપક્ષીય રોકાણ અંગે વ્યૂહાત્મક ચર્ચા કરી હતી. "ભારત અને શ્રીલંકા વચ્ચેના સદીઓ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને હવે અમે 'ક્રોસ-બોર્ડર ઈન્વેસ્ટમેન્ટ', જોઈન્ટ વેન્ચર્સ અને આધુનિક ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા નવી આંતરરાષ્ટ્રીય પરિભાષા આપી રહ્યા છીએ. શ્રીલંકાના ઉભરતા ટેક્સટાઈલ અને ઈન્ડસ્ટ્રિયલ ઝોન્સમાં જ્યારે દક્ષિણ ગુજરાતનો મેન્યુફેક્ચરિંગ પાવર અને વિઝનરી સાહસિકતા જોડાશે, ત્યારે આ પાર્ટનરશિપ વૈશ્વિક બજારમાં એક નવો ઈતિહાસ રચશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો શ્રીલંકાના ઉદ્યોગ જગત સાથે હાથ મિલાવીને વૈશ્વિક નિકાસ પર પ્રભુત્વ મેળવવા પૂર્ણ ક્ષમતા સાથે સજ્જ છે."

ભારત સરકાર અને શ્રીલંકા સરકાર વચ્ચે થયેલા વેપારી કરારની વિગતો આપતા ચેમ્બર પ્રમુખે ઉમેર્યું હતું કે, કરાર મુજબ શ્રીલંકાથી નિકાસ થતા ફેબ્રિક સામે તેમણે ભારતમાંથી આશરે ૯ મિલિયન મેટ્રિક ટન

અનુ. પાના ૭ પર

### શ્રીલંકામાં પ્લાન્ટ કે વેપાર કરવા માગતા દક્ષિણ ગુજરાત રોકાણકારોને બીઓઆઈ દ્વારા સિંગલ વિન્ડો ક્લિયરન્સ

BOIના ડાયરેક્ટર જનરલ ડો. સુલક્ષન જયવર્દનાએ ચેમ્બરના ડેલિગેશનને જીઓ-પોલિટિકલ અને ઈકોનોમિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું હતું કે, "શ્રીલંકામાં સ્થાપિત થઈ રહેલા આધુનિક ટેક્સટાઈલ પાર્ક, IT પાર્ક, જેમ્સ એન્ડ જ્વેલરી ક્લસ્ટર તેમજ એડવાન્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ભારતીય ઉદ્યોગકારો માટે અપરંપાર તકો રહેલી છે. શ્રીલંકા સરકાર દ્વારા સેક્ટર-સ્પેસિફિક સ્પેશિયલ આર્થિક પેકેજ અને વ્યાપક સબસિડી આપવામાં આવી રહી છે. શ્રીલંકામાં પ્લાન્ટ કે બિઝનેસ શરૂ કરવા માંગતા દક્ષિણ ગુજરાતના રોકાણકારોને BOI દ્વારા ફાસ્ટ-ટ્રેક સિંગલ વિન્ડો ક્લિયરન્સ, તમામ કાયદાકીય મંજૂરીઓ અને ગ્રાઉન્ડ લેવલ પર સ્ટેટ સપોર્ટ પૂરો પાડવામાં આવશે."

### કમેલા દરવાજા પાસે ડિસ્કો રોડથી વાહન ચાલકોને ખતરો



સુરત શહેરમાં ભારે વરસાદ બાદ અનેક રસ્તાઓ તૂટી ગયા છે. મનપા દ્વારા રોડના સમારકામના દાવા કરવામાં આવ્યા છે પરંતુ વાહનોથી ધમધમતા રિંગરોડનું સમારકામ હજુ પણ કરવામાં આવ્યું નથી તેના કારણે વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. એમાં પણ રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આજુબાજુ સ્ટેશન તરફ જતો રિંગ રોડ ફ્લાય ઓવર બંધ કરી દેવામાં આવે છે. ટ્રાફિકની પણ સમસ્યા સર્જાય છે. એમાં આ ડિસ્કો રોડ પરથી પસાર થતા વાહન ચાલકોને વધુ હાલાકી વેઠવી પડે છે.( તસવીર : ડિમ્પલ બંગડીવાલા)

# નર્મદ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા વિકસિત 'એઆઈ ઈન્ટરવ્યૂ બૂથ'ની ડિઝાઈન પેટન્ટ પ્રકાશન પામી

ડો. ભાવેશ વણપરિયા, ડો. શ્રીધર નિમાવત અને ડો. જિતેન્દ્રસિંહ પરમાર દ્વારા વિકસિત એઆઈ આધારિત સિસ્ટમ ઉમેદવારોના કૌશલ્યનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરી ભરતી પ્રક્રિયાને પારદર્શક બનાવશે

**ધબકાર પ્રતિનિધિ સુરત, તા.૦૬**

નર્મદ યુનિવર્સિટીના ત્રણ અધ્યાપકો દ્વારા એઆઈ આધારિત ઈન્ટરવ્યૂ માટેની ડિઝાઈન વિકસાવવામાં આવી હતી. આ ડિઝાઈનને પેટન્ટ કરવામાં આવી હતી, જે સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થઈ હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો ડૉ. ભાવેશ વણપરિયા, ડૉ. શ્રીધર નિમાવત અને ડૉ. જિતેન્દ્રસિંહ પરમાર દ્વારા વિકસાવવામાં આવેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત "AI-Based Interview and Skill Assessment Booth" ની ડિઝાઈન પેટન્ટ અરજીનું ભારતીય પેટન્ટ કાર્યાલય દ્વારા સત્તાવાર પ્રકાશન કરવામાં આવ્યું હતું.

આ અદ્યતન સ્માર્ટ સિસ્ટમ ઉમેદવારોની ઈન્ટરવ્યૂ પ્રક્રિયા અને કૌશલ્યનું સ્વચાલિત તથા નિષ્પક્ષ મૂલ્યાંકન કરવા માટે તૈયાર કરવામાં આવી છે. આમાં મશીન લર્નિંગ, એન.એલ.પી., કમ્પ્યુટર વિઝન અને ફેશિયલ એક્પ્રેશન એનાલિસિસ જેવી આધુનિક ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. આ બૂથ ઉમેદવારોના સંવાદ કૌશલ્ય, ટેકનિકલ જ્ઞાન, આત્મવિશ્વાસ અને રોજગારક્ષમતાનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરીને ત્વરિત વિશ્લેષણાત્મક અહેવાલ

અનુ. પાના ૭ પર

# લંબે હનુમાન રોડની કોલેજિયન યુવતીનું ટેમ્પોની અડફેટે મોત



સ્નેહા ધોરી ઇલેક્ટ્રિક સ્કૂટર લઈને કોલેજ જતી હતી : મજુરા ગેટ બ્રિજ પર અકસ્માત નડ્યો

**ધબકાર પ્રતિનિધિ સુરત તા.૦૬**

મજુરા ગેટ નવી સિવિલ હોસ્પિટલ સામે બ્રિજ ચડતી વખતે થ્રી-વ્હીલ ટેમ્પો ચાલકે ઈલેક્ટ્રિક સ્કૂટરને અડફેટે લેતાં વરાછાની ૨૩ વર્ષીય કોલેજિયન વિદ્યાર્થિનીનું કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બેલાગામના વતની અને હાલ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલ નવજીવન સોસાયટીમાં પ્રકાશભાઈ ધોરી બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. અને એમ્બ્રોઈડરીનું કારખાનું ધરાવે છે. પ્રકાશભાઈના સંતાન પૈકી ૨૩ વર્ષીય પુત્રી સ્નેહા વનિતા વિશ્રામ કોલેજના બીજા વર્ષના સાયકોલોજી થેરાપીનો અભ્યાસ કરતી હતી. આજે સવારે સ્નેહા ઈલેક્ટ્રિક સ્કુટર લઈને ઘરેથી કોલેજ જવા નીકળી હતી. દરમિયાન મજુરા ગેટ નવી સિવિલ હોસ્પિટલની સામેનો

અનુ. પાના ૭ પર

# નગરસેવિકા જયશ્રી વોરા અને પતિને થયેલ ઈજા તદ્દન સામાન્ય, કોઈ ફ્રેક્ચર નથી!

કોર્પોરેટર દેસાઇ અને તબીબ વચ્ચે વાતચીતનો ઓડિયો વાયરલ : મહેન્દ્ર દેસાઇએ ખુરશી મારી હોવાની અને હાથ, આંગળીએ ફ્રેક્ચર થયું હોવાનો રીપોર્ટ વોરા દંપતીએ મિડીયામાં લીક કર્યો હતો

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬**

ધારાસભ્ય કાંતિ બલરના કાર્યાલયમાં તેમની હાજરીમાં જ મનપાની ટીપી કમિટીના અધ્યક્ષ મહેન્દ્ર દેસાઇ અને સાથી મહિલા કોર્પોરેટર જયશ્રી વોરાના પતિ મનહર વોરા વચ્ચે થયેલ બોલાચાલીનો મામલો ઝપાઝપી સુધી પહોંચી ગયો હતો. ભાજપ વર્તુળમાં ચર્ચાનો વિષય બનેલા આ પ્રકરણમાં મહેન્દ્ર દેસાઇની મારથી વોરા દંપતીના હાથે અને આંગળીએ ફ્રેકચર થયું હોવાનો રીપોર્ટ પણ સોશિયલ મિડીયામાં ફરતો થયો હતો. દરમિયાન, મહેન્દ્ર દેસાઇ દ્વારા જે તબીબનું સર્ટીફિકેટ સોશિયલ મિડીયામાં ફરતું થયું હતું તે તબીબ સાથે થયેલ ટેલિફોનિક ચર્ચાની ઓડિયો ક્લિપ પણ સોશિયલ મિડીયામાં આજે ફરતી થઇ છે.

તબીબ સાથેની ચર્ચામાં વોરા દંપતી સારવાર માટે આવી હોવાની કબુલાત ડોકટર દ્વારા કરવામાં આવી હતી. પરંતુ, મહિલા કોર્પોરેટરને ફક્ત આંગળીના ભાગે નજીવી ઈજા થઇ હોવાથી દુખાવો ન થાય તે હેતુથી પાટો બાંધવામાં આવ્યો હોવાનું તથા મનહર વોરાના હાથના ભાગે પણ કોઇ ગંભીર ઈજા થઇ ન હોવાની કે કોઈપણ જાતનું ફ્રેકચર થયું ન હોવાની સ્પષ્ટતા પણ ડોકટર દ્વારા કરવામાં આવી છે. ફક્ત હાથે થયેલ સામાન્ય

અનુ. પાના ૭ પર

# ઉકાઈ ડેમની જળ સપાટી રૂલ લેવલથી માત્ર ૦.૩૧ ફૂટ દૂર

**ધબકાર પ્રતિનિધિ,સુરત તા.૦૬**

ઉકાઈ ડેમના ઉપરવાસમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો હોવાથી ડેમમાં પાણીનીઆવકમાં વધારો નોંધાયો છે. આજે તા. ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રાત્રે ૮:૦૦ કલાકે ઉકાઈ ડેમની સપાટી ૩૩૪.૬૯ ફૂટ નોંધાઈ હતી. ડેમનું આજનું રૂલ લેવલ ૩૩૫ ફૂટ છે, જેથી ડેમની સપાટી રૂલ લેવલથી માત્ર ૦.૩૧ ફૂટ એટલે કે આશરે ૫ ઈંચ જેટલી નીચે પહોંચી છે. રાત્રે ૮:૦૦ કલાકે ડેમમાં પાણીની અંદાજિત આવક ૩૭,૬૩૪ ક્યુસેક નોંધાઈ હતી, જ્યારે ડેમમાંથી ૨૩,૨૧૨ ક્યુસેક પાણીનો આઉટફ્લો કરવામાં આવી રહ્યો હતો. રૂલ લેવલ જાળવી રાખવા માટે ડેમના ૩ હાઈડ્રો યુનિટ કાર્યરત કરી

અનુ. પાના ૭ પર

# રાજ્યમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ૯ થી ૧૭ ઓગસ્ટ સુધી દેશભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે

## ૧૦ ઓગસ્ટે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને કોન્સર્ટ: રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ યાત્રાઓ અને ૭૦ લાખ ઘરો પર ગર્વભેર લહેરાશે તિરંગો

**ધબકાર પ્રતિનિધિ, ગાંધીનગર . તા. ૦૬**

ગુજરાતમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાનારા કાર્યક્રમો અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી દ્વારા જણાવાયું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને એકતાના સંદેશ સાથે સમગ્ર દેશમાં આ અભિયાનની ભવ્ય ઉજવણી થઈ રહી છે. દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો અને તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ નાગરિકોમાં દેશભક્તિની ભાવના વધુ મજબૂત કરવાના હેતુથી રાજ્યમાં ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમો યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મંત્રીમંડળના સભ્યોની ઉપસ્થિતિમાં આગામી ૧૦ ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને 'તિરંગા કોન્સર્ટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ૧૧ ઓગસ્ટે અમદાવાદ, ૧૨ ઓગસ્ટે રાજકોટ અને ૧૪ ઓગસ્ટે વડોદરા ખાતે તિરંગા યાત્રા યોજાશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર ગર્વભેર તિરંગો લહેરાવવામાં આવશે. સરહદી ગામડાઓથી લઈને મોટા શહેરો સુધી ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ માટે વિવિધ સંસ્થાઓએ મંજૂરી મેળવી લીધી છે.

આ રાષ્ટ્રીય પર્વમાં રાજ્યની સામાજિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, શાળા-કોલેજો અને ધાર્મિક સંસ્થાઓ પણ ઉત્સાહભેર જોડાઈને આયોજનને વ્યાપક બનાવી રહી છે. વીર શહીદોને નમન કરવા માટે યોજાતી આ યાત્રાઓમાં લાખોની સંખ્યામાં યુવાનો અને નાગરિકો સહભાગી બનશે. વધુમાં, ૧૪ ઓગસ્ટની સવારે તમામ જિલ્લા મથકો પર 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ના ખાસ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

## મનપાની ટીપી કમિટીના ચેરમેન અને વોર્ડની મહિલા કોર્પોરેટર, પતિ સાથે

# ધારાસભ્યની ઓફિસમાં થયેલ મારામારીના પ્રકરણમાં પ્રદેશ મહામંત્રીનું મૌન : મિડીયાથી બચીને ભાગ્યા

વોર્ડ નં.૫ના કાર્યકરો, આગેવાનોને ભાજપ કાર્યાલયે બોલાવાયા : કોરાટે આગેવાનો, કાર્યકરોની રજૂઆત સાંભળી

**ધબકાર પ્રતિનિધિ, સુરત,તા.૦૬**

વોર્ડ નં.૫ના મહિલા કોર્પોરેટરના પતિ અને મનપાની ટીપી કમિટીના અધ્યક્ષ મહેન્દ્ર દેસાઇ વચ્ચે ધારાસભ્યની ઓફિસમાં જ થયેલ મારામારીની ઘટનાથી કેડર બેઝ પાર્ટી ગણાતી ભાજપની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચી છે. જો કે, આ વિવાદ છતાં પ્રદેશ ભાજપ કે શહેર ભાજપ સંગઠન દ્વારા આ અંગે કોઇ પગલાં લેવાયા નથી, જવાબદારો સામે શો-કોઝ નોટિસ પણ ઈશ્યુ થઇ નથી. આજે વિવિધ સંગઠનના કાર્યક્રમો અન્વયે સુરત આવેલા પ્રદેશ ભાજપના મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી પ્રશાંત કોરાટ પણ સવારે ભાજપ કાર્યાલય ખાતે મિડીયાના પ્રશ્નોથી બચતા દેખાયા હતા.

ભાજપ કાર્યાલય ખાતે બેઠક પૂર્ણ થયા બાદ પ્રશાંત કોરાટને મિડીયાકર્મીઓ દ્વારા ધારાસભ્યની ઓફિસમાં મારામારીના કિસ્સામાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા પરંતુ, કોરાટ મિડીયાકર્મીઓને કોઇપણ જવાબ આપ્યા વિના ઈનોવામાં બેસીને રવાના થઇ ગયા હતા. કારમાં બેસતા પૂર્વે કોરાટ 'હું તપાસ કરીને જવાબ આપીશ' તેવું આશ્વાસન આપતા રવાના થયા હતા. જો કે, કોરાટે ત્યારબાદ સાંજે ભાજપ કાર્યાલયે વિવિધ બેઠકો બાદ પણ મિડીયાકર્મીઓ સમક્ષ કોઇ નિવેદન રજૂ કર્યું ન હતું.

# પુણાગામની સગીર પુત્રીને સાવકા બાપે ૮ માસની ગર્ભવતી બનાવી

**ધબકાર પ્રતિનિધિ, સુરત. તા.૦૬**

સૌરાષ્ટ્રનાં અમરેલીનાં યુવકે પ્રથમ પત્નીનાં અવસાન બાદ ૧૦ વર્ષ પૂર્વે મહારાષ્ટ્ર પરિવારની ચાર વર્ષની માસુમ પુત્રીની માતા સાથે બીજા લગ્ન કર્યા હતાં. બાદ ધમકી આપી દુષ્કર્મ કરવામાં આવતાં સાવકી સગીર પુત્રી હાલ ૦૮ માસની ગર્ભવતી બની છે. જે મામલે પુણા પોલીસ દ્વારા બળાત્કારનો ગુનો નોંધી નરાધમ સાવકા બાપની ધરપકડ કરવામાં આવી છે.

પુણા પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ મુળ સૌરાષ્ટ્રનાં અમરેલીનો વતની અને હાલ પુણાગામ ખાતે રહેતાં ૩૮ વર્ષીય મનસુખભાઈ પટેલ (નામ બદલ્યું છે) એ વતનમાં પ્રથમ પત્નીનાં અવસાન બાદ ૧૦ વર્ષ અગાઉ મહારાષ્ટ્ર પરિવારની ચાર વર્ષની માસુમ પુત્રીની માતા સાથે બીજા લગ્ન કર્યા હતાં. સમયાંતરે સાવકી દિકરી મોટી થતાં તેની દાનત બગડી હતી. બાદ એકાદ વર્ષથી તે સાવકી સગીર પુત્રીને ધમકાવી ચુપ કરી દઈ અવાર નવાર શરીર સંબંધ બાંધતો હતો. દરમિયાન સગીર પુત્રીને પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડતાં તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં પુત્રી ૩૨ અઠવાડીયા અને ૦૪ દિવસની ગર્ભવતી હોવાનું નિદાન થયું હતું. જેના પગલે માતા દ્વારા સમજાવટથી પુછવામાં આવતાં સમગ્ર હકીકત સામે આવી હતી. પુત્રી સગીર વયે ગર્ભવતી થઈ હોવાની હોસ્પિટલ દ્વારા જાણકારી આપવામા આવતાં પુણા પોલીસ દ્વારા ગતરોજ સગીરાની માતાની ફરિયાદ લઈ પુત્રીનાં સાવકા પિતા વિરૂદ્ધ બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૨) તથા પોકસો અંતર્ગત ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ મોરી દ્વારા આજ રોજ નરાધમ બાપની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રથમ પત્નીનાં અવસાન બાદ ૧૦ વર્ષ પૂર્વે બીજા લગ્ન કરી સાવકી પુત્રીને ધમકાવી દુષ્કર્મ કરતો હતો : દુઃખાવો ઉપડતાં સમગ્ર હકીકત સામે આવી, નરાધમ સાવકા બાપની ધરપકડ





Molbio is an innovative point-of-care diagnostics company focused on expanding access to accurate, rapid and cost-effective healthcare technologies to diagnose infectious and non-infectious diseases.

The company has strong in-house R&D capabilities with 153 permanent employees, including 136 scientists and a proven track record of developing innovative diagnostic products.

Molbio's flagship innovation, Truenat®, is a novel portable multi-disease diagnostic platform patented in over 100 countries. As of March 31, 2025, it can diagnose 30 diseases.

Truenat® is one of only two rapid molecular tests in the world endorsed by the WHO for the initial diagnosis of tuberculosis (TB) and the detection of rifampicin resistance detection using molecular diagnostic technology. (Source: 1Lattice Report)

Molbio's product portfolio also includes solutions for radiology, digital pathology, and breast health screening through its subsidiaries, Prognosys Medical Systems Private Limited and OptraScan, as well as its collaboration partner, UE Lifesciences.

Molbio's products are offered globally across public health programs, diagnostic laboratories, and both private and public hospitals.

molbio® INNOVATE • IMPACT • INSPIRE

Molbio Diagnostics Limited
molbiodiagnostics.com

**MOLBIO DIAGNOSTICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3, 2026 with RoC and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.molbiodiagnostics.com and the websites of the Kotak Mahindra Capital Company Limited, IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited), Jefferies India Private Limited and Motilal Oswal Investment Advisors Limited at https://investmentbank.kotak.com, www.iiflcapital.com, www.jefferies.com and www.motilaloswal.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"Risk Factors"* beginning on page 28 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on, Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.